પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૬-૫-૨૦૨૫, શુક્રવાર
વર્ષ: ૧૪, અંક : ૫૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જે જીતે છે એ ક્યારેક
હારી પણ શકે છે પરંતુ
જે બીજાને જીતાડે છે એ
ક્યારેય હારતો નથી

**રાજકોટમાં દોઢ ઈંચ વરસાદમાં ઘરોમાં પાણી ઘુસ્યાં**

(વાંચો છેલ્લા પાને)

વિદ્યા ભારતી સંલગ્ન શશીકાંત જી. બદાણી
સરસ્વતી શિશુ મંદિર
પ્રવીણકાકા મણીઆર કેમ્પસ, ૧-મારૂતિનગર, એરપોર્ટ રોડ, રાજકોટ. મો: 89797 97230
૧૦, રણછોડનગર, રાજકોટ. મો: 89797 97250
શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વ શ્રેષ્ઠ પરિણામના લક્ષ્ય સાથે બાળકનું સર્વાંગીણ ઘડતર કરતી સંસ્થા...
A1 ગ્રેડ તેમજ વિષયમાં 100 માંથી 100 ગુણનું ઉંચુ પ્રમાણ
નર્સરી થી ધોરણ ૧૨ સાયન્સ-કોમર્સ
એડમીશન ઓપન
પરિણામ આધારિત સ્કોલરશીપનો લાભ લેવા શાળાની તાત્કાલિક મુલાકાત કરો.
વર્ષોથી... ધોરણ ૧૦-૧૨માં ૧૦૦% પરિણામ આપતી સંસ્થા
૪૧ વર્ષના બહોળા શૈક્ષણિક અનુભવ દ્વારા શ્રેષ્ઠ સંસ્કાર સાથે શિક્ષણ આપતી સંસ્થા

# વાતાવરણના પલ્ટાથી જગતાત ફરી ''લાચાર'': પાકનો સત્યનાશ

## કેસર કેરી સહિતના પાકનું નિકંદન નિકળી ગયું: મે માસમાં માવઠાની મોકાણ યથાવત રહેતા ચોમાસું પણ અવરોધાય તેવી ભીતી

## આજે પણ રાજકોટ, અમરેલી, જૂનાગઢ, સોમનાથ, ભાવનગર અને બોટાદ સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**

મે મહિનામાં સામાન્ય રીતે આકાશમાંથી અગ્નિ વર્ષા થતી હોય છે. પરંતુ ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં અણધાર્યા પલટા જોવા મળી રહ્યા છે.



જેના કારણે જગતાતની હાલત કફોડી બની જવા પામી છે. પાકનો સત્યનાશ વળી ગયો છે. મોસમના બેવડો મિજાજ જોવા મળી રહ્યો છે. રાજકોટમાં ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી એ પહોંચી ગયું હતું. જયારે સાંજે અચાનક વાતાવરણમાં મોટો પલટો આવ્યો હતો અને દોઢ ઈંચ વરસાદ પડયો હતો. વાતાવરણના પરિવર્તનની સૌથી વધુ અરસ ખેતી પર પડી રહી છે. હજી તો કેરીની સીઝન બરાબર શરુ થઈ નથી ત્યાં કેસર કેરીનો સત્યનાશ વળી ગયો છે. માવઠામાં ચાર-ચાર ઈંચ સુધી વરસાદ પડવા લાગ્યો છે. ચોમાસાના વહેલા આગમનની આગાહી વચ્ચે આવો અણધાર્યો પલ્ટો ચોમાસાને અવરોધે તેવી પણ ભારોભાર સંભાવના રહેલી છે.

આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૪ તાલુકાઓમાં વરસાદ પડયો હતો. રાજકોટમાં સૌથી વધુ ૩૯ મીમી વરસાદ પડયો હતો આ ઉપરાંત ડાંગ આહવા, લીમખેડા, લોધિકા, જેતપુર, વિસાવદર, દાહોદ, સીંગવડ, અને વધઈમાં વરસાદ પડયો હતો. વાતાવરણમાં પલ્ટાથી ઉનાળુ પાકને સૌથી વધુ નુકશાની થવા પામી છે.

આજે પણ રાજકોટ, અમરેલી, જુનાગઢ, સોમનાથ, ભાવનગર અને બોટાદમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં હજી ચાર દિવસ માવઠાની આગાહી આપવામાં આવી છે.

વાતાવરણમાં આવતા ઓચિંતા પલ્ટાથી વહીવટી તંત્ર પણ મુસિબતમાં મુકાય ગયું છે. પ્રિ-મોનસુન કામગીરી હજી પુરી પણ થઈ નથી ત્યાં માવઠાની મોકાણ તબાહી મચાવી રહ્યું છે. બપોરે સુધી આકાશમાંથી અગ્ની વર્ષા થાય છે જયારે બપોર બાદ અચાનક આકાશમાંથી જળ વર્ષા થવા માંડે છે.

રાજય સરકાર દ્વારા પણ રાજયના ૩૩ જિલ્લાઓ પૈકી ૨૦ જિલ્લાઓમાં કમોસમી વરસાદથી થયેલી નુકશાનીનો સર્વે કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## નાપાક દાણાપાણી, અમેરિકાના હરામીવેડા??!!!

# પાકિસ્તાનને આઈએમએફની સહાયને લઈ અમેરિકાના મિલિટરીએ ટ્રમ્પના વહીવટને ઝાટક્યું

## પાકિસ્તાન પ્રત્યક્ષરૂપે આતંકવાદનો પોષક છે, તેને હજારો કરોડ રૂપિયાની આર્થિક મદદ આઈએમએફ કેમ આપી રહી છે?: માઈકલ રૂબીન

**અબતક, નવી દિલ્હી**

ભારતે કૂટનીતિક રૂપે પણ પાકિસ્તાનને આખા વિશ્વમાં તેની વાસ્તવિક સ્થિતિને દર્શાવી દીધી.દુર્ભાગ્યે આ જ દોરમાં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ)એ પાકિસ્તાનને ૨.૪ અબજ ડોલરની મદદને મંજૂરી આપી. આઈએમએફ જેવી વૈશ્વિક સંસ્થા દ્વારા તેને બેલઆઉટ સહાયતા આપવી બહુ દુર્ભાગ્યપૂર્ણ કહી શકાય. ત્યારે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર પીઓકેમાં આતંકવાદી છાવણીઓ સામે ભારતની લશ્કરી કાર્યવાહી વચ્ચે પાકિસ્તાનને નાણાકીય સહાય આપવા બદલ અમેરિકન મિલેટ્રી વ્યૂહરચનાકારે ટ્રમ્પની ઝાટકણી કાઢી છે. અમેરિકન લશ્કરી વ્યૂહરચનાકારે પાકિસ્તાનને આઈએમએફ આર્થિક સહાય બંધ ન કરવા બદલ ટ્રમ્પ વહીવટીતંત્રની આકરી ટીકા કરી છે. માઈકલ રુબિને કહ્યું કે આઈએમએફ દ્વારા પાકિસ્તાનને

(અનુ. આઠમા પાને)

### પાક.ના શરીફ રહી રહીને બોલ્યા: શાંતિ માટે બેસવા તૈયાર

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે શાંતિ અંગે મોટું નિવેદન આપ્યું છે. પાકિસ્તાની પીએમએ કહ્યું કે તેઓ ભારત સાથે શાંતિ વાટાઘાટો કરવા તૈયાર છે. શાહબાઝ શરીફનું આ નિવેદન બંને દેશો વચ્ચે લશ્કરી કાર્યવાહી રોકવા માટે ૧૦ મે, ૨૦૨૫ ના રોજ થયેલા યુદ્ધવિરામ કરાર પર આવ્યું છે.વિદેશ મંત્રી એસ જયશંકરે સ્પષ્ટ કર્યું કે જો પાકિસ્તાન તમામ આતંકવાદી માળખા અને તેમની સાથેના સંબંધોને તોડી પાડવા તૈયાર હોય તો જ ભારત પાકિસ્તાન સાથે વાતચીત માટે તૈયાર રહેશે.

### સરહદે તણાવ ઘટાડવા ભારત -પાકિસ્તાને મન બનાવ્યું

ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ વચ્ચે સોમવારે સાંજે વિસ્તૃત ચર્ચા થઈ હતી. બંને દેશ વચ્ચે તણાવ ઘટાડવા અને સૈન્ય કાર્યવાહી અટકાવવા બાબતે સંમતિ બાદ સરહદ અને ફોરવર્ડ એરિયામાંથી સશસ્ત્ર દળો ઘટાડવાની ખાતરી પરસ્પર અપાઈ હતી અને હવે શરહદે તણાવ ઘટાડવા ભારત-પાકિસ્તાને મન બનાવ્યું છે.ભારત અને પાકિસ્તાને ગુરુવારે એલઓસી, અન્ય સરહદ પર સૈન્ય વચ્ચેન. તણાવ સ્તરને ધીમે ધીમે ઘટાડવા માટે નિર્ણય લીધો છે.પાકિસ્તાનના વિદેશ મંત્રી

(અનુ. આઠમા પાને)

### પાકિસ્તાનનો ધ્વજ-વસ્તુ વેચવાને લઈને એમેઝોન-ફ્લિપકાર્ટને નોટિસ

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે સરકારે એક મોટું પગલું ભર્યું છે. કેન્દ્ર સરકારે પાકિસ્તાની ધ્વજના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે.સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ બુધવારે એમેઝોન ઈન્ડિયા, ફ્લિપકાર્ટ, યુબાય ઈન્ડિયા અને ઈટ્સી સહિતના મુખ્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સને પાકિસ્તાની ધ્વજ અને સંબંધિત વસ્તુઓના વેચાણ અંગે નોટિસ ફટકારી છે.કેન્દ્રીય ગ્રાહક બાબતો અને ખાદ્ય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે પ્લેટફોર્મ્સને આવી સૂચિઓ તાત્કાલિક દૂર કરવા અને રાષ્ટ્રીય

(અનુ. આઠમા પાને)

## બહુ થયું... ભારત હરામીવેડા ક્યારેય ચલાવશે નહિ

# ૯ એરપોર્ટ ઉપરથી ગ્રાઉન્ડ ક્લિયરન્સમાં તુર્કીના સ્ટાફને તાત્કાલિક ખદેડાયો

## કેન્દ્ર સરકારે એરપોર્ટ સર્વિસીસ આપતી તુર્કીની સેલેબીની સુરક્ષા મંજૂરી રદ કરી દીધી

**અબતક, નવી દિલ્હી**

ભારત પાકિસ્તાન સાથેના યુદ્ધ બાદ હવે જરા પણ જતું કરવા તૈયાર નથી. પાકિસ્તાનને સાથ આપનાર તુર્કી વિરુદ્ધ રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં કેન્દ્ર સરકારે મોટો નિર્ણય કર્યો છે. તુર્કીની કંપની 'સેલેબી' પર મોટી કાર્યવાહી કરી છે. સેલેબીની સુરક્ષા મંજૂરી રદ કરવામાં આવી છે.

સરકારે ભારતના નવ એરપોર્ટ પર સુરક્ષા કાર્ય સંભાળતી તુર્કીની કંપની સેલેબી સામે કાર્યવાહી કરી છે. કેન્દ્ર સરકારે તુર્કીની કંપની સેલેબી એરપોર્ટ સર્વિસીસ અંગે મોટો નિર્ણય લીધો છે. સરકારે સેલેબી કંપનીનું સુરક્ષા મંજૂરી રદ કરી દીધી છે. આ કંપની મુંબઈ એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ કરે છે. આનો અર્થ એ થયો કે કંપની એરપોર્ટ પર મુસાફરોને મદદ કરવા, સામાનની સંભાળ રાખવા અને વિમાન ચલાવવામાં મદદ કરવા જેવા કાર્યો કરે છે.

મુંબઈ એરપોર્ટ પર સેલેબી કંપની લગભગ ૭૦% ગ્રાઉન્ડ ઓપરેશન્સનું સંચાલન કરે છે. આમાં પેસેન્જર સેવા, લોડ કંટ્રોલ, ફ્લાઈટ ઓપરેશન્સ, કાર્ગો અને પોસ્ટલ સર્વિસ, વેરહાઉસ અને બ્રિજ ઓપરેશન્સ જેવા કાર્યોનો સમાવેશ થાય છે. સરકારી આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'સેલેબી એરપોર્ટ સર્વિસીસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને ૨૧ નવેમ્બર ૨૦૨૨ ના રોજ ડીજી, બીસીએએસ દ્વારા ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સી તરીકે સુરક્ષા મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ હવે ડીજી, બીસીએએસ ને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, સેલેબી એરપોર્ટ સર્વિસીસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનું સુરક્ષા મંજૂરી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે.' દેશની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વાસ્તવમાં, તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગને કાશ્મીર મુદ્દા પર પાકિસ્તાનને ખુલ્લેઆમ ટેકો આપ્યો હતો. આનાથી ભારત અને તુર્કી

(અનુ. આઠમા પાને)

# ચીનમાં ૪.૫ અને અફઘાનમાં ૪ની તિવ્રતાનો ભૂકંપ

## અફઘાનિસ્તાનમાં ૩૦ એપ્રિલથી અત્યાર સુધી ૫ વાર ભૂકંપના આંચકાનો અનુભવ થયો: કોઈ જાનહાની નહિ

**અબતક, નવી દિલ્હી**

ભારતના બે પાડોશી દેશ ચીન અને અફઘાનિસ્તાનમાં ભૂકંપના કારણે ધરા ધ્રુજવાના સમાચાર સામે આવ્યા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે, ચીનમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ માપવામાં આવી છે. હાલ, ભૂકંપના કારણે કોઈ નુકસાનની જાણકારી સામે આવી નથી. અફઘાનિસ્તાનમાં પણ શુક્રવારે રાત્રે ૧ વાગ્યાની આસપાસ ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪ માપવામાં આવી હતી. નેશનલ સેન્ચર ઑફ સેસમોલોજી દ્વારા આ વિશે જાણકારી આપવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે માનહાનિના સમાચાર સામે નથી આવ્યા. એનએસસીના જણાવ્યા અનુસાર, ભૂકંપ અડધી રાત્રે ૧૨:૪૭ આવ્યો હતો. જેનું કેન્દ્ર ૧૨૦ કિલોમીટર ઊંડુ હતું. એનએસસી આ ભૂકંપની જાણકારી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરી હતી. હાલ બંને દેશોમાંથી કોઈ જાનહાનિના સમાચાર સામે નથી આવ્યા. ભારતીય અને યૂરેશિયન પ્લેટોની વચ્ચે સક્રિય ટેક્ટોનિક સીમા પાસે સ્થિત હોવાના કારણે આ વિસ્તારમાં ભૂકંપ આવવો સામાન્ય વાત છે. સ્થાનિક અધિકારી સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. નોંધનીય છે કે, અફઘાનિસ્તાનમાં ૩૦ એપ્રિલથી અત્યાર સુધી ૫ વાર ભૂકંપના આંચકાનો અનુભવ થઈ ચુક્યો છે.

## મન હોય તો માળવે જવાય!!

# સુકી ભઠ્ઠ થયેલી ૮૧ કિમી લાંબી નદીને ૪૭ ગામના લોકોએ ''સ્વયં-ભૂ'' નવસાધ્ય કરી!!

## ઉત્તરપ્રદેશના બુંદેલખંડ વિસ્તારમાં ગ્રામ્ય લોકોએ ૪ વર્ષમાં નદીને નવસાધ્ય કરી ૨૭૮૦ હેક્ટર ખેતીની જમીનને હરિયાળી બનાવી દીધી



**અબતક, રાજકોટ**

મન હોય તો માળવે જવાય! જો એકવાર વ્યક્તિ લક્ષ્ય સુધી પહોંચવાનું ધારી લે તો કોઈ પણ કામ અસંભવ નથી. એમાં પણ સંઘમાં તો શક્તિ રહેલી છે. આવું જ એક ઉદાહરણ ઉત્તર પ્રદેશના બુંદેલખંડ વિસ્તારના ૪૭ ગામના લોકોએ પૂરું પાડ્યું છે. ગામ લોકોએ મળીને સુકી ભઠ્ઠ થઈ ગયેલી ૮૧ કિમી લાંબી નદીને નવસાધ્ય કરી છે. અને સંદેશ આપ્યો છે કે દેશમાં વિકાસ લાવવો એ માત્ર સરકારની નહીં તમામ નાગરિકોની પણ જવાબદારી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા સમય પહેલાં તેમના રેડિયો કાર્યક્રમ ''મન કી બાત''માં આ કામની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે આ લોકોની ઈચ્છાશક્તિનું એક અદ્ભુત ઉદાહરણ છે. હકીકતમાં, આ નદી એક સમયે પૂરી રીતે સુકાઈ ગઈ હતી, જેને જાલૌનના લોકોએ ભેગા મળીને જીવંત કરી દીધી છે, આ માટે ગામના લોકોએ નૂન નદીના ૧૪ કિલોમીટરના ભાગમાં જે પાણી આવવાના રસ્તાઓ હતા તેને ફરીથી વ્યવસ્થિત કર્યા, જેથી નદીમાં ફરીથી પાણી આવી શકે. પહેલાં આ નદી પર દબાણ થઈ ગયું હતું અને વરસાદ પણ ઓછો પડતો હતો, જેના કારણે નદી સુકાઈ ગઈ હતી. આ નદીને ફરીથી જીવંત કરવાનું કામ ૨૦૨૧ માં શરૂ થયું હતું અને હાલમાં જ તે પૂરું થયું છે. આ કામમાં હજારો સ્થાનિક પુરુષો અને સ્ત્રીઓએ પોતાની મરજીથી મદદ કરી હતી. અધિકારીઓનું કહેવું છે કે હવેથી થોડા દિવસોમાં આ નદીમાં પૂરેપૂરું પાણી વહેવા લાગશે. એવું માનવામાં આવે છે કે આ નદી ૧૫,૩૫૦ થી પણ વધારે ખેડૂતોને મદદરૂપ થશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે જાલૌનના અલગ-અલગ ગામોની પંચાયતોના હજારો લોકોએ ભેગા મળીને એક સમિતિ બનાવી અને આ નદીને ફરીથી જીવંત કરવાનું કામ શરૂ કર્યું હતું. આ નૂન નદી જાલૌન જિલ્લાના ૪૭ ગામોમાંથી પસાર થતી હતી અને આગળ જઈને યમુના નદીમાં મળી જતી હતી. એક સમયે આ નદી આ વિસ્તારના ૨,૭૮૦ હેક્ટર જમીનમાં ખેતી માટે અને સૂકા પ્રદેશમાં પાણી શોધતા પ્રાણીઓ માટે પાણીનો મુખ્ય સ્રોત હતી. પરંતુ ધીમે ધીમે વરસાદ ઓછો થવા લાગ્યો અને આડેધડ બાંધકામ થવાને કારણે નદીનો આકાર બદલાઈ ગયો, જેના લીધે ચોમાસામાં જે પાણી ભેગું થતું હતું તે નદીના તળમાં વહી શકતું નહોતું. પરંતુ હવે ખેડૂતોમાં આનંદો છવાય ગયો છે.

જાલૌનના જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ કુમાર પાંડેએ જણાવ્યું કે સ્થાનિક રાજકારણીઓ, સમાજસેવકો અને વેપારીઓએ આ નદીને ફરીથી જીવંત કરવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે જ્યારે આ બધા લોકોએ આડેધડ વિકાસના ખરાબ પરિણામો જોયા, ત્યારે તેઓ બધાએ સાથે મળીને આ કામમાં આવતા અવરોધોને દૂર કરવાનો નિર્ણય લીધો હતો. અને જે અસંભવ કામ લાગતું હતું તેને સંભવ કરી બતાવ્યું છે.

શબ્દો મહાન કે ચિત્રો ?

# ગુફા ચિત્રો પ્રારંભિક માનવ અસ્તિત્વની આપે છે સમજ: આજે ચિત્રકામ દિવસ

## લાગણી સાથે ચિત્રો દોરો, આંખો આત્માની બારી છે: આજે પેન્ટિંગ ચિત્ર કરોડો રૂપિયામાં વેંચાય થાય છે: બાળક સાથે ચિત્રકામ કરવા બેસવાથી તેનામાં આત્મવિશ્વાસ વધે છે: ચિત્ર એ વાતની યાદ અપાવે છે કે, તમારી અંદરની દરેક વસ્તુ મૂલ્યવાન છે: ચિત્ર દોરવામાં સૌથી વધુ આનંદ બાળકોને આવતો હોય છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

વિશ્વના ઘણા દેશોમાં આજે ચિત્રકામ દિવસ કે વર્લ્ડ ડ્રોઈંગ ડે તરીકે ઉજવાઈ રહ્યો છે, ત્યારે નાના બાળકોને આ પ્રવૃત્તિ ખૂબ જ ગમતી હોવાથી તેઓ પેન્સિલ ઉપાડીને કોરા પાના ઉપર અવનવા આકારો સાથે ચિત્રો નિર્માણ કરતા હોય છે. ચિત્ર બનાવવું એટલે મગજ ની દુનિયા બનાવવી, દરેક ચિત્ર લાગણી સાથે દોરાયેલું હોય છે, અને તેની આંખો આત્માની બારી હોય છે.લેખિત ભાષા પહેલા માણસો વાર્તા કહેવા અને જીવનનું દસ્તાવેજીકરણ કરવા માટે ચિત્રનો ઉપયોગ કરતો હતો. ગુફાચિત્રો પ્રારંભિક માનવ અસ્તિત્વની સમજ આપે છે. વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં અનન્ય ચિત્ર શૈલીઓ હોય છે.૨૦૦૮ થી દુનિયાના મોટાભાગના દેશોમાં આ દિવાસ ઉજવાઈ રહ્યો છે. થાઈલેન્ડમાં હાથીઓને પણ બ્રશ પકડાવીને સરળ ચિત્રો બનાવવાની તાલીમ અપાય છે.

જ્યારે તમે તમારા હૃદય અને મનને ખોલવાનું શરૂ કરશો, ત્યારે તમે તમારી સાચી ઊર્જા અને સ્વભાવને બહાર કાઢી શકશો, કલાકારો અપરંપરાગત સામગ્રીનો ઉપયોગ કરીને પણ સર્જનાત્મક ઉજવણી કરતા હોય છે, જેમાં રેતી ચિત્રો, ઝાડની છાલમાં છબી નિર્માણ સાથે વિદેશોમાં રોડની ફૂટપાથ ઉપર છેશાળ કલાકૃતિ બનાવતા જોવા મળે છે.

પ્રાચિન કાળથી માનવી વિવિધ કલા હસ્તગત કરતો આવ્યો છે. આદિકાળના તમામ અવશેષોમાં પથ્થરની દિવાલો પર ફુલ કે પ્રાણીના ચિત્રો વધુજોવા મળે છે. જેમજેમ સમય બદલાતોગયો તેમ શિક્ષણ સાથષ સહઅભ્યાસિક પ્રવૃત્તિ અને ઈતર પ્રવૃત્તિમાં વિવિધ કલાઓમાં ચિત્રકલા પણ સામેલ થઈ. બાળખોએ જે જોયું છે તેદોરવા તેને પ્રેરણા મળે છે.નાના બાળકોનીરંગીન દુનિયામાં વિવિધ કલરોનું વિશેષ મહત્વ છે ૮ વર્ષ સુધીના બાળકોને રંગ, આકારો, રમકડા, વાર્તા, બાલગીતો, સંગીત, રમત ગમત બહુજ ગમે છે, અને આ માધ્યમો થકી જ તેનો વિકાસ ઝડપી થાય છે આજના શિક્ષણમાં કલાશિક્ષણ અગત્યનો પાયો છે. ટીચીંગ લર્નીંગ મટીરીયલ અને એકટીવીટ બેઝ લર્નીંગ જ આનંદમય શિક્ષણનો પાયો હોવાથી ચિત્રકલાજ તેને એકાગ્રતા, કલ્પનાઅને યાદ શકિત જેવા ગુણો વિકસાવે છે. બાળકોમાં રહેલી વિવિધ છુપી કલામાં ચિત્રકલા પણ મોખરે છે. બાળક જોઈને ૮૦ ટકાથી વધુ શીખી જાય છે.નાના બાળકને તમે કોઈપણ ચિત્ર બતાવો તોતે તેના વિશે બે ત્રણ વાકયો બોલવા માડે છે. આજ ચિત્રોની તાકાત છે.ચિત્ર બતાવીને તમે વાર્તા કે પશુ પક્ષી કે પ્રાણી વિશે સમજાવશો તોતે ઝડપથક્ષ યાદ રાખશે અને શીખશે પણ ઝડપથી

બાળકોને પ્રોત્સાહન આપવા તેના ચિત્રોને સરસ ફ્રેમમાં મઢાવીને દિવાન ખંડમાં રાખવા જોઈએ. આજે તો ઘણી કોર્પોરેટ ઓફીસના ગ્લાસ ડોરમાં અને શાળાની દિવાલ કે શાળ નોટીસ બોર્ડમાં બાળકોના ચિત્રો, રંગબેરંગી ચિત્રો શોભા વધારી રહ્યા છે. બાળકોએ દોરેલા ચિત્રો તેના વ્યકિતત્વ સાથે તેની ઈચ્છા પણ દર્શાવે છે. પેઈન્ટીંગ, કલરીંગ,



ડ્રોઈંગ, રંગપૂરણી જેવા ચિત્રો બાળકોને બહુજ ગમતા હોવાથી મા-બાપે અને શાળાએ તેને પ્રોત્સાહન આપવું, સારા ચિત્રો દોરનારના અક્ષરો પણ સારા થવાનું કારણ તેના વણાંક સાથેની સમજ અને ધીરજ, એકયુરસીને લીધે બને છે.બાળકોના ચિત્રો ઉપરથી તેની લાગણી અને તેની સમજ નો ચિતાર જોવા મળે છે. તેજે ચિત્ર દોરે તેમા તેની માનસીકતા અનેકલ્પના શકિત જોવા મળે છે.

બાળકને ટ્રેસ મુકત આનંદ-ઉત્સાહ સાથે રહેવાનું ચિત્ર જ શીખવે છે. આંગળીઓની વિવિધ સ્કિલ ડેવલપમેન્ટ, કલરની પસંદગીને ચિત્ર બહાર કલર ન નીકળી જાય તેની તકેદારી જેવા વિવિધ ગુણ સાથે એકાગ્રતા અને દ્રષ્ટિ કેળવાય છે. બાળકોના ચિત્રો ભાઈ બંધ છે, તે તેને ઘણુ શિખવે છે. ઘરની આસપાસનાં વાતાવરણમાં જોતા આંગણાના પશુ પંખી તે ઝડપથી દોરતા શીખી જાય છે. આજે તો વોટર કલર, મીણીયાકલર, સ્કેચ પેન જાડી-પાતળીને વિવિધ આકાર કટવાળી આવે છે. જેના થકી શ્રેષ્ઠ આકારો આપીને ચિત્રો દોરવા ખુબજ આનંદ બાળકને મળે છે. નવરાશની પળોમાં વિવિધ કલા પૈકી ચિત્રકલાના વિકાસ માટે બાળકોને પ્રેરણા આપવી જરૂરી છે. તેની કલાને વેગ આપવા જરૂરી તમામ સહાય તેને આગળ વધવા મદદ કરે છે.

પોતાના સંતાનોને રૂચિ શેમા છે તે મા-બાપે પ્રથમ જાણવું જરૂરી છે. કલા એક મૌનની ભાષા છે. તમે નાના બાળકને જયારે કલર આપો ત્યાર તે આડા અવળા લીટા કરે છે, અને જયારે તે પેપર પર વર્ક કરે છે. ત્યારે તેના મગજમાં રહેલા વિચારોને પ્રગટ કરે [illegible] કલર કરવાનું ક્હોતો તેલાલ કલરજ ઉપાડે તો મરચામાં લીલો અને લીંબુમાં પીળો કલર જ કરશે કારણ કે તે તેને જોયું હોવાથી ઝડપથી યાદ આવી જાય છે. બાળકોને કલર સાથે વસ્તુ ઓળખનું પાયાનું જ્ઞાન અપાય છે. ધો.૪ થી બાળક ૧૦ વર્ષનો થતા તેના સમજશકિત ખીલતા તેની ચિત્રકલામાં રૂચી વધે છે. વિદ્યાર્થીના જીવનમાં કલાનું મહત્વ શિક્ષણ સાથે જોડાયેલું છે. વિવિધ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવડાવી વિષય આધારીત કે ગમતાં ચિત્રો દોરવાથી તેને પ્રોત્સાહન મળે છે. જેમજેમ તેને કલાનો અનુભવ મળે છે.તેમ તેને કલરનું યોગ્ય માર્ગદર્શન પણ મળે છે. ખાસ તો નેશનલ કે ઈન્ટરનેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લે ત્યારે તેની એકાગ્રતા વધી જાય છે. રાજય પરીક્ષા બોર્ડ તરફથી પ્રાથમિક અને માધ્યમિક કક્ષાની ચિત્ર પરીક્ષા યોજાય છે. આજે તોદરેક શાળામાં ચિત્ર શિક્ષક પણ હોય છે. નવી શિક્ષણ નીતિમા તો ચિત્ર વિષય તરીકે જ દાખલ થઈ રહ્યો છે. શાળાએ પણ બાળકોનાં ચિત્રોનાં પ્રદર્શન યોજવા જોઈએ. જેમ બાળક ઉચ્ચ શિક્ષણ તરફ આગળ જાય તેમ તેના બાળપણના ચિત્રો જ તેને પ્રેરણા આપે છે.

ફેશન ડિઝાઈન, આર્ટટીચર ડિપ્લોમાં ફાઈન આર્ટ, ઈન્ટિરીયલ ડેકોરેશન વગેરેમાં બાળપણનો ચિત્રોનો શોખ ઘણો જ ઉપયોગી થતા સફળતા ઝડપથી મળે છે. આજે વેકેશનમાં વિવિધ સમર ટ્રેનિંગ કલાસીઝમા ડ્રોઈંગ, પેઈન્ટીંગ, આર્ટ અને ક્રાફટ વિગેરે હોબીમાં બાળકો ઉત્સાહભેર ભાગ લઈ ને નવું નવું શીખવા જાય છે. એને કારણે તેનામાં ઘણા ગુણો વિકસે છે. અને જીવન કૌશલ્યો ખીલે છે. નવી શિક્ષણ પધ્ધતિ મુજબ બૌધ્ધિક વિકાસ અને પ્રવૃત્તિમય શિક્ષણમાં કલા યોગ્ય માર્ગદર્શન સાથે સ્કિલ ડેવલપમેન્ટ કરે છે. આજે તો બાળકોને ચિત્રો દોરવા, જોવા અને શિખવવા ઘણી આધુનિક પધ્ધતીઓ અમલમાં છે તેનો ઉપયોગ કરવો જરૂરી છે. આજનું બાળક ટેકનોલોજી યુગમા ભણે છે તેથી આ ટેકનીકનો ઉપયોગ કરવો જરૂરી છે. નાના બાળકોનાં ચિત્રો મા-બાપ કે પરિવાર માટે કિંમત હોય છે. બાળકોના બેડરૂમમાં આજે તો ઘણા ચિત્રો અને રેખાકનો સાથે કાર્ટુન તથા ટીવી કાર્ટુનના વિવિધ કેરેકટર જોવા મળે છે.

### મગજમાં પડેલી છાપ બાળકના ચિત્રો દ્વારા વિવિધ આકારમાં પ્રગટ થાય છે

નાના બાળકોની અભિવ્યકિત અને કલ્પના શકિત શીખવવા ચિત્ર પધ્ધતિ સૌથી શ્રેષ્ઠ છે. બાળ મનોવિજ્ઞાન પણ કહે છે કે બાળક જોઈને સૌથી વધુ શીખે છે. બાળક ચિત્ર જોઈને તેની નિરીક્ષણ શકિત પાવર ફુલ બનાવે છે. ચિત્ર દ્વારા જ રસમય શિક્ષણનો અનુબંદ બાંધી શકાય છે. આજના યુગમાં ઈન્ટરનેટ પર ઘણી ચિત્રોની એપ્લીકેશન ઉપલબ્ધ છે. તેમાંથી ચિત્રો ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી બાળકને દોરવા કે રંગો પૂરવા આપી શકાય છે. પેઈન્ટીંગ વર્ણન ટકેનીક બાળખોને ચિત્રમાંથી વાર્તા અને પ્લોટ ચિત્રોની શ્રેણી શીખવે છે. નોલેજ બેઝ કાર્યમાં ચિત્રો સૌથી અગત્યના છે. ઘોડીયામાંથી જ વિવિધ નવરંગી રમકડા જોતો આવતો બાળક સમજણો થતાં તે તેવા ચિત્રો દોરવા રસ દાખવે છે. દરેક બાળક એની ક્ષમતા મુજબ તે કલામાં રસ લેતો હોય છે. બાળકને નેચર ડ્રોઈંગ સાથે પ્રાણીઓના ચિત્રો દોરવા વધુ ગમે છે. મગજમાં પડેલી છાપ બાળકનાં ચિત્રો દ્વારા વિવિધ આકારોના મદદથી પ્રગટ થાય છે.

**લેખિત ભાષા પહેલા, માનવી વાર્તા કહેવા અને જીવનનું દસ્તાવેજી કરણ કરવા માટે ચિત્રોનો ઉપયોગ કરતો હતો : વિચારોનું સ્કેચિંગ લોકોને સર્જનાત્મક રીતે વિચારવામાં અને સમસ્યા ઉકેલવામાં મદદ કરે છે : ભારતમાં ૨૦૧૬ માં કલાકારના એક જૂથે ૧૦ કિલોમીટર લાંબી રેખા ચિત્ર બનાવીને વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો**

### ૨૩૭ વર્ષ પ્રાચીન જિનાલયની સાલગીરી નિમિતે

# ગોંડલ શ્વેતાંબર મૂર્તિપુજક જૈન તપગચ્છ મહોત્સવ પંચાન્હિકા જિન ભકિત તેમજ ધ્વજારોહણ મહોત્સવ

## પાંચ દિવસીય વિવિધ કાર્યક્રમ સરવાણી

**અબતક, રાજકોટ**

ગોંડલના ૨૩૭ વર્ષ પ્રાચીન જિનાલયની સાલગીરી નિમિતે પંચાન્હિકા જિન ભકિત તેમજ દવજારોહણ મહોત્સવનું ચાર દિવસીય કાર્યક્રમનું ૧૫મી મે થી ૧૯મી મે સુધી વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રથમ દિવસે એટલે ગઈકાલે પંચ કલ્યાણક પુજાનો કાર્યક્રમ યોજાયો હતો. દ્વિતીય દિવસે એટલે આજે આદિજિયની ૯૯ પ્રકારી પૂજા, ત્રીજા દિવસે ૧૭ મે ના રોજ અઢાર અભિષેક વિધિકાર પ્રકાશભાઈ રાજકોટથી પધારશે.

ચતુર્થ દિવસ ૧૮મી મે રવિવારે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તેમજ તપગચ્છ સંઘના સભ્ય પરિવારોનું સ્વામી વાત્સલ્ય તેમજ કુમારપાળ અને વર્ષીતપ તપશ્ચર્યાની સાંજી અને જિનાલય દવજારોહણ દિવસ તેમજ ૧૯મી મે ના સતર ભેદી પૂજા તેમજ આગામી વર્ષમાં દવજારોહણના આદેશની ઉછામણી તેમજ રશ્મિબેનની તપશ્ચર્યા પારણા અને શ્રી તપગચ્છ સંઘના સભ્ય પરિવારો માટે સ્વામી વાત્સલ્યનું બેનાણી વાડી વચલી શેરી ગોંડલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.જિનાલય સાલગીરી દવજારોહણ પ્રસંગે પંચાન્હિકા જિન ભકિત મહોત્સવ પુણ્યોદ્ય સાગરસુરીશ્વરજી મ.સા. પાવન મિશ્રામાં સાગર સમુદાયના સાધ્વી પિયુષ પૂર્ણા શ્રીજી મ.સા. તથા શાસન રત્નાશ્રીજી મ.સા.ની પ્રેરક ઉપસ્થિતિ તેમજ ગોંડલ સંપ્રદાય શાસન ચંદ્રિકા હિરાબાઈ મ.સ. ના શિષ્યા જયોતિબાઈ સ્વામી તથા સ્મિતાબેન સ્વામી સહિતના ઉપસ્થિત રહેશે.

# ગાંધીધામ: મામૈદેવ બગથળા યાત્રાધામમાં ખડીયાયાત્રાનો પ્રારંભ

## ગોરગંગાના નોણું ગવાશે, ગિલી પોતથી સેવાપૂજા તેમજ મૈશરપુજા કરવામાં આવશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

મામૈદેવ બગથળા યાત્રાધામ અંજાર મધ્યે ખડીયા યાત્રાની ઉજવણી ધાર્મિક પરંપરા મુજબ કરવામાં આવશે.

વર્ષોની પરંપરા મુજબ હાલે ખડિયા યાત્રાના સરતધારી સંઘમુખી ભાણજીડાડા મતિયા, પૂંજાડાડા ભાગવત, નાગશીડાડા મેગાણદ, રામજીડાડા નાગશીપોત્રા સંઘ યાત્રીસંઘનું આગમન અંજાર મધ્યે મામૈદેવ બગથળા યાત્રાધામ મધ્યે થશે, રાતે ખડિયા જાત્રા સંઘ તેમજ પધારેલ મહેમાનો નો જમણવાર અંજારના રણમલભાઈ પારિયા પરીવાર તરફથી રાખ્યો હતો. આજે ખડિયા યાત્રા સવારે ખડિયા છૂટશે, ચોશણ છૂટશે, ગોરગંગાનો નોણુ



ગવાશે ત્યાર પછી સ્નાન કરીને ગિલી પોતથી સેવાપૂજા આરાધ થશે ત્યાર પછી સરતધારી ઓનો મૈઈશર પુજા (ફૂલચડાવવા) કરવામાં આવશે.

ત્યાર પછી એજ પહેરેલા વસ્ત્રે ખડિયા સત્તર કાંધે કરી ઓમારા ગ્યાન સાથે મંદિરમા પ્રવેશ કરી લોઢો (આસન) થશે અને કંગણ ભરી સરત ની ઉજવણી પ્રસાદ વહેંચાવા આવશે. ત્યાર પછી નખકેશ (મુંડન) કરવામાં આવશે અને તલબારઈ કરવામાં આવશે જેમાં સંઘમુખી મૈઈશર થાશે ભાગવંત ડાબા હાથે ગુરી આપશે સત્તકુવર મેઘા લેખો આપશે. ગાયોને ચારો અને પક્ષીઓને ચણ અપાશે, બપોરના પારંપારીક ખીચડી ખાંડ ઘી નું સમુહ ભોજન સરતધારી તરફથી આપવામાં આવશે અને ત્યાર પછી લુણી ગણેશ દેવ ના દર્શન કરી યાત્રા પુર્ણ થયાની દાદાના ઉપકાર અર્ધાશ કરી સર્વે સરતધારી પોતપોતાના ઘરે ધર્મપંથ કરીને યથા દાન પુન કરી ને ખડિયાયાત્રા સંપન્ન થશે. અંજાર મધ્યે યાત્રાધામના પુજારી ખીમજીદાદા માતંગ, શંભુભાઈ મારાજ અને સમાજના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ, ડાહ્યાલાલ બડગા, ખમુભાઈ માતંગ, હીરજીભાઈ નોરિયા, લાલજીભાઈ બડગા, મંગલજીભાઈ ઢેરા, ગોપાલભાઈ કોચરા અને સ્વયંસેવકો વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

# આવતીકાલનું રાશિફળ

## તા.૧૭.૫.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ પાંચમ, પ્રુવષાઢા નક્ષત્ર, સાધ્ય યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ (મ,ટ) :** નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા (પ,ઠ,ણ) :** કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા (ર,ત) :** લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારોથી લાભ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.

**મકર (ખ,જ) :** વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.

**કુંભ (ગ,સ,શ) :** વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

# લોધિકામાં આધારકાર્ડની કામગીરી માટે લોકોને ધરમના ધક્કા

## શિવસેના દ્વારા આધારકાર્ડની કામગીરી શરૂ કરવા રજુઆત

**અબતક, લોધિકા**

લોધીકા ગામે લોકોને આધાર કાર્ડ માટેની સુવિધા વ્યવસ્થિત મળી રહે તે હેતુ થી મામલતદાર કચેરી તાલુકા પંચાયત આઈ સી ડી એસ કચેરી તથા પોસ્ટ ઓફિસ ખાતે આધાર કાર્ડ સેન્ટર ખોલવામાં આવેલ પરંતુ છેલ્લા ઘણા સમયથી આ ત્રણેય સેન્ટર ખાતે આધાર કાર્ડ કામગીરી બંધ થઈ ગયેલ હોય અરજદારોને પરેશાની ભોગવવાનો વારો આવેલ છે. લોધીકા તાલુકા શિવસેનાના પ્રમુખ ગૌરવ હંસોરા ઉપપ્રમુખ અશોકભાઈ વસોયા એ કરેલ રજૂઆત મુજબ લોધીકા તાલુકા મથકના ગામમાં આધારકાર્ડની કામગીરી વ્યવસ્થિત રીતે થાય લોકોને આધાર કાર્ડ ની કામગીરી માટે પુરતી સેવા મળી રહે તે માટે લોધીકા મામલતદાર કચેરી તાલુકા પંચાયત આઈસીડીએસ કચેરી તથા પોસ્ટ ઓફિસ ખાતે આધાર કાર્ડ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે પરંતુ છેલ્લા ઘણા સમયથી આ ત્રણેય સેન્ટરમાં કામગીરી બંધ થતા નવા આધાર કાર્ડ કઢાવવા કે પછી રીન્યુ કરાવવાના સુધારા વધારા કરાવવાના કામ ઠપ્પ થઈ જતા દૂર દૂરના ગામડાઓ થી આવતા અરજદારોને ધરમના ધક્કા થઈ રહ્યા છે દૂર દૂરથી આવતા લોકોને ધરમના ધક્કા થાય છે હાલ ઓપરેટરના અભાવે કામગીરી ઠપ્પ થઈ ગયેલ હોવાનું જણાવવામાં આવે છે ત્યારે આધાર કાર્ડની કામગીરી અર્થ આવતા અરજદારોને રાહત થાય તે માટે તુરંત યોગ્ય કરવા લોધીકા તાલુકા શિવસેના અને લોકોની માંગણી અને રજૂઆત થયેલ છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૫-૨૦૨૫ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ધાન શાક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગ કોર્સ ભવિષ્યને ઉજ્જવળ બનાવશે)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૫-૨૦૨૫ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર(શ્રી.કષ્ટભંજન દેવ) લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટિવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૭-૫-૨૦૨૫ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** વૈશાખ વદ પાંચમ
**નક્ષત્ર** પૂર્વાષાઢા
**યોગ** સાધ્ય **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૬.૦૮ **સુર્યાસ્ત:** ૭.૨૦
**ચંદ્ર રાશી** ધન શનીવારે રાત્રે ૧૨.૦૩થી મકર
**રાશિ અક્ષર** ભ.ફ.ધ/ખ.જ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | | | ૧ | | ૪ |
| | | | | | ૬ | | | ૩ |
| | | | ૪ | | ૭ | | ૬ | |
| | ૭ | | | ૯ | | | ૪ | ૧ |
| | | ૬ | | ૧ | | ૩ | | ૭ |
| ૯ | | ૩ | | ૭ | ૪ | | | |
| ૨ | | | | | | | | |
| | | | ૯ | | ૫ | ૬ | | |
| | ૯ | | | ૬ | | | | ૨ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૬ | ૫ | ૨ | ૪ | ૭ | ૩ | ૯ |
| ૨ | ૪ | ૭ | ૩ | ૧ | ૯ | ૫ | ૮ | ૬ |
| ૫ | ૯ | ૩ | ૭ | ૮ | ૬ | ૪ | ૧ | ૨ |
| ૭ | ૬ | ૨ | ૯ | ૩ | ૮ | ૧ | ૫ | ૪ |
| ૪ | ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૩ | ૨ | ૮ |
| ૧ | ૩ | ૮ | ૪ | ૫ | ૨ | ૯ | ૬ | ૭ |
| ૬ | ૭ | ૧ | ૮ | ૪ | ૩ | ૨ | ૯ | ૫ |
| ૯ | ૨ | ૫ | ૬ | ૭ | ૧ | ૮ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૨ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ |

# શ્રીચક્રમાં બહારથી અંદર તરફ આવતા જીવનના રહસ્ય પડળ ખુલતા જાય છે!!!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અત્રે અગાઉ લખ્યા મુજબ ભારત આતંકવાદ અને નક્ષલવાદ વિરુદ્ધ કડક અને અંતિમ પગલાં લઈ રહ્યું છે તો પાકિસ્તાન તેના આંતર્યુદ્ધ માં ફસાયું છે અને તેને જુટ્ઠાણાઓ બહાર આવી રહ્યા છે જે યુદ્ધ પહેલા જ હું સાયબર એટેક અને જૂઠ ફેલાવાની તેની રણનીતિ વિષે લખી ચુક્યો છું વળી વિશ્વમાં ઘણા નવા આયામ સામે આવી રહ્યા છે ઈઝરાયેલ પણ આરપારની લડાઈ કરવાના પક્ષમાં આવી રહ્યું છે અને અમેરિકાની દોગલી નીતિ પણ સામે આવી રહી છે.હાલ આપણે દિવ્ય ઋષિ જ્ઞાન અને રહસ્યથી ભરપૂર શ્રી વિદ્યા સાધનાની વાત કરી રહ્યા છીએ જેમાં કોસ્મોસના કોડ સમું શ્રી ચક્ર અને શ્રી યંત્ર ખુબ જ મહત્વ ધરાવે છે. બ્રહ્માંડ સાથે વાત કરવા માટે અને ધાર્યા પરિણામ મેળવવા માટે શ્રીચક્ર ધ્યાન અને ત્રાટક મંત્ર સાથે કરવાથી વિશેષ લાભ થાય છે પરંતુ આ પહેલા આ રહસ્યમય શ્રી ચક્રને પૂર્ણ રીતે સમજવું જરૂરી છે. શ્રી ચક્ર કુલ નવ આવરણ ધરાવે છે, જે આધ્યાત્મિક ઉન્નતિના વિવિધ સ્તરોનું પ્રતિનિધિત્વ કરે છે. દરેક આવરણમાં અલગ અલગ દેવીઓ, શક્તિઓ અને તત્ત્વોનો નિવાસ છે. બહારથી અંદર તરફ જવામાં સૌ પ્રથમ ભૂપુર એટલે કે ભૂચક્ર આવે છે જે સૌથી બહારનું આવરણ છે, તે ત્રણ રેખાઓથી બનેલું છે, જેને "ત્રિલોક્યમોહન ચક્ર" પણ કહે છે જે બ્રહ્માંડમાં પૃથ્વીલોક બતાવે છે અને જયારે આપણે પૃથ્વીલોકની સીમા માં છીએ ત્યારે તેમાં પ્રવેશ કરતા ત્રણ વર્તુળ જોવા મળે છે જે બીજું આવરણ છે અને તે સમય દર્શાવે છે. પહેલું આવરણ સ્પેસ બતાવે છે જયારે ત્રણ વર્તુળ સમય બતાવે છે સમય આદિ અનાદિ છે માટે તેને વર્તુળથી દર્શાવવામાં આવે છે અને તેના દ્વારા ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ દર્શાવવામાં આવે છે. સાધક બહારથી અંદર તરફ આવતો જાય તેમ તેમ તેની સામે જીવનના રહસ્યો ખુલતા જાય છે.

# જેતપુરમાં કાલે સેવાસેતુ કેમ્પઃ ૪૮૦ દિવ્યાંગોને સાધન સહાય અપાશે

## ધોરાજી, ઉપલેટા અને જેતપુરના ૪૮૦ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને ૬૧.૬૩ લાખના વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવશેઃ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લેવા મેવાસા, કેરાલી, લુણાગરા, માંડલીકપુર, પાંચપીપળા અને સરધારપૂર સહિતના ૧૩ ગામવાસીઓને અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારની વિવિધ સેવાઓ યોજનાઓનો લાભ પ્રજાજનોને તેઓના રહેઠાણના નજીક સ્થળ પર તે જ દિવસે પ્રાપ્ત કરી શકે તેવા ઉમદા હેતુથી રાજકોટમાં જિલ્લાના જેતપુર તાલુકામાં મેવાસા ગામે ૧૭ મેના રોજ સવારે ૯ વાગ્યે રામ બાપાની જગ્યાની વાડીમાં સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવા સેતુ કાર્યક્રમમાં આગવના જે લાભાર્થીઓ છે તેમને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાના હસ્તે સાધનોનું વિતરણ કરવામાં આવશે. જેતપુર તાલુકાના ૧૩ જેટલા ગામો જેમાં મેવાસા કેરાલી, લુણાગરા, માંડલીકપુર, પાંચપીપળા અને સરધારપૂર સહિતના ગામો આ કેમ્પનો લાભ લઈ શકશે. મેડિકલ કેમ્પમાં ધોરાજી, ઉપલેટા,જેતપુરના દિવ્યાંગ લાભાર્થીઓને સાધન વિતરણ કરવામાં આવશે. ૪૮૦ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને ૬૧.૬૩ લાખના સાધનોનું વિતરણ કરવામાં આવશે. વયશ્રી યોજના હેઠળ ૫૩ લાભાર્થીઓને ૨.૯૫ લાખની સાધનની સહાય આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત યોજનારા મેડિકલ કેમ્પમાં ગાયનેક, ઓર્થોપેડીકે, બાળ રોગ, સ્ત્રી રોગ અને આંખ-કાન-નાકના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા સારવાર આપવામાં આવશે. જેતપુર તાલુકા ૧૩ ગામડાઓ મેડિકલ કેમ્પ લાભ લેશે. મેડિકલ કેમ્પમાં સરકારની તમામ યોજનાના ફોર્મ વિતરણ કરવામાં આવશે. મેડિકલ કેમ્પની સેવાઓ જેમાં આધાર કાર્ડ સંલગ્ન મોબાઈલ નંબર પરિવર્તન,રાશન કાર્ડમાં નામ દાખલ કરવું,રાશન કાર્ડમાં નામ કમી કરવું. રાશન કાર્ડમાં નામમાં સુધારો કરવો, જાતિ પ્રમાણપત્ર,કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના,ફી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન,દિવ્યાંગતા પ્રમાણપત્ર,કસ્તુરબા પોષણ સહાય યોજના,પી.એમ.જે.મા (અરજી), હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી. ની ચકાસણી),ઘરેલું નવા વીજ જોડાણ (અરજી),પશુઓની ગાયનેકોલોજીકલ સારવાર,રસીકરણ,કૃત્રિમ બીજદાન,કિશાન ક્રેડીટ કાર્ડ- નવું કાર્ડ તથા ક્રેડીટ મર્યાદામાં વધારો,આધાર કાર્ડનું બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ,મોબાઈલ નંબર સાથે બેન્ક એકાઉન્ટનું જોડાણ,નવું બેન્ક એકાઉન્ટ ખોલાવવું,જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું,પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના,પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના,સુકન્યા સમૃદ્ધિ યોજના,અટલ પેન્શન યોજના, ભીમ એપ,કેસલેસ લીટરેસી (ડીઝીટલ ટ્રાન્ઝેકશન લીટરેસી) સહિતની સેવાઓ સેવાસેતુકાર્યક્રમ એક સ્થળ પરથી મેળવી શકાશે.






શ્રી યુ.એલ.ડી. કન્યા વિદ્યાલય
શ્રી યુ.એલ.ડી. મહિલા કોલેજ

ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળહળે તેવા સુંદર સંકુલનું ભવ્ય આયોજન

ધો. 10 & ધો. 12 B.Com Sem - 3
શાળા/કોલેજનું ગૌરવવંતુ... 100% પરિણામ
શ્રી લેઉવા પટેલ સમાજ અને ગોંડલનું ગૌરવ

ધોરણ - 10: 1st ખુંટ પર્લી - 99.93PR; 2nd ટાઢાણી ધ્રુવિ-99.60PR; 3rd ભાષાણી વિશ્વા-99.48PR
ધોરણ - 12: 1st વાગડીયા જાનકી-99.78PR; 2nd ચોવટીયા એંજલ-99.66PR; 3rd ટાઢાણી દ્રષ્ટિ-99.04PR
B.Com Sem - 3: 1st ખોખરીયા મસ્તી - 87.27%; 2nd રાદડીયા શ્રુતિ - 85.45%; 3rd ગાજીપરા ક્રિયા - 84.73%

સ્પોર્ટસ એજયુકેશન આર્ટ નો ત્રિવેણી સંગમ આપતી ગોંડલની સુપ્રસિધ્ધ શૈક્ષણિક સંસ્થા એટલે શ્રીમતી યુ.એલ.ડી. શૈક્ષણિક સંકુલ

શ્રી લેઉવા પટેલ કન્યા કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જે. એમ. કાછડીયા લેઉવા પટેલ કન્યા છાત્રાલય તેમજ શ્રીમતી યુ.એલ.ડી. કન્યા વિદ્યાલય અને શ્રીમતી યુ.એલ.ડી મહિલા કોલેજ શિક્ષણના પ્રવાહની સાથે સાથે 21 મી સદીને અનુરૂપ સર્જનશક્તિ સુષુપ્તશક્તિ, વ્યક્તિત્વ વિકાસ અને પ્રગતિશીલ અભિગમ સાથે કન્યાઓને વૈશ્વિક ફલક પર પ્રસ્થાપિત કરવા સંપુર્ણ સલામતી સાથે નવી પેઢીનું નિર્માણ કરવા કટીબધ્ધ છે.આંતરરાષ્ટ્રીય કક્ષાનું પુસ્તકાલય અને રમતગમતનું મેદાનએ સંકુલનું આગવું સોપાન છે.આગામી સમયમાં શાળા-કોલેજ માટે અત્યાધુનિક "વિદ્યા શક્તિ ભવન'નું નિર્માણ થઈ રહ્યું છે. ગ્રામ્ય કક્ષાની દિકરીઓને સામાન્ય સમજથી સર્વાંગી વિકાસ સુધીની યાત્રા એ સંસ્થાના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ ધડુક સંપૂર્ણ રીતે કટીબધ્ધ છે.કન્યાઓને તમામ ક્ષેત્રમાં જવલંત સફળતાને સંસ્થાના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ ધડુક ઉપપ્રમુખ શ્રી કચરાભાઈ વૈષ્ણવ, ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ વેકરીયા, કિશોરભાઈ ભાલાળા સંસ્થાના આચાર્યશ્રી એન.ડી.દેસાઈ, વિપુલસર વ્યવસ્થાપક શ્રી મુકેશભાઈ માવાણી તેમજ શાળા કોલેજના તમામ શિક્ષકો અને કર્મચારીઓ અભિનંદન પાઠવે છે.

ગુંદાળા ચોકડી પાસે, નેશનલ હાઈવે, ફોન : ૦૨૮૨૫ - ૨૯૪૪૪૦, મો. ૯૯૭૯૪ ૪૩૧૦૯


### રાજ્યના અધિકારી, કર્મચારી- પેન્શનર્સ માટે

# ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજનાને આવકારતા ધારાસભ્ય ડો.મહેન્દ્ર પાડલિયા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્યના કર્મયોગીઓ માટે આરોગ્યલક્ષી મહત્વની પહેલથી કુટુંબદીઠ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર મળશે

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાને ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલિયા દ્વારા આવકારવામાં આવી છે.



રાજ્યમાં હાલ અમલી પીએમજેવાય -મા યોજના અંતર્ગત મળતા લાભની જેમ જ આ યોજના હેઠળ તમામ કર્મયોગીઓને સમાવી લઈ લાભ આપવામા આવશે. રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને જી સીરીઝનું એબી-પીએમજેવાય-માં કાર્ડ આપવામાં આવશે. કાર્ડ અંગેની કાર્યવાહી પીએમજેવાય નોડલ એજન્સી જીઈઅકરશે. જેના અંતર્ગત સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને પીએમજેવાય એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે નિયત કરેલ પ્રોસીજરની સારવાર માટે પરિવાર દીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે. રૂ.૧૦ લાખ ઉપરાંતના ખર્ચ માટે અને સારવારની પ્રોસીજર એબી-પીએમજેવાય-માં માં ઉપલબ્ધ ન હોય તેમજ હોસ્પિટલ પીએમજેવાય માં એમ્પેનલ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

આ યોજના અંતર્ગત રૂ. ૩૦૩.૩ કરોડ પ્રીમીયમનું ભારણ રાજ્ય સરકાર પર આવશે. આ કાર્ડ હેઠળ સારવાર માટે રાજ્ય સરકાર ૩૭૦૮/- રૂ. વાર્ષિક પ્રતિ કુટુંબ દીઠ પ્રિમિયમ ચૂકવશે.

# મોટી મારડ બીએપીએસ સ્વામીનારાયણ મંદિરનો પાટોત્સવ રંગેચંગે ઉજવાયો

## મોટી સંખ્યામાં હરીભકતોએ મહાપૂજાનો લ્હાવો લીધો

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



અનકુટ દર્શન મહિલા સત્સંગ મંડળ દ્વારા ભાવથી વાનગી ધરાવવામાં આવેલ હતી. પાટોત્સવ મહાપૂજા જેમાં મોટીસંખ્યામાં હરિભકતો એ લાભ લીધો હતો અને ત્યારબાદ જુનાગઢ મંદિરના કોઠારી ધર્મવિનય સ્વામી અને સંત નિર્દેશક પૂજ્ય કલ્યાણમુર્તિ સ્વામી એ કથાવાર્તા નો ખુબ સુંદર લાભ આપેલ અને જૂનાગઢના ભંડારી અમૃત દર્શન સ્વામી અને સેવામૂર્તિસ્વામી પણ ખાસ ઉપસ્થિત રહેલ હતા. આ પાટોત્સવમાં તાલુકા પંચાયતના પ્રમુખ રવિભાઈ વડાલીયા તેમજ રાજકોટ જિલ્લા પંચાયતના સભ્ય વિરલભાઈ પનારા ગામના સરપંચ શર્મિલાબેન ચાવડા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પાટોત્સવ ને સફળ બનાવવામાં કલ્યાણમુર્તિસ્વામી તેમજ મોટીમારડ મંડળ વતી તમામ હરિભક્તો ભાઈઓ બહેનો યુવકો યુવતીઓ જહેમત ઉઠાવેલ તેમજ જાગાણી સાહેબ પરિમલભાઈ અમરેલીયા કાનાભાઈ જયેશભાઈ ભીખનભાઈ અતુલભાઈ, પૂજારી વિષ્ણુભાઈ પ્રફુલભાઈ પનારા બાબુભાઈ રવિભાઈ ગોવિંદભાઈ મનીષભાઈ અને મહિલા મંડળે ખૂબ જ મહેનત ઉઠાવેલ હતી.

# હિંમતનગરમાં નેશનલ હાઈવે પરનો ઓવરબ્રિજ જુનમાં ખૂલ્લો મૂકાશે

## રૂ.૩૫ કરોડના ખર્ચે બની રહેલા ઓવરબ્રિજથી ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવશે



**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતો રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૪૮ પર નવો ઓવરબ્રિજ જૂનના પ્રથમ સપ્તાહમાં શરૂ થવા જઈ રહ્યો છે તેવું જાણવા મળ્યું છે ૩૫ કરોડથી વધુના ખર્ચે બનેલા આ બ્રિજની લંબાઈ ૧૧૬૩ મીટર અને પહોળાઈ ૨૫ મીટર છે નવેમ્બર ૨૦૨૪ માં શરૂ થયેલી આ બ્રિજની કામગીરી માત્ર સાત મહિનામાં પૂર્ણતાના આરે છે હાલમાં અંતિમ તબક્કાની કામગીરી ચાલી રહી છે લોડ ટેસ્ટ બાદ બ્રિજને વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે અમદાવાદથી ઉદયપુર જતા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૪૮ પર ચિલોડાથી શામળાજી સુધી કુલ ૩૨ ઓવરબ્રિજ અને ત્રણ રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે હાલમાં ગામડી,સરવણા અને ગડાદર પાસે બોક્સ બ્રિજની કામગીરી ચાલી રહી છે રાયગઢ, ગાંભોઈ અને ગડાદર પાસે રેલવે ઓવરબ્રિજનું કામ પણ પ્રગતિમાં છે. જ્યારે પ્રાંતિજ, બોખ, ચંદ્રાલા અને ચિલોડા વિસ્તારમાં પણ બોક્સ બ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ તમામ કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. મોતીપુરા ઓવરબ્રિજ શરૂ થવાથી વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.


શ્રી સર્વોદય એજ્યુકેશન કેમ્પસ
એડમીશન ઓપન -2025
પ્લે-હાઉસ ધો. 1 થી 12 સાયન્સ/કોમર્સ
ધો. 5 થી 12 અદ્યતન સુવિધા સાથે બોયઝ હોસ્ટેલ
Quality Education
Sarvoday Schools Moviya
sarvoday719@gmail.com
Sarvoday School Moviya
Sarvoday School Moviya
Mo. 98798 40407

## તંત્રી લેખ

# મેરી જાન તિરંગા હૈ...

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા પ્રવાસીઓ પર કરવામાં આવેલા હુમલા બાદ આતંકના ખાત્મા માટે

ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન સિંદૂરની સફળતાથી કરોડો દેશવાસીઓની છાતી ગજ ગજ ફૂલી રહી છે.સેનાને સલામ કરવાના ઉમદા આશ્રય સાથે હાલ દેશભરમાં ભાજપ દ્વારા તિરંગા યોજાઈ રહી છે.જેમાં દેશવાસીઓ દેશદાઝ સાથે ઉમટી રહ્યા છે.જીવના જોખમે સરહદના રખોપાં કરતા સૈનિકને બિરદાવવામાં આવી રહ્યા છે. સર્વત્ર ભારત માતા કી જયના ગગન ભેદી નાદ ગુંજી રહ્યા છે. આ દેશ દાઝના દીવાને જો કાયમી ધોરણે પ્રજ્જવલિત રાખવામાં આવે તો દુનિયાની એવી કોઈ તાકાત નથી કે ભારત સામે આંખ ઊંચી કરીને પણ જોઈ શકે.પરંતુ અફસોસ એ વાતનો છે કે ભારતીયો કોઈ પણ ઘટનાને થોડા દિવસોમાં વિસરી જાય છે.આતંકના ખાત્મા માટે ભારતીય સેનાનું

'ઓપરેશન સિંદૂર' એ કરોડો દેશવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે.ઓપરેશન સિંદૂર દ્વારા ભારતીય સેનાએ આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે.આજે વિશ્વ આખું ભારતના સૈન્ય અને એર ફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થઈ ગયું છે. તિરંગા યાત્રા થકી દેશવાસીઓ એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ જાળવી રાખાવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા માં ભારતીને તથા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રા યોજાઈ રહી છે.

પાકિસ્તાન પ્રેરિત આતંકીઓ અને તેમના આકાઓને તેમની જ જમીન પર ધૂળ ચાટતા કરીને ભારતે પહલગામ આંતકવાદી હુમલાનો બદલો લીધો છે.આખું વિશ્વ ભારતના સૈન્ય અને એરફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થયું છે.

આ ઓપરેશનથી રાષ્ટ્રહિત સર્વોપરિનો ભાવ દેશવાસીઓમાં જાગી ઉઠ્યો છે. સૈન્યએ તિરંગાનું ગૌરવ અને સન્માન વધાર્યું છે. તિરંગો દેશના લોકોને એક સાથે જોડે છે. આ તિરંગા યાત્રા પણ આપણને એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમના ભાવને જાળવી રાખતો ખૂબ મહત્વનો અવસર છે. તિરંગા યાત્રા એ દેશની એકતા, અખંડિતતા જાળવવાની સાથે આપણી સેનાનું મનોબળ વધારતી યાત્રા છે.ભારત ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ ટેરરિઝમની નીતિને તે કોઈપણ ભોગે વળગી રહેવા પ્રતિબદ્ધ છે.

આપણો તિરંગો સતત ઊંચેને ઊંચે લહેરાતો રહે તે માટે સેનાના જવાનો માતૃભૂમિ માટે ખડેપગે તૈનાત છે, ત્યારે તિરંગા યાત્રામાં જોડાઈને લોકોએ તેમનું મનોબળ વધારવુ જોઈએ.આ એક યાત્રા જ નથી દેશવાસીઓને સેનાના બહાદુરના જવાનોને એક અડીખમ સંદેશ છે કે અમે તમારી સાથે અડીખમ ઊભા છીએ.

# જસદણ નગરપાલિકાની સાંજે સામાન્ય સભા વિવિધ વિકાસ કામોને અપાશે બહાલી

## દરેક એજન્ડા અનુસાર વિકાસના કામોને મહત્વ આપવામાં આવશે કેમ? લોક ચર્ચાઓ

**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**

જસદણ નગરપાલિકામાં વિવિધ કામોની બહાલી માટે આજે સાંજે પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણીના અધ્યક્ષસ્થાને પાલિકાના મિટિંગ હોલમાં ખાસ સામાન્ય સભા મળશે જે અંગે દરેક સભ્યોને એજન્ડા પાઠવી દેવામાં આવ્યા છે જસદણ નગરપાલિકાનો વર્તમાન ઈતિહાસ જોઈએ તો ગત ચુંટણીમાં ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયા અને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડના વડપણ હેઠળ કુલ મળીને ૨૭ સભ્યોમાંથી ભાજપના ૨૨ સભ્યો ચૂંટાઈ



આવ્યાં હતાં એમાંય નગરપાલિકા અપગ્રેડ થતાં સોને પે સુહાગા જેવો માહોલ વચ્ચે આજે આ બોડીની બીજી સામાન્ય સભા યોજાશે જેમાં કુલ મળીને જુદાં જુદાં ૨૭ એજન્ડાઓ જરૂરી કામોના લેવામાં આવ્યા છે કોંગ્રેસના ચાર અને એક અપક્ષ સભ્યની ભુમિકા કેવી રહે છે આજની ખાસ સામાન્ય સભામાં કન્યા પ્રાથમિક શાળા અને કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલયમાં નગરપાલિકાના કુલ મળીને ૨ સભ્યોની નિમણુંક કરવામાં આવશે પ્રથમ સામાન્ય સભામાં ભાજપના બે સભ્યો અશોકભાઈ ધાધલ અને ગભરુભાઈ ધાધલ આ બન્નેને બોડીએ હોદ્દાઓ ફાળવેલ હતા જસદણ નગરપાલિકાની આ ખાસ સામાન્ય સભા પુર્ણ થાય ત્યાં સુધીમાં કેવો રંગ લાવે છે તે અંગે અનેકવિધ ચર્ચા થઈ રહી છે દરમિયાન જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે આજની ખાસ સામાન્ય સભામાં નિયમોનુસાર દરેક એજન્ડાઓ લેવામાં આવ્યાં છે જે સીધા પ્રજાને સ્પર્શે છે આ ઉપરાંત વિકાસના કામોને પણ મહત્વ અપાયું હોવાથી નાગરિકોને પણ રાહત પહોંચશે.

# ધ્રાંગધ્રાઃ જોગાસરમાં ચાલતા વિકાસ કામોનું નિરીક્ષણ કરતા સાંસદ ચંદુભાઈ સિહોરા

## જોગાસર ગણપતિ મંદિરે દર્શન કરી આર્શિવાદ મેળવ્યા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં આવેલ જોગાસર ગણપતિ દાદા મંદિરે લોકસભા સાંસદ ચંદુભાઈ સિહોરા એ દર્શન કરીને આશીર્વાદ લીધા હતા ત્યારે જોગાસર ખાતે પાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે વિકાસના કામો થઈ રહ્યા છે તે કામનું સંસદ સભ્ય દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું ત્યારે પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, શહેર મહામંત્રી સંજયભાઈ ગોવાણી, જિલ્લા કિસાન મોરચા પ્રમુખ નંદલાલભાઈ પટેલ, પાલિકા હિરેનભાઈ કાનાબાર, શાસક પક્ષના નેતા રમેશભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાઃ બાબરીયાવાડ ખાતે લોકડાયરામાં દેવાયત ખવડ સહિતના કલાકારોની જમાવટ

## કાઠી ક્ષત્રીય સમાજ આયોજીત દેવી ભાગવત કથા અન્વયે રાત્રે લોકડાયરામાં પૂ. મોરારિબાપુ, પાળીયાદના મહંત નિર્મળાબા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા તાલુકાના બાબરીયાવાડ કાઠી ક્ષત્રિય સમાજના કુળદેવી મોમાઈ માતાજીના સાનિધ્યમાં દેવી ભાગવતના વક્તા લાખણશીભાઈ ગઢવી કથાનું રસપાન કરતા આજે મોરારીબાપુ કથા શ્રવણ નો લાભ લીધો હતો. તેમજ પાળીયાદ જગ્યાના મહંત નિર્મળાબા તથા ભયલુભાઈ સહિત દેવી ભાગવત સપ્તાહમાં ઉપસ્થિત રહ્યા હતા. રાત્રિના ભવ્ય લોક ડાયરામાં દેવાયતભાઈ ખવડ ના સાહિત્યમાં નોટોનો વરસાદ વરસ્યો હતો અને દેવાયત ખવડ શોર્ય ગીતોમાં લોકોને મુગ્ધ કરી દીધા હતા .દેવાતભાઈ ના ડાયરામાં કથા મંડપ ટૂંકું પડ્યું હતું.તેમજ આ પ્રસંગે ડાયરા ના કલાકાર ભરતભાઈ ગઢવી તથા જસુબેન આહીર તથા રવિભાઈ કામળિયા તથા નિરૂભા ગઢવી મજાદર તથા અરવિંદ ભારતી બાપુ બાબરીયાધાર સાહિત્ય ડાયરાની જમાવટ કરી હતી આ કથામાં સંતો રાજકીય મહાનુભવો ડાયરા ના ચાહકો સહિત વિશાળ સંખ્યામાં જન મેદીની એ કથાનો અને ડાયરા નો લાભ લીધો હતો. દરરોજ વિશાળ સંખ્યામાં વિવિધ જગ્યા ના સંતો મહંતો ઉપસ્થિત રહીને કથા શ્રવણ નો લાભ લઈ રહ્યા છે.તેમજ મહાપ્રસાદ ની પણ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી અને અને શ્યામ સેવકો તેમજ મોમાઈ માતાજીના સેવકો રાત દિવસ જોયા વિના પ્રશંશનીય કામગીરી કરી રહ્યા છે.

# ધ્રાંગધ્રાઃ ભારતીય સેનાની કામગીરીને બિરદાવતી તિરંગાયાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ઓપરેશન સિંદૂર મારફત ભારતીય સેનાએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે

ભારતીય સેનાનાં પરાક્રમને બિરદાવવા સુરેન્દ્રનગર ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું જેમાં ધાંગધ્રા હળવદના વિધાનસભાના ધારાસભ્યો પ્રકાશભાઈ વરમોરા પાલિકા પ્રમુખ કુલદીપ સિંહ ઝાલા સહિત મોટી સંખ્યામાં લોકો આ યાત્રામાં જોડાયા હતા ધારાસભ્યએ યાત્રાના પ્રસ્થાન પહેલા ઓપરેશન સિંદૂરને લઈ ડખ અને ભારતીય સેનાને ગુજરાતની જનતા તરફથી અભિનંદન પાઠવ્યા હતા

મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો તિરંગા યાત્રા ઉપસ્થિત રહ્યા હતા.

# જવાનો માટે કચ્છની સરહદે બાયો કેમિકલ શૌચાલય બનાવવા અગ્રવાલ સમાજની અનોખી રાષ્ટ્રભકિત



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

હાલમાં ભારત અને પાકિસ્તાનની સ્થિતિને જોતાં બીએસએફના જવાનો દિવસ - રાત જોયા વિના સીમાવર્તી ક્ષેત્રમાં દિવસ - રાત દેશની સલામતી-સુરક્ષા માટે તૈનાત રહેલા છે. આવી કપરી સ્થિતિમાં તેમની બુનિયાદી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી

પ્રાંત અધિકારી તથા મહાનગરપાલિકાના કમિશનર દ્વારા સરહદ પર ૧૦ જેટલા કેમિકલ ટોયલેટસ બનાવવાની આવશ્યકતા દર્શાવાઈ હતી જેના પ્રતિ યુનિટ કિંમત ૪૫ હજાર જેટલી થાય છે. આ કાર્ય પૂર્ણ કરવાની જવાબદારી અગ્રવાલ સમાજ ગાંધીધામ દ્વારા ઉઠાવવામાં આવી હતી. સમાજના પ્રમુખ સમીરભાઈ ગર્ગ દ્વારા અપીલ કરતા કહેવાયું હતું કે, આ સમય એવો છે કે આપણે પણ રાષ્ટ્રને માટે યથાશક્તિ મદદ કરવા આગળ આવીએ. દેશના જાબાંઝ જવાનો માટે આગળ આવીએ, જો આ મામલે સમાજના મોભીઓ મદદરૂપ થવા માગતા હોય તો તેમનું હાર્દિક સ્વાગત છે. આ ટહેલ નાખી ને ૧૦ મિનિટ પણ પૂરી ન થઈ અને જોઈતી આર્થિક મદદથી દાનની સરવાણી સમાજના મોભીઓ-શ્રેષ્ઠીઓ, આગેવાનોએ ભરી દીધી હતી. એટલું જ નહી પરંતુ સૈન્ય જવાનોની સેવા એ પણ એક રાષ્ટ્રીય સેવાનો જ ભાગ છે, આવી સેવાઓ માટે સમાજના મોભીઓ સદાય તત્પર રહેશે તેમ સમાજના પ્રવકતા અશોકભાઈ મિત્તલની યાદીમાં જણાવ્યું હતું.

# ગોંડલનાં સેવાસદનમાં કર્મચારીઓની અછતથી અરજદારોને ભારે મુશ્કેલી

## ઈ કેવાયસી, પ્રિ-મોન્સુન સહિતની કામગીરી ખોરવાઈ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલની મામલતદાર તથા પ્રાંત કચેરીમાં નાયબમામલતદાર સહિત ક્લાર્કની જગ્યાઓ ખાલી હોય અરજદારો પરેશાની ભોગવી રહ્યાછે.મહત્વની ગણાતી ઈકેવાયસી ની કામગીરી પણ કર્મચારીઓનાં અભાવે ધીમી ગતીથી ચાલતી હોય અરજદારો પુરતી સેવા મેળવી શકતા નથી.

૮૨ ગામડાનો તાલુકો ગણાતાં ગોંડલમાં ખાટલે મોટી ખોટ હોય તેમ છેવાડાનાં માણસની સુવીધા અને વિવિધ યોજનાઓનાં લાભ માટે મહત્વની ગણાતી મામલતદાર તથા પ્રાંત કચેરીમાં છેલ્લા કેટલાક સમય થી કર્મચારીઓની ઘટને કારણે અરજદારો પરેશાન થઈ રહ્યાછે.

અહી અંદાજે પાંચ નાયબ મામલતદારની જગ્યા ખાલીછે. નાયબ મામલતદાર મહેસુલ વિભાગનાં સી.જી.પારખીયાને પ્રમોશન મળતા જગ્યા ખાલી પડીછે. જેને કારણે માથે ચોમાસુ આવી રહ્યુ હોવા છતા ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી ખોરંભાઈ છે.પુરવઠા વિભાગ તથા પ્રાંત કચેરીમાં પણ નાયબ મામલતદારની જગ્યા ખાલીછે.સર્કલ ઓફિસરની પોસ્ટ એક વર્ષથી ખાલી છે.

ઈકેવાયસી ની કામગીરી ચાલુ છે.સરકાર સો ટકાનો ટાર્ગેટ આપે છે. પરંતુ સ્ટાફનાં અભાવે ટાર્ગેટ સિધ્ધ થતો નથી. સરવાળે અરજદારોનો ખો નિકળે છે. ક્લાર્ક તથા રેવન્યુ તલાટીની ઘણી જગ્યાઓ ખાલી છે. તાલુકો મોટો હોય કર્મચારીઓ પર કામગીરીનુ વિષેશ ભારણ રહેતુ હોય ક્યારેક અરજદારોને તોછડાઈનો ભોગ બનવુ પડેછે.

જીલ્લામાં કોઈ મોટા અધિકારીઓ પધારતા હોય ત્યારે તેની આગતા સ્વાગતા માટે મુખ્યત્વે ગોંડલ ને પસંદ કરાય છે.આવા સંજોગામાં મામલતદાર કે પ્રાંત કચેરીનાં કર્મચારીઓ ને સેવા શ્રુશુષામાં જોતરાવું પડતુ હોય તેનો ભોગ પણ આખરે અરજદારો બનતા હોય છે.

વહેલી તકે ખાલી જગ્યાઓ ભરાય તેવી લોકમાંગ પ્રબળ બનીછે.

# ભાવનગર રેડક્રોસ બ્લડ બેંકના રક્તદાન કેમ્પમાં ૫૮૦ બોટલ રક્ત એકત્રિત

## રાષ્ટ્રસેવા માટે ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરત બારડ સહિતના અગ્રણીઓએ રક્તદાન કર્યું

**અબતક, આનંદ રાણા, સિહોર**

ઓપરેશન સિંદૂર અન્વયે રાજ્ય સરકાર અને ભાવનગર જિલ્લા કલેકટરના માર્ગદર્શનથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા ઈમરજન્સી માટે ડિઝાસ્ટર અને ઈમરજન્સી મેથડ, ફર્સ્ટએઈડ, સિપીઆર તાલીમ અને રેડક્રોસ બ્લડ બેન્ક દ્વારા દર્દીઓને ઈમરજન્સીમાં રક્ત મળી રહે તે માટે અલગ અલગ ૭ જેટલાં રક્તદાન કેમ્પ યોજાયા હતા. જેમાં ૫૮૦ જેટલાં યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું.



આ રકતદાન કેમ્પમાં ભાવનગર પોલીસ, રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ, હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એશોસિઅન, કાળાતળાવ ગ્રામ પંચાયત, તખતેશ્વર રેસિડેન્સીના લોકો સ્વેચ્છાએ જોડાયા હતા. અલગ અલગ સ્થળોએ યોજાયેલ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓને પ્રોત્સાહન આપવા માટે મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, પૂર્વ શહેર ભાજપા પ્રમુખ રાજીવભાઈ પંડ્યા, પૂર્વ મેયર સુનિલભાઈ વડોદરિયા, અગ્રણી તબીબ એમ. આર. કાનાણી, રોટરી પ્રમુખ હરિકૃષ્ણ પારેખ, હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એશોસિએસનના પ્રમુખ કે.કે.ગોહિલ અને ઉપપ્રમુખ આનંદભાઈ ઠક્કર, દાસ પેંડા વાળા ભવનેશભાઈ મહેતા, તથા વિરલભાઈ વળિયા, અપૂર્વભાઈ શેઠ, દર્શકભાઈ શાહ, કૌશલભાઈ ચંદારાણા, કલ્પેશભાઈ ભટ્ટ, આનંદભાઈ ખસિયા, આરીફભાઈ કાલવા, સહિતના અગ્રણીઓએ રેડક્રોસ બ્લડ બેન્કના સહયોગથી ચાલતી રક્તદાન શિબિરની મુલાકાત લઈ રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# "ભારત માતા કી જય" સાથે ભાવનગર બન્યું તિરંગામય

## શહીદ સ્મારક સુધી તિરંગાયાત્રાનું ઠેર ઠેર પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું

**અબતક,આનંદ રાણા, સિહોર**

ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે ભાવનગરમાં કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતીમાં મોતીબાગ ટાઉન હોલથી શહીદ સ્મારક સુધી ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ હતી. મોતીબાગ ટાઉન હોલ ખાતેથી મંત્રીએ ભાવસિંહજીની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને તિરંગયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

સરહદે યુદ્ધની પરિસ્થિતિમાં આતંકીઓને હંફાવનાર વીર જવાનોના શૌર્યને સન્માનવા યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો. મોતીબાગ ટાઉન હોલ, રૂપમ ચોક, ખારગેટ, મામાકોઠા રોડ, હલુરિયા ચોક, શહીદ સ્મારક સુધીના રૂટ પર લોકોએ પુષ્પવર્ષા કરીને તિરંગા યાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કર્યું હતું.



તિરંગા યાત્રામાં હજારોની સંખ્યામાં નાગરિકો, વિવિધ સંસ્થાના આગેવાનો, એન.સી.સી., સી.આર.પી.એફ. અને પોલીસના જવાનો તેમજ આર્મી, નેવી, એરફોર્સના જવાનો, પૂર્વ સૈનિકો સહિતના ભાવેણાવાસીઓ જોડાયા હતા.

શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે ભાવનગર શહેરમાં યોજાયેલ ભવ્ય તિરંગા યાત્રામાં સિંદૂર ટેન્ક આકર્ષનું કેન્દ્ર બની હતી.

આ તિરંગા યાત્રામાં મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડયા, જિલ્લા કલેક્ટર ડો. મનિષ કુમાર બંસલ, મ્યુનિસિપલ કમિશનર એન. કે. મીના, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, પોલીસ અધિક્ષક ડો. હર્ષદ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઈ રાબડીયા, આગેવાન કુમારભાઈ શાહ સહિત જિલ્લાની વિવિધ સંસ્થાઓ, એનજીઓના અગ્રણીઓ જોડાયા હતા.

## સરધાર કેળવણી મંડળ સંચાલિત

# જી.એલ.એસ.હાઈસ્કુલનું ઉત્તમ શિક્ષણઃ બોર્ડમાં વિદ્યાર્થીઓનો ડંકો

## નિઃશુલ્ક કમ્પ્યુટર શિક્ષણ, પાઠયપુસ્તકો અને શિષ્યવૃત્તિના લાભો વિદ્યાર્થીઓ માટે બન્યા આશિર્વાદરૂપ

**અબતક,રાજકોટ**

સરધાર શ્રી જી.એલ.એસ.ઐતિહાસિક માધ્યમિક શાળાની સ્થાપના ૧૯૫૯ ની સાલમાં કરવામાં આવેલી. ફ્રિ શિક્ષણ પ્રદાન કરતી આ શાળા ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે આશીર્વાદ રૂપ છે. વિશાળ ગ્રાઉન્ડ ધરાવતું અતિ આધુનિક નવનિર્મિત હવા ઉજાસ વાળું બિલ્ડીંગ સરધારની મધ્યમાં આવેલું છે આજુબાજુના ગામો જેવા કે લાખાપર, હરીપર, મકનપર, ખરીચીયા,ગઢડીયા, હોડથલી અને રાજ સમઢિયાળાના વિદ્યાર્થીઓને અહીં શિક્ષણનો લાભ મળી રહ્યો છે જેમાં કમ્પુટર શિક્ષણ તદન ફ્રિ પાઠ્યપુસ્તકો,સ્કુલબેગ્સ અને શિષ્યવૃતિનો લાભ આપવામાં





આવે છે એટલુજ નહી, પૂર્ણ લાયકાત ધરાવતા અનુભવી, શિક્ષણને સમર્પિત શિક્ષકો દ્વારા ઉતમ શિક્ષણ આપીને બોર્ડમાં ઝળહળતું પરિણામ પ્રાપ્ત કરતી હોય તેવી એક માત્ર સરધારની આ ઐતિહાસિક શાળા છે વિનામૂલ્યેશિક્ષણ પ્રદાન કરતી આ સંસ્થા આવતા વર્ષ હાયર સેકન્ડરી પણ ચાલુ કરવા જઈ રહી છે જે સરધારના તેમજ આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે ચાલુ વર્ષ ૨૦૨૫ ના એસ.એસ.સી બોર્ડમાં પરિણામમાં ગ્રામ્ય વિસ્તારના અમારા વિદ્યાર્થીઓએ ઉચ્ચતમ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. ગમાર બંસી પી. ૯૫.૪૯ પીઆર - પ્રથમ સાકળીયા વિશાલ વી. ૯૪.૮૧ પીઆર દ્વિતીય પરબતાણી હિતેષ એ. ૯૧.૩૦ પીઆર - તૃતિય આવી ઉજવળ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ટ્રસ્ટી રાજકોટ ઠાકોર માંધાતાસિંહ જાડેજા તથા સિધ્ધરાજસિંહ ઝાલા આચાર્ય તથા શાળા પરિવાર તેમજ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવેલ છે અને ભવિષ્યમાં પણ આવું જ ઉજ્જવળ પરિણામ લાવે તેવી આશા વ્યક્ત કરી હતી.



MODI SCHOOL - JAMNAGAR
બોર્ડ + સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવતી શ્રેષ્ઠ સ્કૂલ
GSEB Std. 10th 2025
A1 Grade
93 Students
A2 Grade
106 Students
BOARD 5th
A1
Jariwala Vaidehi
99.95 PR
BOARD 7th
A1
Varsani Niva
99.93 PR
99+ PERCENTILE
31 Students
95+ PERCENTILE
109 Students
90+ PERCENTILE
165 Students
SUBJECT 1st
100/100 ▸ 50 Students
Maths + Science
200/200 ▸ 04 Students
Std. 12th Science + GUJCET 2025
99+ PR ⇨ 21 Students
Board Top 10
6 Students
BOARD 2nd
A1
Vadalia Rutva
99.98 Science PR
BOARD 2nd
Raiththa Ayush
99.98 GUJCET PR
BOARD 2nd
A1
Baraiya Rudra
99.98 Science PR
BOARD 6th
Thummar Jaydeep
99.94 GUJCET PR
BOARD 7th
A1
Varu Krushal
99.93 GUJCET PR
BOARD 7th
Kavar Kausha
99.93 GUJCET PR
A1 GRADE
07 Students
GUJCET 100+/120
30 Students
GUJCET Subject First ▸ 40/40
08 Students
Std. 12th Commerce/Arts 2025
A1 Grade ⇨ 19 Students
BOARD 1st
A1
Jadeja Mitaleeba
99.99 PR
BOARD 4th
Arts
A1
Chandarana Jeel
99.96 PR
A1
Babiya Monil
99.78 PR
A1
Chauhan Bansari
99.66 PR
A1
Devani Anjali
99.66 PR
A1
Dadia Diya
99.59 PR
A1
Panara Mek
99.52 PR
A1
Hirani Sakina
99.35 PR
A1
Bavarva Trusha
99.30 PR
A1
Anjani Vatsal
99.30 PR
A1
Gohil Dharmikaba
99.30 PR
Sub. First 100/100
12 Students
A1
Patodiya Aditi
99.25 PR
A1
Pala Heer
99.20 PR
A1
Pansara Krisha
99.15 PR
A1
Pagdar Vanshika
99.10 PR
A1
Haria Yashee
99.04 PR
A1
Dodiya Zalak
98.80 PR
A1
Nakhva Vinisha
98.80 PR
A1
Chovatiya Swati
98.80 PR
95+ PR
45 Students
90+ PR
74 Students
NEET 2024 : MBBS Admissions ⇨ 42 Students
JEE MAIN 2025
99+ PR ⇨ 16 Students
GSEB
Thummar Jaydeep
99.94 PR
GSEB
Sanghani Maitree
99.91 PR
GSEB
Panara Digantkumar
99.89 PR
CBSE
Shah Mantra
99.89 PR
GSEB
Ayush Kanani
99.87 PR
CBSE
Garvit Kumar
99.86 PR
CBSE
Ruchit Kateshiya
99.85 PR
CBSE
Arya Tholiya
99.70 PR
GSEB
Chhichhia Het
99.69 PR
GSEB
Bharadia Brinda
99.61 PR
CBSE
Patel Dev
99.58 PR
GSEB
Hirpara Het
99.54 PR
GSEB
Mashru Parthav
99.51 PR
GSEB
Vala Jay
99.37 PR
GSEB
Jhaveri Mantra
99.20 PR
GSEB
Kamani Rishi
99.11 PR
97+ PR 26 Students
95+ PR 45 Students
This result is exclusively of
A group students preparing for JEE
ADMISSIONS OPEN - CBSE & GSEB
Nursery to 12th Science | Commerce | Humanities
(English & Gujarati Medium)
+91 70697 80808
P. V. Modi School
{ Saru Section Road }
+91 70691 80808
P. V. Modi School
{ M. P. Shah U.Nagar }
+91 70693 80808
J. P. Modi CBSE School
{ Vasai }
+91 92657 08284
Modi School
{ Lalpur Road Branch }
+91 95109 12094
Modi Pre School
{ Kamdar Colony Branch }

# હળવદ નજીક આઈસરમાં કતલખાને લઈ જવાતા ૨૧ અબોલ જીવને બચાવી લેતા ગૌરક્ષકો

## વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને ગૌ સંવર્ધન પરિષદના ગૌરક્ષકોની ટીમે બે આરોપીઓ સામે હળવદ પોલીસ મથકે એફઆઈઆર નોંધાવી

**અબતક, ઋષિ મહેતા**

કચ્છથી આઈસર ટ્રકમાં અમદાવાદ કતલખાને લઈ જવામાં આવી રહેલા ૨૧ પાડા જીવોને પૂર્વ બાતમીને આધારે હળવદની સરા ચોકડી નજીકથી બચાવી લેવામાં આવ્યા હતા, આ સાથે આઈસર ચાલક સહિત બે આરોપીઓને હળવદ પોલીસ મથકમાં સોંપવામાં આવતા તમામ અબોલ જીવોને હળવદ પાંજરાપોળ ખાતે મુકવામાં આવ્યા હતા.



આવકવેરા વિભાગ દ્વારા બે દિવસ પૂર્વ ગુજરાત સમાચાર અને જીએસટીવીની અલગ અલગ શહેરોમાં આવેલી ઓફિસ સહિતના સ્થળે રેડ પાડવામાં આવી હતી. આઈટીની તપાસ ગઈકાલે પૂર્ણ થતાની સાથે જ હવે ઈડી મેદાનમાં આવ્યું છે. ગુજરાત સમાચારનાં માલીક બાહુબલીભાઈ શાહની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજ્યના પ્રતિષ્ઠિત મીડિયા જૂથ પર આવકવેરા બાદ હવે ઈડીની ટીમો દ્વારા સપાટો બોલાવવામાં આવતા ગુજરાતના મીડિયા જગતમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઘટનાને કોંગ્રેસે પણ વખોડી કાઢવામાં આવી હતી. કેન્દ્ર સરકાર સરમુખત્યાર શાહીની જેમ વર્તે છે. ઈડીની ટીમોને મોકલી લોકશાહીના ચોથા સ્તંભના અધિકારોને કચડી નાખવાનું કામ કરે છે.

## ૧૦૦ વર્ષ પહેલાના જમીન જામીનગીરી લોનના પ્રકરણમાં

# ૩ કરોડના એવોર્ડ વસૂલાત દાવા સામે ૮૯ લાખનું વળતર ચૂકવવા કોર્ટનો હુકમ

### તત્કાલીન કોર્ટ કમિશનરે ૧૪,૮૬૪ વીઘા જમીન ગણી અને ફેર માપણીમા ૨૯૦૦ વીઘા જમીન હોવાનું બહાર આવ્યું હતું સરકારી વકીલો કમલેશ ડોડીયા અને એસ. કે. વોરાની રજુઆતઃ માલિકી હકક કાયદાકીય જોગવાઈથી જતો રહેતા આર્થિક નુકશાની થયેલ હોય આથી ૧૯૬૨માં દાવો કરી સરકાર સામે દાદ માંગી હતી

**અબતક, રાજકોટ**

૧૦૫ વર્ષ પહેલાના જમીન જામીનગીરી ઉપર લોન પ્રકરણમાં ૧૯૬૨ના સરકાર પાસે રૂપિયા ૩ કરોડનુ વળતર વસૂલવાના દાવા ઉપરની ૨૦૦૯ની અપીલમાં જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ જજ ડી.એસ. સિંઘે આખરી ચુકાદામાં રૂપિયા ૮૯ લાખનું વળતર મંજુર કરતા, રાજકોટના સરકારી વકીલોએ ગુજરાત સરકારને મોટો આર્થિક લાભ કરાવી આપ્યો છે. જેમાં જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ જજ ડી.એસ. સિંઘે સરકારની તરફેણમા આખરી ચુકાદો આપી ઠરાવેલ છે કે, વાદીની જમીન અનઅધિકૃત રીતે જાળવી રાખવા બદલ વળતરની વ્યાજ સહીતની રકમ ૩ કરોડ નહી પરંતુ ફક્ત ૮૯ લાખ થાય છે.આ કેસની હકિકત મુજબ, રાજકોટના ગોકળદાસ અમરશીભાઈએ વર્ષ-૧૯૨૦માં જામનગર જિલ્લાના ૫-ગામોની જમીનો રૂા.૫,૦૦૦ની લોન પેટે જામીનગીરી કરી આપી હતી. તેના ૮ વર્ષ બાદ તેઓએ આ લોનની ભરપાઈ કરી આપતા લોન આપનાર પાસેથી હ જમીનો પરત માગી હતી. આ જમીનો જે તે વખતે સૌરાષ્ટ્ર રાજ્ય હસ્તગત કરી હતી. તેથી વાદી ગોકળદાસે પોતાની આ જમીનો સૌરાષ્ટ્ર રાજ્ય પાસેથી પરત માગેલ, પરંતુ વહીવટી પ્રક્રિયાઓમાં લાંબા સમયના કારણે ૧૯૫૫ સુધી આ જમીનો ગોકળદાસને પરત મળેલ ન હતી. વર્ષ-૧૯૫૫માં સૌરાષ્ટ્ર લેન્ડ રિફોર્મ એક્ટ આવતા વાદી ગોકળદાસનો આ જમીનો ઉપરનો માલીકી હકક જતો રહ્યો હતો. બાદ ગોકળદાસે ૧૯૬૨માં દાવો કરી સરકાર સામે દાદ માગેલ કે તેઓનો માલિકી હકક કાયદાકીય જોગવાઈઓથી જતો રહેલ ત્યાં સુધી તેઓ જમીનનો ખેતી માટે ઉપયોગ કરી શકેલ નથી. તેઓને પાકની નુકશાની વેઠવી પડેલ છે. તેથી તેઓને વળતર મળવુ જોઈએ. આ કેસમાં સિવિલ કોર્ટ અને ડિસ્ટ્રિક્ટ કોર્ટે વાદીનો આ દાવો સમય મર્યાદા બહાર રજુ થયેલ હોવાના કારણે રદ કરેલ હતો. જે સામે ગુજરાત હાઈકોર્ટે સેકન્ડ અપીલમાં આ દાવો મંજુર



કરી કોર્ટ કમિશ્નર મારફત નુકશાનીની રકમ આકારવા ચુકાદો આપેલ હતો. કોર્ટ કમિશ્નરના અહેવાલ મુજબ રાજ્ય સરકારે વાદીને ૭૩ લાખ રૂપિયા ૧૯૬૨થી ૬ %ના વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કરેલ, જે હુકમ મુજબ રાજ્ય સરકારે વાદીને રૂા. ૩ કરોડ જેવી માતબર રકમ ચુકવવાની થતી હતી. આ અહેવાલમાં કોર્ટ કમિશ્નરે જામનગર જિલ્લાના કુલ ૫ ગામોની જમીન ૧૪,૮૬૪ વીઘા હોવાની ગણતરી કરેલ હતી. આ ચુકાદા સામે રાજ્ય સરકારે વર્ષ-૨૦૦૯માં ડિસ્ટ્રિક્ટ કોર્ટમા અપીલ કરેલ હતી.

આ અપીલની આખરી સુનવણી વખતે સરકાર તરફે દલીલો કરવામાં આવી હતી કે, વાદીએ પોતાના દાવામાં જે જમીનો અંગે વળતર માગેલ છે, તે જમીનો ૧૪,૮૬૪ વિઘા નહી પરંતુ ૨૯૦૦ વીઘા જ થાય છે. આ ઉપરાંત આ જમીનો ઉપર વાદી જો ખેતી કરી શકેલ હોત તો તેઓને આવકની સમગ્ર રકમ મળવાપાત્ર ન હતી. પરંતુ ફક્ત ૧/૩ રકમ જ મળવાપાત્ર રહેતી હતી. આ ઉપરાંત સરકાર દ્વારા પ્રત્યેક વર્ષની વર્ષા ઋતુમાં થયેલ વરસાદના આંકડાઓ અને જે તે વિસ્તારમાં તે વર્ષના પાકની ઉપજના ચોકકસ આંકડાઓ રાખવામાં આવતા હોય છે. આ વિગતો મુજબ વર્ષ ૧૯૨૮થી ૧૯૪૨ સુધી વાદીની જમીનોની આજુબાજુના તમામ વિસ્તારોની ખેતીની જમીનોનો પાક પ્રતિ વીઘા ૧૨ મણનો જ હતો અને તે વખતે ૧ મણ પાકની કિંમત ૧ રૂપિયાથી લઈને ૩ રૂપિયા સુધીની મળેલ હતી. આ મુજબ ૧૪ વર્ષનો સરેરાશ કાઢતા પ્રતિ વીઘાના એક મણની આવકની કિંમત ૩ રૂપિયાથી ઓછી થતી હતી. પરંતુ કોર્ટ દ્વારા નિમાયેલ કમિશ્નરે પ્રતિ મણની આવકની કિંમત ૩ રૂપિયાથી વધુ ગણેલ હતી. આથી, સરકાર તરફના ગેઝેટમાં આ મુજબના આંકડાઓ બંને પક્ષકારોએ રજુ કરેલા હતા, ત્યારે આ આંકડાઓથી વિરૂધ્ધની અને વધારે ઉપજ મુજબ ગણતરી થઈ શકે નહી.

આ મુજબની તમામ રજુઆતોના અંતે જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ કોર્ટે વાદીની કુલ જમીન ફકત ૨૯૦૦ વીઘા ગણી પ્રતિ વીઘાની ઉપજ ૧૨ મણ અને તેની કિંમત રૂા. ૩ થી ઓછી ગણી ૩ કરોડના કોર્ટ કમિશ્નરના અહેવાલને ઘટાડીને ડિસ્ટ્રિક્ટ કોર્ટે આખરી એવોર્ડ રૂા. ૮૯ લાખનો કરી આપેલ છે. આ કેસમાં સરકાર વતી એ.જી.પી. કમલેશભાઈ ડોડીયા અને જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરાએ સહયોગમાં કામગીરી કરી હતી.

# સામખીયાળી પોલીસ સ્ટેશનનાં દારૂના કેસમાં ત્રણ વર્ષથી ફરારીને રાજસ્થાનથી દબોચાયો

## એલસીબીની ટીમે જીવારામ ચોધરીને રાજસ્થાન જઈ ઉપાડી લીધો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



કચ્છ પંથકના પોલીસ ચોપડે ચડી પોલીસને હાથતાળી આપનારાઓને દબોચી લેવા આદેશોના પગલે સામખીયાળીના પ્રોહીબીશનનાં ગુના કામેના છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજસ્થાન રાજ્ય ખાતેથી પકડી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો હતો. વરિષ્ઠ અધિકારીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પૂર્વ કચ્છ એલ.સી.બી ટીમ નાસતા ફરતા આરોપીઓ શોધવા સતત પ્રયત્નશીલ હતી દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે સામખીયાળી પ્રોહીબીશનનાં ગુના કામે છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી જીયારામ ઉર્ફે જીવારામ સ/ઓ પ્રેમારામ ચૌધરીને રાજસ્થાન રાજ્ય ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેકટર એન.એન.ચુડાસમા,પોલીસ સબ ઈન્સપેકટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામા આવેલ હતી.

# મેઘપર બોરીચીમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો

## બે સગીર સહિત ત્રણને ઉઠાવી લઈ મુદામાલ કબ્જે કરતી પોલીસ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

મેઘપર બોરીચીમાં કેનાલ પર રાત્રી દરમ્યાન થયેલ લૂંટનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી આરોપીઓને વેલસ્પન કંપની વિસ્તારમાંથી મુદ્દામાલ સાથે અંજાર પોલીસે ઝડપ્યા હતો.

અંજાર પોલીસે મેઘપર બોરીચી કેનાલ પર ગઈ તા.૧૨/૦૫/૨૦૨૫ના રાત્રીના થયેલી લૂંટનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે બાતમીના આધારે દેવા વિનોદભાઈ ભીલ અને કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.



આરોપીઓ પાસેથી પાંચ મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલું મોટરસાયકલ સહિત ૬૦,૦૦૦ નો મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યો છે અને આગળની તપાસ ચાલુ છે. આ કામગીરી અંજાર પીઆઈ એ.આર.ગોહીલ,પીએસઆઈ એસ.જી વાળા,પી.એન.ઝાલા અને અંજાર પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

## ટ્રમ્પનો વહીવટ...

આવ્યું છે જ્યારે પાકિસ્તાનને આખી દુનિયા આતંકવાદીઓને પ્રાયોજિત કરતા દેશ તરીકે જોવામાં આવે છે. તેમણે આઈએમએફના પગલાની ટીકા કરી અને દાવો કર્યો કે ભારતે પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં જીત મેળવી છે, જેનાથી ઈસ્લામાબાદની હારનો પર્દાફાશ થયો અને તેના દાવાઓને ફગાવી દીધા. તેમણે ટ્રમ્પ પ્રશાસનને પ્રશ્ન કર્યો કે જ્યારે અમેરિકા ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, તો પછી આતંકવાદ સાથે જોડાયેલા પાકિસ્તાન જેવા દેશને આટલી મોટી રકમ કેવી રીતે આપવી યોગ્ય હોઈ શકે? ભારતની પ્રશંસા કરતા રૂબિને કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં ભારતે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો અને તેનો પરાજય થયો. તેમણે કહ્યું, પાકિસ્તાન દર વખતે ભારત સાથે યુદ્ધ શરૂ કરે છે પરંતુ હાર્યા પછી પણ જીતનો દાવો કરે છે. આ વખતે, તેની હાર સ્પષ્ટ દેખાઈ રહી હતી. રૂબિને ટ્રમ્પને આઈએમએફની સહાય બંધ કરવા અપીલ કરી. તેમના મતે, આનાથી માત્ર આતંકવાદને પ્રોત્સાહન મળશે નહીં પરંતુ ચીનને પણ ફાયદો થશે. બંને દેશો વચ્ચે તાજેતરમાં થયેલા યુદ્ધવિરામ બાદ આ નિવેદન વધુ મહત્વપૂર્ણ બની ગયું છે. આ ટીકા ટ્રમ્પ વહીવટીતંત્ર પર શું અસર કરે છે તે જોવાનું રહ્યું.

## સરહદે તણાવ ઘટાડવા...

ઈશાક ડારે મીડિયાને જણાવ્યું હતું કે ગુરુવારે બંને ડીજીએમઓ વચ્ચે ફોન પર થયેલી વાતચીત દરમિયાન પાકિસ્તાની સેનાએ ભારત સાથે રવિવાર સુધી યુદ્ધવિરામ લંબાવવા સંમતિ દર્શાવી હતી. જોકે, ભારતીય સેના તરફથી આ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

## એમેઝોન-ફ્લિપકાર્ટ...

કાયદાઓનું પાલન સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે, '' સીસીપીએ, એમેઝોન ઈન્ડિયા, ફ્લિપકાર્ટ અને ફ્લેગ કોર્પોરેશનને પાકિસ્તાની ધ્વજ અને સંબંધિત માલ વેચવા બદલ નોટિસ ફટકારી છે. આવુકૃત્ય સહન કરવામાં આવશે નહીં.

## તુર્કી...

વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. આના જવાબમાં ભારતે પણ પોતાની વિદેશ નીતિમાં ફેરફાર કર્યો છે. ભારત એવા દેશો સાથે નજીકથી કામ કરી રહ્યું છે જે તુર્કીનો વિરોધ કરે છે અને આ ક્ષેત્રની મોટી શક્તિઓ સાથે મિત્રતા બનાવી રહ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## રાજકોટ...

૪૦ થી વધુ મકાનોમાં વરસાદના પાણી ઘુસી ગયા હતા સમગ્ર વિસ્તારમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય જવા પામી હતી એક જાગૃત નાગરિકે આ અંગે કોર્પોરેશનની ફાયર બ્રિગેડ શાખામા ફરિયાદ કરતા ફાયર બ્રિગેડના સ્ટાફ દ્વારા યુધ્ધના ધોરણે પાણી નિકાલ માટેની કામગીરી શરૂ કરી દીધી હતી.

જો ૪૫ મીનીટમાં વરસાદે વિરામ લીધો ન હોત તો ગવલીવાડ વિસ્તારની સ્થિતિ વધુ કફોડી બની જાત. નૈઋત્યના ચોમાસાના સત્તાવાર આગમનને હજી એક મહિનાની વાર છે.પરંતુ માવઠાએ સ્માર્ટ સિટી રાજકોટને ઉઘાડુ પાડી દીધું છે. દર વર્ષ સામાન્ય વરસાદમાં રાજકોટ મહાનગરપાલીકાની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ મેઘરાજા ખોલી નાંખતા હોય છે. પરંતુ આ વર્ષ માવઠાએ પણ રાજકોટની આબરૂ ધુળ ધાણી કરી નાંખી છે. હજી સુધી એક પણ વોંકળામાં બરાબર સફાઈ હાથ ધરવામાં આવી ન હોવાના કારણે તમામ વોંકળા માત્ર દોઢ ઈંચ વરસાદમા બે કાંઠે વહેતા થઈ ગયા હતા. પોપટપરાના નાલામાં પણ પાણી ભરાયા હતા. સર્વેશ્વર ચોકનો વોંકળો પણ સ્વિમીંગ પુલમાં ફેરવાય ગયો હતો. પ્રહલાદ પ્લોટમાં વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતુ.

કોર્પોરેશનના ફાયર બ્રિગેડના રેકોર્ડ પર શહેરના વેસ્ટઝોન વિસ્તારમાં ૩૯ મીમી, ઈસ્ટઝોન વિસ્તારમાં ૨૬ મીમી અને સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૨૭ મીમી વરસાદ પડયો હતો. જયારે હવામાન વિભાગના રેકોર્ડપર ૩૦ મીમી વરસાદ પડયો હતો. રાજ્યના છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૪ તાલુકામાં વરસાદ પડયો હતો.

રાજકોટમાં ગઈકાલે મોસમના બે મિજાજ જોવા મળ્યા હતા બપોરે શહેરનું મહતમ તાપમાન ૪૧.૪ ડિગ્રીએ પહોચી ગયું હતુ. જયારે સાંજના સમયે દોઢ ઈંચથી વધુ વરસાદ પડયો હતો. આગામી બે થી ત્રણ દિવસ હજી રાજયભરમાં કમોસમી વરસાદની આગાહી આપવામા આવી છે. ત્યારબાદ રાજયભરમાં ફરી હીટવેવ હાહાકાર મચાવશે.

## બન્ની ગજેરા...

ભાવતા હોય એટલે વિશાલે તેના મિત્રની ઘરવાળીને અશ્વિન ઠુંમરને પાસઆઉટ કરી દીધી. આં લોકો ગામની મહિલાઓને પણ મુકતા નથી તેવો આળ મુકતો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ કર્યો હતો. જે મામલે અશ્વિન ઠુંમર અને વિશાલ ખૂંટએ ચારિત્ર પર સવાલ કરી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બદલ ફરિયાદ નોંધાવી હતી.

જયારે અતુલકુમાર વિનોદરાય માવાણી નામના સાડીના કારખાનેદારે જેતપુર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, ગઇ તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ ગોંડલ ખાતે પાટીદાર સમાજ તથા ક્ષત્રિય સમાજે સંયુક્ત પ્રેસ કોનફરન્સ યોજેલ હતી. જેમાં ગોંડલ શહેરમાં એક પાટીદાર યુવાન તથા ક્ષત્રિય સમાજના યુવાન વચ્ચે મારામારીનો બનાવ બનેલ જે બનાવનો વિડીયો વાયરલ થયેલ હતો. જે અંગે સમાજના અમુક માણસો ખોટી અફવાઓ ફેલાવી બંન્ને સમાજને ગેરમાર્ગે દોરતા હોય જેથી પાટીદાર સમાજ તથા ક્ષત્રિય સમાજ વચ્ચે કોઇ ગેરસમજ ના થાય તે માટે પ્રેસ કોન્ફોરન્સ યોજેલ હતી. જે પ્રેસ કોન્ફોરન્સ બાદ સોશીયલ મિડીયા ફેસબુકમાં અમારા સમાજના આગેવાનો વિરૂધ્ધ જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામનો ભાવિન ઉર્ફે બન્ની ગજેરાએ તે પ્રેસ કોન્ફોરન્સ અંગે વિડીયો બનાવી તેમાં અમારા સમાજના આગેવાનોને બદનામ કરવાના ઈરાદે અભદ્ર ટીપ્પણીઓ કરી વીડીયો બનાવી સોશીયલ મિડીયામાં છેલ્લા ઘણા દિવસથી વાયરલ કરતો હોય જેથી અમારા સમાજમાં કોઈ ગેરસમજ ઉભી ન થાય અને અમારા સમાજના આગેવાનોની બદનામી થાય નહિ તેના માટે ગઈ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ હું તથા મારો મિત્ર રાકેશભાઈ કટારીયા, વિવેકભાઇ ચનીયારા મારી સ્કોર્પીયો ફોરવ્હીલમાં ગોંડલ થી બપોરના એકાદ વાગ્યા વખતે ધોરાજી પી.વી.સી. પાઈપ લેવા માટે નીકળેલ હતા. તે વખતે આશરે બે વાગ્યાની આસપાસ મોટા ગુંદાળા ગામે બ્રીજ પાસે પહોંચતા ત્યાં ભાવીન ઉર્ફે બન્ની ગજેરા ઉભો હોય અમે ત્યાં ગાડી ઉભી રાખી નીચે ઉતર્યા હતા.

બાદમાં મે બન્નીને કહ્યું હતું કે, તું અલ્પેશભાઈ ઢોલરીયા વિશે સોશિયલ મીડીયામાં જે વીડીયો વાયરલ કરે છે તે સારૂ નથી લાગતું. તું અલ્પેશભાઈ ઢોલરીયા આપણા સમાજના એક પ્રતિષ્ઠિત આગેવાન છે. તે જીલ્લા ભાજપ પ્રમુખ તથા ગોંડલ માર્કેટીંગ યાર્ડના ચેરમેન છે. જેથી તું સોશીયલ મીડીયામાં તેના વીડીયો ન મુક તેમ સમજાવેલ હતું. તો બન્ની ગજેરાએ કહ્યું કે, આ બધુ બંધ કરવું હોય તો રૂ. ૧૧ લાખ આપવા પડશે તો હું આ સોશિયલ મીડીયામાં વીડીયો વાયરલ કરવાનું બંધ કરી દઉં નહિતર તો હું આવા વીડીયો બનાવી વાયરલ કરવાનું ચાલુ રાખીશ. મારે સમાજ સાથે કાઈ લેવા દેવા નથી મારે રૂપિયા જોઈએ જો હોય તો બોલો નહિતર મારે કોઈ વાત કરવી નથી. જેથી અમે તેને સમજાવેલ કે, સમાજની બદનામી કરો છો અને રૂપિયાની પણ માંગણી કરો છો તે સારૂ નથી. જેથી તે બોલવા લાગેલ કે, મારે પૈસા સિવાય વધુ કોઈ વાત કરવી નથી અને મારો તો આ જ ધંધો છે અને હવે તો આનાથી ખરાબ ભાષાના વીડીયો બનાવવાનું ચાલુ રહેશે તેમ કહી હવે તમે અહિયાથી જતા રહો અને બીજી વખત આ બાબતે મારી પાસે આવશો તો મજા નહી રહે અને જો મને કયાંય નડશો તો તમને ખોઈ નાખવા પડશે તેમ ધમકી આપી ગાળો આપવા લાગેલ હતો. વધુમાં મને કહેલ કે, હવે તો તારા પણ ફોટા તથા વીડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરીશ અને તને પણ બદનામ કરી નાખીશ તેમ ધમકી આપેલ હતી.

જેથી સાડીના વેપારીએ રૂ. ૧૧ લાખની ખંડણી અને ધમકી અંગે જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં ત્રણ અલગ અલગ ગુના દાખલ થતાં પોલીસે ભાવિન ઉર્ફે બન્ની ગજેરાની શોધખોળ શરૂ કરી છે.

## રાજનાથસિંઘ...

મંત્રી રાજનાથ સિંહ અલગ અલગ રાજયોની મુલાકાતે જઇ રહ્યા છે. એરબેઝ પર જ સૈનિકો સાથે વાતચિત કરે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તાજેતરમાં પંજાબના આદમપુર એરબેઝની મુલાકાત ગયા હતા જયાં તેઓએ સૈનિકો સાથે વાતચીત કરી હતી અને સંબોધન પણ કર્યુ હતું.

દરમિયાન કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઇકાલે શ્રીનગરની મુલાકાત લીધી હતી. સૈનિકોને મળ્યા હતા. તેઓની સાથે ઓપરેશન સિંદુર સંદર્ભે વાતચીત કરી હતી.

દરમિયાન આજે સવારે તેઓ ગુજરાતના કચ્છના ભુજની મુલાકાતે આવી પહોચ્યા હતા. સવારે ૧૧ કલાકે તેઓનું ભુજ એરપોર્ટ ખાતે આગમન થયું હતું. જયાંથી તેઓ ઈન્ટરનલ રસ્તા મારફત ભુજ એરબેઝ પર પહોચ્યા હતા એરબેઝ ખાતે તેઓએ ભારતીય જવાનો સાથે એક કલાકથી પણ વધુ સમય પ્રસાર કર્યો હતો. 'ઓપરેશન સિંદુર' અંગે જવાનો સાથે વાતચીત પણ કરી હતી. પાકિસ્તાનના ડ્રોન હુમલાને સતત ત્રણ-ત્રણ દિવસ સુધી નિષ્ફળ બનાનાર સેનાના જવાનોને સલામી આપી હતી. તેઓએ ભુજ એરફોર્સ સ્ટેશનની પણ મુલાકાત લીધી હતી.

પાકિસ્તાને ભુજ એરબેઝને પણ નુકશાની પહોચાડવાનો પ્રયાસ કર્યા હતો. પરંતુ ભારતીય સેનાના બહાદુર જવાનોએ પાક.ને જડબાતોડ જવાબ આપતા તમામ ડ્રોન એટેકને નિષ્પળ બનાવ્યા હતા. આજે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. દરમિયાન આવતીકાલથી બે દિવસ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ માદરે વતનની મુલાકાતે આવી રહયા છે. આવતા સપ્તાહના અંતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ગુજરાતની મુલાકાતે આવે તેવી અટકળો પણ ચાલી રહી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ પાંચપીપળા નિવાસી હાલ રાજકોટ સ્વ. મનસુખભાઈ ભૂદેવભાઈ પંડ્યાના પુત્ર ભરતભાઈ (ઉ.વ. ૬૭) તે રમાશંકરભાઈ અને ડો. ભુપતભાઈના ભત્રીજા, તે બીપીનભાઈ, ભાવેશભાઈ અને રાજેશભાઈના વડિલ બંધુ તે હાર્દિકભાઈ, જિજ્ઞાસાબેન નિખારકુમાર ખંધેડીયાના પિતાશ્રી સ્વ. સુરેશભાઈ ભાઈશંકર જોષીના જમાઈનું તા. ૧૫/૫ને ગુરૂવારના અવસાન થયું છે, સદગતનું ઉઠમણું તથા બેસણું બંને પક્ષનું તા.૧૭/૫ને શનિવારે સાંજે ૪થી ૬ પર્ણકુટી હોલ, પર્ણકુટી સોસાયટી શેરી નં. ૨ રાજકોટ ખાતે રાખ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સિહોર: સૈન્યના શૌર્યને સન્માનીત કરતી તિરંગાયાત્રાને લોકોએ પુષ્પવર્ષા કરી વધાવી

**અબતક, આનંદ રાણા, સિહોર**



સિહોરમાં ભવ્ય તિરંગા યાત્રા ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં બંધન પાર્ટી પ્લોટ થી મુખ્ય બજાર થી વડલાચોક સુધી યોજાઈ હતી.

શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો. બંધન પાર્ટી પ્લોટ થી વડલાચોક, આંબેડકર ચોક, પ્રગટનાથ, ટાણા ચોકડી થી વડલા ચોક સુધીના રૂટ પર લોકોએ પુષ્પવર્ષા કરીને તિરંગા યાત્રાનું સ્વાગત કર્યું હતું.

સિહોર શહેરમાં તિરંગા યાત્રામાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, જાંજરકા જગ્યાના મહંત, ધારાસભ્ય સર્વે મહંત શંભુનાથ ટૂંડીયા, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, શિવાભાઈ ગોહિલ, સાધુ સંતો, આગેવાન નિલેશભાઈ જાની, સહિતના પદાધિકારીઓ, હોદ્દેદારો, અગ્રણીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર: તિરંગા યાત્રામાં લોકો દેશભક્તિના રંગે રંગાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સમગ્ર દેશમાં પાકિસ્તાનને પહેલગાવ પર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલ હુમલાના જવાબમાં ભારતીય સૈનિકો દ્વારા આપેલ જડબાતોડ જવાબ અને વિરતાના ભાગરૂપે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર ખાતે પણ તિરંગા યાત્રા યોજાઈ હતી.

આતંકવાદીઓ દ્વારા પહેલગાવમાં કરેલ હુમલામાં ભારતીય પર્યટકોના મોત બાદ ભારતીય સૈનિકોએ તેનો વળતો પ્રહાર કરી પાકિસ્તાનમાં આવેલ આતંકવાદીઓના ૯ થી વધુ ઠેકાણાઓને નેસ્ત નાબુદ કરી દીધા છે. યુધ્ધ વિરામ બાદ સમગ્ર દેશમાં ઓપરેશન સિંદુર અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર શહેરના મેગા મોલથી ટાંકીચોક, પતરાવાળી ચોક સહિતના મુખ્યમાર્ગો પર તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી જેમાં તિરંગા સાથે રાજકીય તેમજ સામાજીક આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓ દરેક જ્ઞાતિના આગેવાનો, શહેરીજનો તેમજ પૂર્વ સૈનિકો તેમજ મુસ્લીમ અને વોરા સમાજના લોકો પણ જોડાયા હતા અને સમગ્ર માહોલ દેશ ભક્તિના રંગમાં રંગાઈ ગયો હતો.

# અંજારના ધારાસભ્યએ મામલતદાર કચેરીની મુલાકાત લઈ અરજદારોની સમસ્યાથી થયા વાકેફ

**અબતક, ભારતી માખીજાણી, અંજાર**



અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા અંજાર મામલતદાર કચેરીની મુલાકાત લઈ અરજદારોને મળ્યા હતા. ત્રિકમભાઈ છાંગાએ કચેરીએ સરકારી કામકાજ માટે ઉપસ્થિત વિસ્તારના અરજદારો સાથે મુલાકાત કરી પ્રશ્નો સાંભળ્યા હતા. આ સાથે જ તેમણે અરજદારોને સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજના અંગે માહિતી પ્રદાન કરી હતી. લોકોને તેમના પડતર પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. અરજદારો સાથે મુલાકાત કરી તેમના પ્રશ્નો જાણ્યા બાદ ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ અંજાર મામલતદાર અને કચેરીના વિવિધ વિભાગોના અધિકારી અને કર્મચારીગણ સાથે મુલાકાત કરી હતી. ધારાસભ્યએ અરજદારોને કનડતા પ્રશ્નોને વાચા આપી સત્વરે તેના ઉકેલ માટે અધિકારીગણને સૂચન કર્યું હતું. સરકારી કચેરીએ આવતા અરજદારોને પડતી હાલાકીઓ માટે અને તેમના માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે માટે જરૂરી સૂચન કર્યા હતા.

# જૂનાગઢમાં ટ્રાફિક સમસ્યા નિવારવા પોલીસની ઝુંબેશ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયાની તેમજ પોલીસ અધિક્ષક બી.યુ.જાડેજાની સુચના હેઠળ તથા ડી.વાય.એસ.પી. હિતેષ ધાંધલ્યા, જૂનાગઢ શહેરના સીધા માર્ગદર્શન હેઠળ શહેર ટ્રાફિક શાખાના પી.આઈ. બી.બી.કોળી દ્વારા જૂનાગઢ શહેરમાં ટ્રાફિક સમસ્યાનું નિવારણ લાવવા માટે પોલીસ તંત્ર દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવેલ છે. શહેરના અલગ-અલગ વિસ્તારનો સર્વે કરતા જૂનાગઢ પંચહાટળી ચોક અને માંગનાથ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ખુબ જ પ્રમાણમાં હોય છે. જેથી ટુ-વ્હિલર પાર્કિંગની જગ્યાની શોધખોળમાં હોય, ત્યારે આઝાદચોક લાઈબ્રેરી નજીક પોસ્ટ ઓફિસની બાજુમાં બનતા જલારામ મંદિરની જગ્યામાં પાર્કિંગ કરવા માટે જલારામ મંદિરના ટ્રસ્ટ્રી અને માજી ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ દ્વારા જલારામ મંદિરની આ જગ્યા ટુ-વ્હિલર પાર્કિંગ માટે ઉપયોગ કરવા જણાવેલ છે. જેથી જૂનાગઢ આઝાદચોક, પંચહાટળી અને માંગનાથના વેપારીઓ તથા સદર જગ્યાએ ખરીદી કરવા આવતા જાહેર જનતાને પોતાના ટુ-વ્હિલરો આઝાદ ચોક લાઈબ્રેરી નજીક પોસ્ટ ઓફિસની બાજુમાં બનતા જલારામ મંદિરની જગ્યામાં અને મહાનગરપાલિકાની સામેથી ડબ્બા ગલીમાં થોડી દુકાનો મુકતા અંદરની સાઈડ પાર્કિંગ કરી ટ્રાફિકની સમસ્યાના નિવારણમાં સહભાગી થવા એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# જૂનાગઢ: આદિમ જૂથના સીદી સમુદાયના ૧૫૫૦ પરિવારોને મળ્યા વિવિધ સરકારી યોજનાના લાભ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં આદિમ જૂથના સીદી સમુદાયના આશરે ૧,૫૫૦ પરિવારોને સરકારની વિવિધ જનકલ્યાણલક્ષી યોજનાઓ તથા લાભ સેવાઓના લાભ પ્રાપ્ત થયો છે.

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અભિયાન હેઠળ વિવિધ વિભાગ દ્વારા ૨૩ કેમ્પ યોજવામાં આવ્યા હતા. અભિયાનના બીજા તબક્કા અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં સાસણ, શીરવાણ, મેંદરડા, ગડુ, અમરાપુર (ગીર)ના ગામ તેમજ કેશોદ, માંગરોળ, અને જૂનાગઢ શહેરમાં વસતા સીદી સમુદાયના અંદાજે ૧,૫૪૦ લોકોનો સમાવેશ કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત આદિમ જૂથના સીદી સમુદાયને યોજનાકીય લાભો આપવામાં આવ્યા હતા.

આ અભિયાન અંતર્ગત ૧,૫૩૩ લોકોના આધારકાર્ડ નવા કઢાવવા તેમજ અપડેશનની કામગીરી, ૧,૨૦૭ લોકોના જાતિના પ્રમાણપત્ર, પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ૧,૫૩૮ લોકોના બેંક ખાતા ખોલાવવા, ૧,૩૪૫ લોકોના આયુષ્માન કાર્ડ, ૧,૫૩૫ લોકોના રેશનકાર્ડ, પીએમ કિસાન યોજના અંતર્ગત ૨૧૩ કુટુંબોને પીએમ કિસાન કાર્ડ,માળીયા તાલુકાના અમરાપુર (ગીર) માં ૪ આવાસ અને મેંદરડા તાલુકાના સાસણમાં ૧ આવાસ નિર્માણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

### તેરા તુજકો અર્પણ

# જૂનાગઢ: મોબાઈલ ફોન બે બાઈક સહિતનો મુદ્દામાલ માલિકને સુપરત કરતી પોલીસ




**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ શહેર પોલીસ મથક વિસ્તારમાં મોબાઇલ ખોવાઈ જવાના બનાવો બનતા હોય, ત્યારે આઈ.જી. નિલેશ જાજડિયા, ઈન્ચાર્જ એસ.પી. ભગીરથસિંહ જાડેજાની સુચનાથી ડીવાયએસપી હિતેશ ધાધલીયાના માર્ગદર્શનમાં પીઆઈ આર કે પરમાર, પીએસઆઈ વાય એન સોલંકીની ટીમે રૂ. ૪,૦૮,૩૪૩ ની કિંમતના ૧૯ મોબાઈલ ફોન ટ્રેસ કરીને મેળવ્યા હતા. તેમજ ઘર ફોડ ચોરીનો રૂ. ૧,૦૩,૨૫૦ નો મુદ્દામાલ તથા રૂ. ૪૦,૦૦૦ ના બે બાઈક આરોપી પાસેથી રિકવર કરી, ત્વરિત કોર્ટ કાર્યવાહી કરવામાં આવી હતી અને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૨૦ મોબાઈલ ફોન ઘરફોડ ચોરીની માલમતા તથા બે બાઈક સહિત રૂ. ૫,૫૧,૫૯૩ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

# જસદણના વોર્ડ નં.૬માં વરસાદ પાણી ભરાયા: રહીશો ત્રસ્ત



**અબતક, હિતેશભાઈ, જસદણ**

જસદણના વોર્ડ નંબર ( છ) ૬ માં વરસાદીઓના પાણી ભરાણા લોકોને ચાલવામાં ખૂબ જ તકલીફ રોડ રસ્તા બનાવવા માટે નગરપાલિકાને લેખિતમાં માગણી કરેલ છે છતા નગરપાલિકાએ

રોડ રસ્તા બનાવવામાં આવેલ નથી લોકોમાં રોર્ષ જોંવા મળે છે આટકોટ રોડ ઉપર આવેલ વોર્ડ નંબર ૬ ગંગા ભવન વિસ્તારમાં આવેલ સાંદિપની સ્કૂલની પાછળ ની શેરીઓમાં રોડ રસ્તા બનાવવામાં આવેલ નથી તેના કારણે વરસાદીઓના પાણી ભરાણા છે લોકોને ચાલવાની ખૂબ તકલીફ પડે છે આ વિસ્તારના લોકોની માંગણી છે કે આ વિસ્તારમાં તાત્કાલિક ધોરણે રોડ રસ્તા બનાવવામાં આવે તેવી નગરપાલિકાને લેખિતમાં માંગણી કરેલ છે.

### કમોસમી વરસાદને કારણે

# ઉપલેટા: ઉનાળુ પાકને થયેલ નુકસાનનું ખેડૂતોને વળતર ચૂકવવા માગ કરતા પૂર્વ સરપંચ નારણભાઈ આહિર

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટા તાલુકામા કમોસમી વરસાદને કારણે ઉનાળુ પાક બાજરો તલ મગ અડદ જેવા પાકોને ખૂબ જ નુકસાન થયેલું હોય ત્યારે આ તાલુકાના ખેડૂતોએ વળતર ચૂકવવા કૃષિ મંત્રીએ વળતર સુકવવા માગણી કરેલ છે આ બાબતે ગઢાળા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે જણાવેલ છે ખેતીવાડી ખાતાના અધિકારીઓએ તાત્કાલિક સર્વે કરી કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાનીનું તાત્કાલિક સર્વે કરવું જોઈએ તેમજ ખેડૂતોને વળતર ચૂકવવું જોઈએ વરસાદને કારણે ઉનાળુ પાકમાં નુકસાન થયેલ છે તે સરકારને જરા પણ જોવામાં આવતું નથી ત્યારે સર્વે કરી ખેડૂતોને વળતર ચૂકવવા પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે માગણી કરેલ છે.

# જેતલસર જંકશનનું ગૌરવ વધારતી ગુંજન ઠુંમર



જેતલસર: જેતલસર જંકશન નિવાસી મુકેશભાઈ શામજીભાઈ ઠુંમરની સુપુત્રી ગુંજને સીબીએસસી બોર્ડ ધોરણ-૧૨ સાયન્સમાં ૮૯.૨૦ ટકા સાથે પીએમ શ્રી સ્કૂલ જવાહર નવોદય વિધાલય રાજકોટમાં પ્રથમ ક્રમાંક મેળવીને શાળા ગામ તેમજ ઠુંમર પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

# જૂનાગઢ જિલ્લામાં ૩૦મી સુધી સમર યોગ કેમ્પ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

બાળકો સમર વેકેશનમાં વિવિધ જીવન ઉપયોગી તાલીમ લે અને તેમનું સર્વાંગી ઘડતર કરે તે જરૂરી છે. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં હાલમાં સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુકત ગુજરાત અભિયાન ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે જૂનાગઢ શહેરમાં ૦૭ થી ૧૫ વર્ષના બાળકો માટે યોગ અને સંસ્કાર શિબિર આજથી ૩૦-૦૫-૨૦૨૫ સુધી યોજાશે. જેમાં ૦૭ થી ૧૫ વર્ષના વયજૂથમાં સમાવિષ્ટ બાળકો ભાગ લઈ શકે છે. આ કેમ્પ ટીંબાવાડી બગીચો, પાણીના ટાંકા પાસે સવારના ૦૭-૦૦ થી ૦૯-૦૦ કલાક સુધી યોજાશે. રજીસ્ટ્રેશન માટે WWW.GSYB.IN આ વેબસાઈટની મુલાકાત લેવા તથા વધુ માહિતી મોબાઈલ નંબર ૭૯૮૪૪૦૦૩૦૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત

# જસદણની દેવાંગીને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટથી મળ્યું નવુ જીવન

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**



રાજકોટ જિલ્લાના જસદણની દેવાંગી જન્મથી જ વારંવાર બિમાર પડતી દેવાંગી એક વર્ષની થઈ ત્યારે વારંવાર લોહી ચડાવવું પડતુ. આ બાળકીને ધ ગુજરાત કેંસર રીસર્ચ ઈંસ્ટીટ્યુટ અમદાવાદ હોસ્પિટલમાં વિનામૂલ્યે સમયસર બોન મેરો ટ્રાસપ્લાન્ટની વિનામુલ્યે સઘન સારવાર આપી બ્લડ કેસરની બિમારીથી નવુ જીવન મળ્યું છે.

તા.૨૯.૦૭.૨૧ના રોજ જન્મેલી દેવાંગીની વાત કરીએ તેમના પિતા રોહિતભાઈ બરવાલિયા ખેતીકામ કરતા નાના એવા મધ્યમવર્ગ પરીવારમાં જન્મેલી. તા ૨૭.૧૧.૨૩ના રોજ જસદણ તાલુકાના વિરનગર સબ સેંટરમાં મમતા દિવસે તેમના પરીવાર લાવેલ. ત્યારે દેવાંગીના પરીવાર જનોએ જણાવ્યુ કે દેવાંગીને વારંવાર લોહી ચડાવવું પડે છે. આ વાતની જાણ ફીમેલ હેલ્થ વર્કરને થતાં તેણે માઈક્રોસાયટીક હાયપોક્રોમિક એનિમિયા હોવાનું નિદાન કર્યું. આપણી આરબીએસકે ટીમ અને સીવીલ હોસ્પિટલના ડોક્ટરોની ટીમે શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ વિષે જણાવ્યુ અને સારવારનો તમામ ખર્ચ સરકારના આરબીએસકે કાર્યક્રમમાં સરકાર ઉઠાવશે. તા.૧૫.૦૫.૨૦૨૪ના જીસીઆરઆઇ અમદાવાદથી દેવાંગીની સારવાર શરૂ કરવામાં આવી. ત્યા દેવાંગીને બોન મેરો ટ્રાંસપ્લાટ કરવામાં આવેલ. ત્યાર બાદ દેવાંગીની ફોલોઅપ તપાસ પણ કરવામાં આવે છે. અને હાલ દેવાંગી એકદમ સ્વસ્થ છે. પિતા રોહીતભાઈ અને તેનો પરીવાર સરકારની આર.બી.એસ.કે. યોજના, આર.બી.એસ.કે. ટીમ, સીવીલ હોસ્પિટલના ડોક્ટરો અને જીસીઆરઆઇ અમદાવાદના ડોક્ટરો તથા સરકાર પ્રત્યે આભાર પ્રગટ કરે છે.

# વેરાવળ જન સમાજ સેવા સંઘ આયોજિત નેત્રયજ્ઞનો ૯૮ લોકોએ લાભ લીધો

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**




વેરાવળ જન સમાજ સેવા સંઘ દ્વારા સ્વ.રમેશ મસાણી બ્લડ બેન્ક ખાતે નિઃશુલ્ક નેત્રયજ્ઞ આ કેમ્પના દાતા સ્વ. મણીભાઈ અને સ્વ.સુશીલાબેન પંચાલ તથા શ્રી જલારામ મંદિર ગ્રીન ફન યુકે રાજકોટ દિવ્ય સંઘ જીવન સહયોગથી નેત્ર નિદાન કેમ્પનો શુભારંભ કૌસ્તુભ ટ્રેનીંગ સેન્ટર પ્રમુખ મીનાબેન જાદવ એકસ આર્મી મેન મુકેશસિંહ ઝાલા સાહેબ અને સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર ટ્રસ્ટ અને ડો.વર્મા દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. આ કાર્યમાં શિવાનંદ મશીન વીરનગર ડોક્ટર વર્માની ટીમ દ્વારા તપાસ કરવામાં આવેલ જેમા ટોટલ ૯૮ દર્દીઓને ચેક કરી નિઃશુલ્ક નિદાન કરી ઓપરેશનની જરૂરિયાત વાળા દર્દીને સારવાર માટે વીરનગર ઓપરેશન માટે લઈ જવાયા હતા. ઓપરેશન કર્યા પછી દર્દીઓને વેરાવળ મૂકી જવામાં આવશે. દર્દીને રહેવા જમવાની સેવા સંસ્થા દ્વારા આપવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા જન સમાજ સેવા સંઘ જયંતીભાઈ આંજણી સુમનભાઈ સિંધલ સહિત તેમની ટીમએ જહેમત ઉઠાવી હતી.

# વિસાવદર: ન.પા.ના ખાડે ગયેલા વહીવટથી લોકો ત્રાહિમામ: નેતાઓ ‘ગાયબ’

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર ની જનતાએ વિકાસના નામે ભારતીય જનતા પાર્ટીને સતા નું સુકાન સોંપેલ પણ હવે નાગરિકો નગરપાલિકાના વહીવટી બિલકુલ નારાજ છે અને પસ્તાવો કરી રહ્યા છે.બિનસતાવાર જૂથોથી બહાર આવી રહ્યું છે કે એક ચોક્કસ સિનીયર ગૃપ અત્યારે નારાજ છે કેમ કે તેમનું સતત અવમૂલ્યન થઈ રહ્યું છે.સગાવાદની ભયંકર પ્રવૃતિનો ભોગ અનુભવી અને વહીવટી જાણકાર કર્મચારીઓ બન્યા છે.પોતાના મનપસંદ અને જ્ઞાતિ આધારે રોજમદારી કર્મચારીની ભરતી કરીને અને વહીવટી પ્રક્રિયાઓ ખાડે ગયેલ છે એમાં મુખ્યત્વે પાણીની લીકેજ લાઈન ગટર વ્યવસ્થા જેવા પ્રાણ પ્રશ્નોથી પ્રજા ત્રાહિમામ છે. આગામી દીવસોમાં મુખ્ય માર્ગોનું કામ ઝડપથી નહીં થાય તો લોકો આંદોલન કરશે એવું પણ આગેવાનો જણાવી રહ્યા છે.નગરપાલિકા શાસનની વિરુદ્ધ રણશિંગું ફૂંકનાર આમ આદમી પાર્ટીના નેતાઓ પણ ક્યાં ગાયબ થઈ ગયા એવું લોકો પૂછી રહ્યા છે.ભૂગેભ ગટર યોજના તેમજ અન્ય બિલો ની વિગતો મુજબ કાંઈક અંદર રંધાઈ રહ્યું હોય એવું લાગે છે.

# જૂનાગઢ જિલ્લામાં ૩૦મી સુધી સમર યોગ કેમ્પ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ શહેરમાં વિવિધ સ્થળો પર વિવિધ દિવસોએ સમર સ્પેશિયલ યોગ કેમ્પનું આયોજન કરવામાં આવશે. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત આગામી તારીખ ૩૦-૦૫-૨૦૨૫ સુધી જૂનાગઢ શહેરમાં વિશેષ સમર યોગ કેમ્પ કાર્યક્રમો યોજાશે. જૂનાગઢ શહેર તથા જિલ્લાના તમામ નાગરિકો આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાગ લે, તેમ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢમાં વૃતિકા યોજના અંતર્ગત મહિલાઓને કેનિંગ તાલીમ અપાશે

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

રાજ્ય સરકારના માર્ગદર્શન અનુસાર બાગાયત વિભાગ દ્વારા મહિલાઓને મદદરૂપ થવા માટે મહિલા તાલીમર્થીઓ માટે વૃતિકા (સ્ટાયપેંડ) યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના અન્વયે વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓનલાઈન અરજી કરવા માટે ઓનલાઈન પોર્ટલ હાલમાં કાર્યરત કરવામાં આવેલ છે. જે અંતર્ગત નાયબ બાગાયત નિયામકની કચેરી, નીલમ બાગ, લધુ કૃષિભવન, બહુમાળી ભવનની સામે, જુનાગઢ દ્વારા કેનિંગ તાલીમ કાર્યક્રમ યોજાશે. જેમાં તાલીમાર્થીઓને ફળ, ફુલ અને શાકભાજીમાંથી બનતી વિવિધ વાનગીઓ બનાવીને પ્રેક્ટિકલ સમજણ આપવામાં આવશે તેમજ ફળ અને શાકભાજીના પરિરક્ષણની વિવિધ પદ્ધતિઓ, વાનગીને લાંબા સમય સુધી સંગ્રહ કરવાની પદ્ધતિઓ, વાનગીઓ બગડવાના કારણો અને તેના ઉપાયો તેમજ ડબ્બા પેકિંગ જેવા વિવિધ વિષયો અંગે વિસ્તૃત સમજ આપવામાં આવશે. આ યોજનામાં રૂ.૨૫૦/- પ્રતિ દિનની મર્યાદામાં વૃત્તિકા મળવાપાત્ર રહેશે અને કાર્યક્રમના અંતે પ્રમાણપત્ર આપવામાં આવશે. યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છુક લાભાર્થી મહિલાઓએ https://ikhedut.gujarat.gov.in/site પોર્ટલ પર ૩૧-૦૫ સુધીમાં અરજી કરી શકાશે.

# જસદણ-વિંછીયા પંથકમાં ગ્રામ પંચાયતની ચૂંટણી નજીક આવતા નેતાઓની જનસેવા

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ વિંછીયા પંથકની લગભગ ૩૨ જેટલી ગ્રામ પંચાયતમાં લાંબા સમયથી વહીવટદારનું શાસન હોય અને કેટલીક ગ્રામ પંચાયતોની મુદ્દત પુર્ણ થવાના આરે હોય આથી સરકાર આવી દરેક ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવા અંગે ઝડપભેર તૈયારીઓ કરી રહી છે ત્યારે કેટલાક ચૂંટણી જ તેમનાં રોટલા છે એવાં રાજકારણીઓ પ્રજાની સેવામાં વ્યસ્ત બન્યાં હોવાનું જાણવા મળે છે બંને તાલુકાની કેટલીય ગ્રામ પંચાયતો હેઠળ આવતી મોટા ભાગની જમીનો પર આકાઓની મહેરબાની થકી કરોડો રૂપિયાની જમીનો પર વર્ષોથી પેશકદમી છે. આવા માહોલ વચ્ચે બેલેટ પેપરથી ચૂંટણી નજીકમાં યોજાવાની છે ત્યારે ચુંટણીની મોસમમાં પાક લણી લેવા રાજકારણીઓ સક્રિય બન્યા છે ત્યારે ચુંટણીની ચટણી બનાવતા નેતાઓને આગામી ચૂંટણીમાં પ્રજાએ ખાસ ઓળખી લેવાની જરૂર છે.

# ટાટા અને મહિન્દ્રાની જમાવટ વચ્ચારે હ્યુન્ડાઈનું વેચાણ ૧૨ વર્ષના તળિયે

## હ્યુન્ડાઈની કારના વેચાણમાં ૨૦૧૩ બાદ સૌથી મોટો ઘટાડો : કંપનીએ ટોચના અધિકારીઓને ભારત મોકલી આ મામલે તપાસ કરાવી : ક્રેટા હિટ ગઈ હોવા છતાં કંપનીનું સરેરાશ વેચાણ મોટા પ્રમાણમાં ઘટી રહ્યું છે

**અબતક, નવી દિલ્હી**

ટાટા અને મહિન્દ્રા જમાવટ કરી રહ્યા છે. આ દરમિયાન હ્યુન્ડાઈનું વેચાણ ૧૨ વર્ષના તળિયે પહોંચ્યું છે. પરિણામે હ્યુન્ડાઈએ એક ટિમ દોડાવી તેને ભારત મોકલી હતી અને શું શું સુધારાઓ કરવાની જરૂર છે તેનો રિપોર્ટ તૈયાર કરાવ્યો હતો. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા લિમિટેડનો નાણાકીય વર્ષ ૨૦૨૫ના અંતે ૧૪% બજાર હિસ્સો હતો. જે નાણાકીય વર્ષ ૨૦૧૩ પછીનો સૌથી નીચો બજાર હિસ્સો છે. દક્ષિણ કોરિયા માટે ચિંતાજનક બાબત એ છે કે દેશના પેસેન્જર વાહન બજારમાં લાંબા સમયથી નંબર ૨ પર રહેલું તેનું સ્થાન નીચું આવી રહ્યું છે. ક્રેટા એસયુવીએ તમામ હરીફો પર પોતાનો દબદબો જાળવી રાખ્યો હોવા છતાં, હ્યુન્ડાઈ ફેબ્રુઆરીમાં ત્રીજા સ્થાને સરકી ગઈ છે.

### ક્રેટાએ હ્યુન્ડાઈની આબરૂ સાચવી

વિશ્લેષકો કહે છે કે નવા મોડેલોનો અભાવ અને તાજેતરમાં લોન્ચ થયેલા મોડેલોનું નબળું પ્રદર્શન હ્યુન્ડાઈ બ્રાન્ડના નબળા પ્રદર્શનના મુખ્ય કારણો છે. ''ક્રેટા હ્યુન્ડાઈની એકમાત્ર સતત વેચાણ વધારતું મોડેલ છે,'' એલારા કેપિટલના ઓટો વિશ્લેષક જે કાલેએ જણાવ્યું હતું.

જોકે, એપ્રિલમાં હોલસેલ અથવા ફેક્ટરી ડિસ્પેચમાં હ્યુન્ડાઈ ચોથા સ્થાને આવી ગયું. તેથી, જયારે હ્યુન્ડાઈ હજુ પણ નાણાકીય વર્ષ ૨૦૨૫ માં બીજા ક્રમે પેસેન્જર વાહન ઉત્પાદક હતું, ત્યારે આ વર્ષે પરિસ્થિતિ બદલાઈ શકે છે, આઈપીઓ દ્વારા રૂ. ૨૭,૮૭૦ કરોડથી વધુ એકત્ર કર્યાના થોડા મહિના પછી સ્થિતિ બદલાઈ રહી છે. હ્યુન્ડાઈના વૈશ્વિક મુખ્યાલયના છ સભ્યોના પ્રતિનિધિમંડળે - જેમાં સેલ્સ, માર્કેટિંગ, ફાઈનાન્સ અને પ્રોડક્ટ ડેવલપમેન્ટના અધિકારીઓનો સમાવેશ થાય છે - ગયા મહિને ભારતમાં એક અઠવાડિયું વિતાવ્યું હતું. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે ટીમે ડીલરો, ગ્રાહકો, સપ્લાયર્સ, વિશ્લેષકો અને ફાઈનાન્સર્સ સહિત મુખ્ય હિસ્સેદારો સાથે વિગતવાર બેઠકો યોજી હતી.

ગયા મહિને હ્યુન્ડાઈના પ્રમુખ અને સીઈઓ જોસ મુનોઝની ભારતની પહેલી મુલાકાત દરમિયાન આંતરિક

### હ્યુન્ડાઈ માટે ભારત વિશ્વનું સૌથી મોટુ ત્રીજા નંબરનું બજાર

આ ઘટનાક્રમથી વાકેફ એક વ્યક્તિએ જણાવ્યું હતું કે ભારત હ્યુન્ડાઈ માટે એક મુખ્ય બજાર છે - જે વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમનું સૌથી મોટું બજાર છે, અને મુખ્ય મથક બ્રાન્ડ ગુમાવવાની ચિંતા કરે છે. ''તેઓ સ્થાનિક બ્રાન્ડ્સ - ખાસ કરીને ટાટા અને મહિન્દ્રાની વધતી પસંદગી પર નજીકથી નજર રાખી રહ્યા છે.

ચિંતાઓ જાહેર થઈ હતી, જ્યાં તેમણે ટાઉન હોલમાં સ્થાનિક કર્મચારીઓને સંબોધિત કર્યા હતા. ભારતીય વ્યવસાયની વ્યૂહાત્મક ભૂમિકા પર ભાર મૂકતા, મુનોઝે ઝડપી ગતિએ વિકાસ કરવાનો સંદેશ આપ્યો હોવાનું કહેવાય છે. માર્ચ-ક્વાર્ટરના કમાણી પહેલા શાંત સમયગાળો હોવાનું જણાવીને હ્યુન્ડાઈએ આ સફર અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

# રાજયના ૨૦૦ કેન્દ્રો પર આજથી બાળકો માટે સમર યોગ કેમ્પ યોજાશે

## ૭ થી ૧૫ વર્ષ સુધીના ૨૦ હજાર બાળકોને યોગ મય બનાવવાનું મહત્વપૂર્ણ પગલું

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આજથી આગામી ૩૦મી મે સુધી રાજયના અલગ અલગ ૨૦૦ જેટલા કેન્દ્રો ખાતે ૭ વર્ષથી લઈ ૧૫ વર્ષ સુધીના આશરે ૨૦ હજાર જેટલા બાળકો માટે સમર યોગ કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી યોગ જેવી ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય દેતને સમગ્ર વિશ્વ સુધી પહોચાડી અને ૨૯મી જુનને આંતર રાષ્ટ્રીય યોગ દિવસ તરીકે માન્યતા અપાવી છે.

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીના માર્ગદર્શન હેઠળ યોગને વિસ્તૃત જનસમુદાય સુધી પહોચાડવાની મિશન સાથે કાર્ય થઈ રહ્યું છે.

ગત વર્ષે પણ બોર્ડ દ્વારા ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે સમર યોગ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦૦ જેટલા કેન્દ્રો ઉપર ૧૦૦ બાળકોના લક્ષ્યાંક સાથે રાજયભરમાં નિઃશુલ્ક યોગ કેમ્પ યોજાયા હતા. આ વર્ષે પણ આજથી ૩૦ મે દરમિયાન રાજયભરના ૨૦૦ જેટલા સ્થળો ઉપર સમાન ધોરણો હેઠળ કેમ્પ યોજાશે. આ કેમ્પનો મુખ્ય હેતુ બાળકોમાં સંસ્કાર, નિયમિત જીવનશૈલી, યોગ્ય આહાર અને યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. જેથી તેઓ બાળકોના જીવનમાં પહેલેથી જ યોગને અપનાવે અને ભવિષ્યમાં એક આદર્શ નાગરીક બને, આ કેમ્પમાં ૨૦,૦૦૦ થી વધુ બાળકોના ભાગ લઈ રહ્યા છે. બાળકોને યોગના વિવિધ આસન, પ્રાણાયામ, ધ્યાન અને જીવનશૈલી વિષે તાલીમ આપવામાં આવશે. કેમ્પ દરમિયાન બાળકોને યોગ માહીતી પુસ્તિકા, કેપ અને રમત સાથે યોગ તથા પૌષ્ટિક નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. અત્યંત નવિન રીતે યોગ ચિત્રપોથી પ્રવૃતિ પણ યોજાશે. જેમાં બાળકો યોગ આસન અને પ્રાણાયામનું ચિત્ર દીઠ કલરિંગ કરીને યોગની સમજ વિકસાવશે યોગ દ્વારા માનવ શરીર, મન અને આત્માનું સંતુલન સધાય છે. પતંજલી મુનિના શાસ્ત્રો મુજબ યોગ માત્ર કસરત નહી પણ એક સંપૂર્ણ જીવનશૈલીનું વિજ્ઞાન છે.

યોગ બોર્ડના નિષ્ણાતો દ્વારા બાળકોને યોગના આધારીત તત્વો અને તેના આરોગ્યલાભોની વિસ્તૃત માહીતી આપવામાં આવશે જેથી તેઓ પોતાના દૈનિક જીવમાં યોગ અપનાવી સ્વસ્થ, સંતુલિત અને તંદુરસ્ત જીવનશૈલી વિકસાવી શકે.ગુજરાત રાજય યોગ બોર્ડ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ રાજય મંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજયના દરેક બાળક સુધી યોગનો સંદેશ પહોચાડવા માટે પ્રતિબધ્ધ છે.ગુજરાત રાજય યોગ બોર્ડ માતા-પિતા અને સંરક્ષકોને અપીલ કરે છે કે તેઓ તાત્કાલીક www.gsyb.in પર પોતાના સંતાનોનું નામ નોંધાવી અને તેમના આરોગ્ય મય ભવિષ્ય માટે યોગ યાત્રાની શરુઆત કરે.

### અણઘડ સિટીસ્કેન કેન્સરને નોતરે છે!

# સિટી સ્કેન કરાવતા પહેલા એકવાર નહીં હજારવાર ચેતજો!!!

## ૨૦૨૩માં થયેલા ૯૩ મિલિયન સ્કેનમાંથી ૧ લાખથી વધુ કેન્સરનો અંદાજ:વાર્ષિક દર ૨૦ નવા કેન્સર નિદાનમાંથી લગભગ એક માટે સીટી સ્કેન રેડિયેશન જવાબદાર

### રેડિયેશન અને કેન્સર વચ્ચેનો સંબંધ

આ ચિંતાનું મુખ્ય કારણ સીટી સ્કેન દ્વારા ઉપયોગમાં લેવાતું આયનાઈઝિંગ રેડિયેશન છે. પ્રમાણભૂત એક્સ-રેથી વિપરીત, સીટી સ્કેનર શરીરની આસપાસ ફરીને વધુ ઊર્જાવાન કિરણોત્સર્ગનો ઉપયોગ કરીને વિગતવાર ક્રોસ-સેક્શનલ છબીઓ બનાવે છે. નવી મુંબઈ સ્થિત હોસ્પિટલ્સના કન્સલ્ટન્ટ રેડિયોલોજિસ્ટ સમજાવે છે કે આયનાઈઝિંગ રેડિયેશન ડીએનએમાં રાસાયણિક બંધનો તોડી શકે છે, જેનાથી પરિવર્તન (મ્યુટેશન) થાય છે. જોકે શરીર પાસે આ નુકસાનને સુધારવાની પદ્ધતિઓ છે, તે સંપૂર્ણ નથી અને કેટલાક પરિવર્તન ટકી રહે છે, જે સમય જતાં કેન્સરમાં પરિણમી શકે છે.

**અબતક, રાજકોટ**

સીટી સ્કેન આધુનિક દવામાં એક અનિવાર્ય નિદાન સાધન છે, જે કટોકટીમાં ઝડપી અને ચોક્કસ નિદાન દ્વારા જીવન બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં, સીટી સ્કેન શાબ્દિક રીતે જીવન બચાવનાર બની શકે છે. થોડીક સેકન્ડોમાં, તે મગજમાં રક્તસ્રાવ, ફેફસાના ગંઠાવાનું અથવા ફાટેલા અંગને શોધી શકે છે - જે ઝડપી નિર્ણયો લેવા માટે પ્રેરિત કરે છે જે ઘણીવાર જીવન અને મૃત્યુ વચ્ચેનો તફાવત બનાવે છે. છેલ્લા બે દાયકામાં, કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (સીટી) આધુનિક દવામાં નિદાન નિશ્ચિતતાનો પાયો બની ગયું છે. પરંતુ શું થાય જો આ સાધન, તેની ગતિ અને ચોકસાઈ માટે પ્રખ્યાત, એક છુપાયેલ જોખમ પણ ધરાવે છે જેનો આપણે ઓછો અંદાજ લગાવ્યો છે?જોકે, હાલમાં જ ''જામા ઈન્ટરનલ મેડિસિન'' માં પ્રકાશિત થયેલા એક સીમાચિહ્નરૂપ નવા અભ્યાસે આ ઈમેજિંગ પદ્ધતિના છુપાયેલા જોખમ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. અભ્યાસ ચેતવણી આપે છે કે સીટી સ્કેન દ્વારા ઉપયોગમાં લેવાતી આયનાઈઝિંગ રેડિયેશન, જે ડીએનએને નુકસાન પહોંચાડવા અને પરિવર્તન લાવવા સક્ષમ એક જાણીતું કાર્સિનોજેન છે, તે ભવિષ્યમાં હજારો કેન્સરના કેસોને ઉત્તેજિત કરી શકે છે, જેનો અંદાજ ફક્ત ૨૦૨૩માં યુ.એસ.માં થયેલા કુલ ૯૩ મિલિયન સ્કેનમાંથી ૧૦૩,૦૦૦ કેસ જેટલો છે. જો આ વર્તમાન ઈમેજિંગ પદ્ધતિઓ યથાવત રહે છે, તો વાર્ષિક દર ૨૦ નવા કેન્સર નિદાનમાંથી લગભગ એક માટે સીટી સ્કેન રેડિયેશન જવાબદાર હોઈ શકે છે. સીટી સ્કેન રેડિયેશન ભવિષ્યમાં હજારો નવા કેન્સરના કેસો, ખાસ કરીને સંવેદનશીલ વસ્તી જેમ કે સ્ત્રીઓ અને બાળકોમાં, ઉભરી આવવા માટે જવાબદાર બની શકે છે, જેમાં ફેફસાં, કોલોન, લ્યુકેમિયા અને અન્ય ઘણા પ્રકારના કેન્સરનો સમાવેશ થાય છે. આ માટે સીટી સ્કેનના ઉપયોગમાં વધુ જાગૃતિ, દેખરેખ અને માર્ગદર્શિકાઓનું પાલન અનિવાર્ય છે.

### કયા કેન્સરનું જોખમ અને કોણ વધુ સંવેદનશીલ?

અભ્યાસ મુજબ, ૨૦૨૩ના સ્કેન વોલ્યુમમાંથી અંદાજિત કેન્સરમાં ૨૨,૪૦૦ ફેફસાના કેન્સર, ૮,૭૦૦ કોલોન કેન્સર, ૭,૯૦૦ લ્યુકેમિયા અને સ્તન, મૂત્રાશય તથા થાઈરોઈડ કેન્સરના નોંધપાત્ર કેસોનો સમાવેશ થાય છે. ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો આ રેડિયેશન પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે. બાળકોના પેશીઓ વિકાસશીલ હોય છે અને રેડિયેશનની અસર દેખાવા માટે તેમની પાસે લાંબો સમયગાળો હોય છે, જ્યારે યુવાન સ્ત્રીઓમાં સ્તન અને થાઈરોઈડ જેવા અંગો વધુ રેડિયોસેન્સિટિવ હોય છે. અભ્યાસમાં એક વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓમાં સીટી સ્કેનથી થાઈરોઈડ કેન્સરનું જોખમ છોકરાઓ કરતાં ચાર ગણું વધારે હોવાનું જણાયું.

### ભારત શા માટે જોખમમાં છે?

મહાનગરોમાં કોર્પોરેટ હોસ્પિટલોથી લઈને ટાયર-૨ શહેરોમાં નાના કેન્દ્રો સુધી, સીટી મશીનો નિયમિત બની ગયા છે. જે આયુષ્માન ભારત જેવી યોજનાઓ અને ખાનગી વીમાના કારણે મહાનગરોથી લઈને નાના શહેરો સુધી વ્યાપક બન્યો છે. જોકે, એક મોટી ચિંતા એ છે કે ભારતમાં રેડિયેશનના સંપર્કમાં આવવા અથવા રેડિયેશન-પ્રેરિત કેન્સરને ટ્રેક કરવા માટે કેન્દ્રીય રજિસ્ટ્રીનો અભાવ છે, જેના કારણે આપણે મોટે ભાગે આંતરરાષ્ટ્રીય ડેટા પર આધાર રાખવો પડે છે. આ ઉપરાંત, સ્થાનિક અભ્યાસો દર્શાવે છે કે ૩૦% થી વધુ સીટી સ્કેન સંભવિત રીતે બિનજરૂરી કે ડુપ્લિકેટ હોય છે અને સલામતી પ્રોટોકોલનો અમલ પણ ઘણી જગ્યાએ નબળો જોવા મળે છે.

### આગળનો રસ્તો શું? સંતુલિત ઉપયોગ અને જાગૃતિ

નિષ્ણાતો ભારપૂર્વક જણાવે છે કે ધ્યેય સીટી સ્કેનનો ઉપયોગ બંધ કરવાનો નથી, કારણ કે તે જીવન બચાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. પરંતુ તેનો ઉપયોગ ત્યારે જ થવો જોઈએ જ્યારે તે એકદમ જરૂરી હોય. આ અભ્યાસ ગભરાવા માટે નહીં, પરંતુ સાવચેતી રાખવા માટે છે. ડોકટરો દ્વારા રક્ષણાત્મક દવા અને કેટલીકવાર વ્યાપારી કારણોસર પણ બિનજરૂરી સ્કેનનો ઓર્ડર આપવામાં આવે છે. આ પરિસ્થિતિને સુધારવા માટે આધુનિક મશીનો,અને જ્યારે શક્ય હોય ત્યારે એમઆરઆઈ કે અલ્ટ્રાસાઉન્ડ જેવા રેડિયેશન-મુક્ત વિકલ્પોને પ્રાધાન્ય આપવું જરૂરી છે. દર્દીઓએ પણ સીટી સ્કેન માટે સંમત થતા પહેલા તેની જરૂરિયાત વિશે પૂછપરછ કરવી જોઈએ અને પોતાના ભૂતકાળના સ્કેનનો રેકોર્ડ રાખવો જોઈએ જેથી બિનજરૂરી સંપર્ક ટાળી શકાય. ભારતે તબીબી રેડિયેશનના આ અદ્રશ્ય જોખમનો સામનો કરવા માટે તાત્કાલિક રાષ્ટ્રીય નીતિઓ અને દેખરેખ પ્રણાલીઓ લાગુ કરવી પડશે.

### રેડિયેશન ડોઝ શું હોય છે?

મેડિકલ સ્કેનમાંથી મળતા રેડિયેશન ડોઝને મિલિસીવર્ટ્સ (એમએસવી) માં માપવામાં આવે છે. છાતીનો એક્સ-રે આશરે ૦.૧ એમએસવી હોય છે, જ્યારે મેમોગ્રામ ૦.૪ એમએસવી હોય છે. તેની સરખામણીમાં, છાતીનો સીટી સ્કેન ૬-૭ એમએસવી અને પેટ કે પેલ્વિસનો સીટી સ્કેન ૧૦ એમએસવી થી વધુ હોઈ શકે છે - જે છાતીના એક્સ-રે કરતાં ૭૦ થી ૧૦૦ ગણો વધુ ડોઝ છે. ઈન્ટરનેશનલ કમિશન ઓન રેડિયોલોજીકલ પ્રોટેક્શન મુજબ, સમય જતાં ૧૦૦ ળજદ્દ કે તેથી વધુનો સંચિત ડોઝ કેન્સરના જોખમમાં માપી શકાય તેવા વધારા સાથે સંકળાયેલો છે.

### સિટીસ્કેનથી સંચિત જોખમ અને સંવેદનશીલ અંગો

એચએન રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ, મુંબઈના ડોક્ટર ચેતવણી આપે છે કે સીટી એક્સપોઝર સંચિત હોય છે. જો કોઈ વ્યક્તિ એક વર્ષમાં કે ઘણા વર્ષો દરમિયાન અનેક સ્કેન કરાવે છે, તો કુલ ડોઝ નોંધપાત્ર બની શકે છે, ખાસ કરીને જો ભૂતકાળના સ્કેનનો રેકોર્ડ રાખવામાં ન આવ્યો હોય. બાળકો, યુવાન પુખ્ત વયના લોકો, ખાસ કરીને ૪૦ વર્ષથી ઓછી ઉંમરની સ્ત્રીઓ, સૌથી વધુ જોખમમાં હોય છે કારણ કે તેમના અંગો હજુ વિકાસશીલ હોય છે અને સ્તન તથા થાઈરોઈડ જેવા અંગો રેડિયેશન પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોય છે. પેટ અને પેલ્વિસના સ્કેન, ખાસ કરીને મલ્ટિફેઝ સ્કેન ઉચ્ચ ડોઝને કારણે વધુ ચિંતાજનક છે.

### ઈંગ્લેન્ડ જવા વાળી ટિમ કેવી હશે?

# આજે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત થવાની શકયતા

## ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ પ્રવાસ પર ૫ મેચની ટેસ્ટ શ્રેણી રમશેઃ વિરાટ કોહલી અને રોહિત શર્માની નિવૃત્તિ પછી આ ભારતની પહેલી ટેસ્ટ શ્રેણી હશે



**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમ આવતા મહિને ઈંગ્લેન્ડના પ્રવાસે જવાની છે. ભારતનો ઈંગ્લેન્ડ પ્રવાસ ૨૦ જૂને પ્રથમ ટેસ્ટ મેચથી શરૂ થશે. ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ પ્રવાસ પર ૫ મેચની ટેસ્ટ શ્રેણી રમશે. વિરાટ કોહલી અને રોહિત શર્માની નિવૃત્તિ પછી આ ભારતની પહેલી ટેસ્ટ શ્રેણી હશે. આ શ્રેણી પહેલા ટીમ ઈન્ડિયાને નવો ટેસ્ટ કેપ્ટન મળશે તે નિશ્ચિત માનવામાં આવે છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, યુવા શુભમન ગિલ ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રહેશે. યશસ્વી જયસ્વાલને વાઈસ-કેપ્ટન બનાવી શકાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જસપ્રીત બુમરાહની ફિટનેસને ધ્યાનમાં રાખીને તેને કેપ્ટનશીપ આપવામાં આવશે નહીં. ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં સાઈ સુદર્શનને તક મળવાની અપેક્ષા છે. સુદર્શને IPL 2025 માં પોતાના શાનદાર પ્રદર્શનથી ઘણી બધી હેડલાઈન્સ બનાવી છે. તે યશસ્વી જયસ્વાલ સાથે ઈનિંગની શરૂઆત કરી શકે છે. આ ઉપરાંત શ્રેયસ ઐયર પણ ટીમમાં વાપસી કરી શકે છે. ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને તક મળવી મુશ્કેલ છે.ફાસ્ટ બોલરોમાં જસપ્રીત બુમરાહની સાથે પ્રસિદ્ધ કૃષ્ણા, મોહમ્મદ સિરાજ અને હર્ષિત રાણા પણ સામેલ થઈ શકે છે. આ સિવાય ૧૫ સભ્યોની ટીમમાં ફક્ત બે સ્પિનરોનો જ સમાવેશ થઈ શકે છે. ઈંગ્લેન્ડ પ્રવાસ માટે લગભગ ૨૦ ખેલાડીઓના જૂથની પસંદગી કરી શકાય છે. ૧૫ સભ્યોની ટીમ સિવાય, બાકીના ખેલાડીઓને ટીમ સાથે ટ્રાવેલ રિઝર્વ તરીકે મોકલી શકાય છે.ટીમ ઈન્ડિયા ૨૦ જૂનથી શરૂ થતી પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં ઈંગ્લેન્ડ સામે રમવા માટે તૈયાર છે. ટેસ્ટ સેટઅપમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા વરિષ્ઠ ખેલાડીઓ વગરતેમની પહેલી શ્રેણી હશે.

### રહાણે અથવા અય્યરને કેપ્ટન બનાવાયતો પણ નવાઈ નહિ

અર્જિક્ય રહાણે ટેસ્ટ ફોર્મેટમાં વધુ સારો કેપ્ટન રહી ચુક્યો છે ઓછામાં ઓછું અત્યાર સુધીના ૨ ટેસ્ટ મેચોમાં તેના સો ટકા કેપ્ટનશિપ રેકોર્ડથી આ વાત સ્થાપિત થાય છે. ઓસ્ટ્રેલિયા સામે ભારતીય ટીમનું નેતૃત્વ કરવા માટે કેપ્ટન તરીકે નિમણૂક થયા પછી તે ક્રિકેટની દુનિયામાં તાજેતરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. અર્જિક્યે તેના શાનદાર ફિલ્ડ પ્લેસમેન્ટ અને મેદાન પર હોશિયાર યુક્તિઓથી બધાને પ્રભાવિત કર્યા હતા અને એકબાજુ વિરાટ-રોહિતની જગ્યાએ ટીમમાં સિન્યોરીટી અને મેચ્યોરિટી પ્રમાણે રહાણે અને અય્યરને આગામી ટેસ્ટ સિરીઝમાં કેપ્ટનનો તાજ મળે તો નવાઈ નહિ.

# ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની માર્કશીટનું સોમવારથી વિતરણ કરાશે

**અબતક, રાજકોટ**

ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ગત ૫મેંના રોજ જાહેર કરવામાં આવ્યું હતુ. દરમિયાન આવતીકાલે શાળાઓને વિદ્યાર્થીઓના પરિણામની માર્કશીટ આપી દેવામાં આવશે આગામી સોમવારથી શાળાઓ દ્વારા છાત્રોને માર્કશીટની કોપી આપવાનું શરૂ કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, દ્વારા ધો-૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના તેમજ જીએસઓએસ ઉમેદવારોના પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb. org પર જાહેર કરવામાં આવ્યા છે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ/પ્રમાણપત્ર/ એસ.આર. તેમજ જીએસઓએસ ઉમેદવારોના પરિણામ તમામ જિલ્લાના

### આવતીકાલે શાળાઓને માર્કશીટનું વિતરણ કરી દેવાશે

જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા નિયત કરાયેલા વિતરણ સ્થળ ખાતેઆજથી બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીએ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી તા.૧૭ના રોજ જિલ્લાની સામાન્ય પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની સામાન્ય પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યઓએ પોતાની શાળાનું પરિણામ મુખત્યારપત્ર રજુ કરી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાના રહેશે. શાળાઓએ તા.૧૯ના રોજ વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે જેની શાળાના આચાર્યઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવા અપીલ કરાય છે.

# હાઈકોર્ટના સ્ટે બાદ રંગમતી નદી કાંઠાના દબાણકારોને મનપા એ રૂબરૂ સાંભળ્યા

## ૧૯૦ દબાણકારોને સાંભળ્યા બાદ મહાનગરપાલિકા દ્વારા દબાણ અંગે યોગ્ય નિર્ણય લેવાશે

### હાલની હીટવેવની સ્થિતિ જોતા મકાન-ઝૂપડામાં રહેનાર પરિવારને હાલાકી થશેઃ હાઈકોર્ટ



જામનગર શહેરને નવું નજરાણું મળી રહ્યું છે, અને લોક ભાગીદારીથી તેમજ ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતીની ઉજવણીના ભાગરૂપે જામનગરની ઐતિહાસિક રંગમતી નદી કે જેના પર રિવરફ્રન્ટ બનાવવાનો પ્રોજેક્ટ મંજૂર થયો છે. જેમાં પ્રાથમિક તબક્કે નદીને ઊંડી ઉતારવાની કામગીરીનો પ્રારંભ થઈ ગયો છે.અધિકારીઓની ટીમ વગેરે સ્થળ પર હાજર રહી હતી, અને વહેલામાં વહેલી તકે રિવરફ્રન્ટના પ્રોજેક્ટને આગળ વધારવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ઐતિહાસિક રંગમતી નદી ઉપર બની રહ્યો છે તે પ્રોજેકટ બન્યા પછી રંગમતીની કાયાપલટ થઈ જશે, લાલપુર બાયપાસથી વ્હોરાના હજીરા સુધી બંને બાજુથી નદીને ખોદવાની અને ઉંડી કરવાની કામગીરી શરૂ થઈ ગઇ છે ત્યારે આ કામગીરી ઝડપી બને તે માટે પ્રોજેકટને આડે આવતા લગભગ ૪૫૦ જેટલા ગેરકાયદેસર બાંધકામોનું લીસ્ટ તૈયાર થઈ ચૂક્યું છે અને ગમે ત્યારે આ પાડતોડ શરૂ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યાર રંગમતી નદીના પટમાં થયેલા દબાણ ના ડિમોલિશનને લઈને ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો સામે આવ્યો છે. જામનગરની રંગમતી નદીના કાંઠે આવેલ દબાણો દુર કરવા સામે ગુજરાત હાઈકોર્ટે સ્ટે મુક્યો છે. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, હાલની હીટવેવની સ્થિતિ જોતા મકાન-ઝૂપડામાં રહેનાર પરિવારને હાલાકી થશે.

રંગમતી નદીના પટ્ટમાં આવેલા દબાણો દૂર કરવા મનપાએ કવાયત હાથ ધરી હતી. જો કે બાદમાં આ અંગે એક અરજદાર દ્વારા હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી. ત્યારબાદ જામનગરમાં રંગમતી નદીના પટમાં થયેલા દબાણ અંગે કાલે અસરગ્રસ્તો ને મહાનગરપાલિકા દ્વારા સાંભળવામાં આવ્યા હતા. બાકી રહેનાર અસરગ્રસ્તો ને આજે અને સોમવારે સાંભળવામાં આવશે ત્યાર પછી મહાનગરપાલિકા દ્વારા આ બાંધકામો અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે જામનગરની રંગમતી નદીના પટમાં ૧૯૦ જેટલા ગેરકાયદે બાંધકામ થયેલા છે હવે રિવર ફ્રન્ટ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી બાંધકામ દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા તમામ બાંધકામ ધરાકોને નોટિસ આપવામાં આવી છે આજે ૬૫ અસરગ્રસ્તોને રૂબરૂ રજૂઆત માટે બોલાવ્યો વાયા હતા અને નાયક કમિશનર સહિતના હોય તેમની રજૂઆત સાંભળી હતી આજે ૬૫ અને સોમવારે પણ ૬૦ અસરગ્રસ્તોને સાંભળવામાં આવશે ત્યાર પછી જ મહાનગર પાલિકા દ્વારા પડતોડ અને વહી યોગ્ય નિર્ણય કરવામાં આવશે

# મચ્છુબેરાજા ગામઃ દસ્તાવેજ કર્યા પછી ગીરવોની દાદ ફગાવતી અદાલત

### રકમ ચુકવી દીધી છતા દસ્તાવેજ કેન્સલ ન કરતા ખેડુતે કોર્ટમાં દાદ માંગી ‘તી

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મચ્છુ બેરાજા ગામ ની જમીન નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદ કરવા નો દાવો અદાલતે ના મંજુર કર્યો છે. મચ્છુબેરાજા ગામ માં આવેલ બિનપીયત ખેતીની જમીન ના રેવન્યુ સર્વે નંબર ૬૩/એ છે, દિનેશ મકનભાઈ રાઠોડ(દલવાડી) એ પોતાને રૂપીયાની જરૂરીયાત હોય રુપીયા ૧,૫૦,૦૦૦ લાલપુર ના રહેવાશી પાલાભાઈ ગોજીયા પાસે થી હાથઉછીના (વ્યાજે) લીધેલ હતા અને ખેતીની જમીન ઉપર નાણાંની જરૂરીયાતે પ્રાઈવેટ ગીરો મુકવાની કાયદેસરતા નહી હોવા થી ઉધાર લીધેલ નાણાં ની એન્ટ્રી સરકારી રેકર્ડમાં પડી શકાતી નથી આ મજબુરી એ વાદીએ પ્રતિવાદીએ ખેતીની જમીન નો પાકો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરી આપેલ, અને તે વેચાણ દસ્તાવેજ નો કયારેય અમલ કરવામાં આવતો નથી અને તેની ખાત્રી બદલ વેચાણ દસ્તાવેજમાં ઉલ્લેખ જમીન નો કબજો વેચનાર પાસે રહે છે. વેચનાર જેતે ખેતીની જમીનમાં પોતાનો પાક ઉગાડે છે., લણે છે અને વહેચાણ કરે છે . કબજો ભોગવટો ભોગવે છે.

હકીકતમાં દાવાવાળી જગ્યાનો કબજો ભોગવટો-ઉપયોગ-ઉપભોગ વાદી પોતે કરી રહયા છે, જગ્યા ઉપર આપેલ તમામ ધીરાણ પ્રતિવાદીને આપી દીધેલ હોવા છતા, પ્રતિવાદી દસ્તાવેજ કેન્સલ કરી આપતા નથી, જેથી વેચાણ દસ્તાવેજ રદ અને બીનઅમલી છે તેવા મતલબ નો દાવો લાલપુર ના એડી. સીનીયર સિવિલ જજ સમક્ષ જ્ઞાપન તથા મનાઈ હુકમ મળવાવા માટેનો દાવો દાખલ કરેલ હતો.જે દાવામાં બન્ને પક્ષો તરફથી પુરાવાઓ (સાક્ષીઓ) રજુ કરવામાં આવેલ તથા તપાસવામાં આવેલ હતા જેમાં પ્રતિવાદીના વકિલ નીતલ એમ. ધ્રુવ મારફત ધારદાર દલીલો તથા અલગ-અલગ હાઈકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ લાલપુર ના એડી. સીનીયર સિવિલ જજ દ્વારા વાદી દ્વારા કરવામાં આવેલ જ્ઞાપન તથા કામચી મનાઈ હુકમ મળવાની માંગણી સાથે ખેતીની જમીનનું રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે નો દાવો ડીસમીસ (નામંજુર) કરેલ છે.

આ દાવામાં પ્રતિવાદી ગુજ. પાલાભાઈ વરવાભાઈ ગોજીયા ના વારસદારો, કુંવરબેન પાલાભાઈ ગોજીયા વિગેરે તરફે ધારાશાસ્ત્રી નીતલ એમ. ધ્રુવ , અશોકભાઈ બી. કાંબરીયા., ડેનીશા એન. ધ્રુવ , પુજા એમ. ધ્રુવ , આશિષ પી. ફટાણીયા ,. ધ્વનિશ એમ. જોશી , અલ્ફાઝ એ. મુન્દ્રા , અવિન એ. સોનગરા , પ્રિતેશ કે. ભટ્ટ રોકાયેલ હતા.

# આમરાઃ ભીમ અગીયારશ પહેલા શકુનીઓ જામી પડયા

### રૂ.૩.૦૬ લાખના મુદામાલ સાથે મકાન માલિક સહિત સાતની ધરપકડ

આમરા ગામમાં એક શખ્સના રહેણાંક મકાન પર પોલીસે પૂર્વ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને ૭ પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ત્રણ લાખથી વધુની માલમતા કબજે કરી છે. જામનગરની એલસીબીની ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી, કે આમરા ગામમાં વાડી વિસ્તારમાં રહેતા ચંપકભાઈ છગનભાઈ કટેશીયાના મકાનમાં જુગારધામ ચાલી રહ્યું છે, અને જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના પત્તાપ્રેમીઓ જુગાર રમવા માટે આવ્યા છે. જે ચોક્કસ બાતમી ના આધારે એલસીબી ની ટુકડીએ મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. તે દરોડા દરમિયાન મકાન માલિક સહિત સાત પત્તાપ્રેમીઓ જુગાર રમતાં મળી આવ્યા હતા.

એલસીબી ની ટીમેં બનાવના સ્થળેથી ગંજી પાના વડે જુગાર રમી રહેલા ચંપકભાઈ છગનભાઈ કટેશીયા, સાજણભાઈ રણમલભાઈ કનારા આહિર, કરસનભાઈ ગગુભાઈ ચાવડ, સંજયભાઈ બાબુભાઈ તરાવીયા, વેજાણંદભાઈ વીરાભાઈ આંબલીયા, ધરમશીભાઈ લખુભાઈ કણજારીયા અને વશરામભાઈ માવજીભાઈ સીતાપરા વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી ૮૪,૫૦૦ ની રોકડ રકમ અને મોબાઈલ ફોન તથા ચાર મોટરસાયકલ સહિત કુલ ૩,૦૬,૫૦૦ ની માલમતા કબજે કરી છે.

# ઓનલાઈન ગેમિંગથી બેંક ખાતામાં લેવડ દેવડ કરતા બે શખ્સો ઝડપાયા



સાયબર ફ્રોડ, ઓનલાઈન ગેમીંગથી બેન્ક એકાઉન્ટ મા થતી ગેરકારદેસર નાણાની લેવડ દેવડ કરી રૂપીયા ની હેરફેર કરતા રોકડા રૂપીયા ૯,૦૦,૦૦૦ સાથે બે આરોપીઓ ને જામનગર ની સાયબર ક્રાઈમ પોલીસ ની ટીમે ઝડપી લીધા છે. સાયબર ફ્રોડ અને ઓનલાઈન ગેમિંગ થી બેન્ક એકાઉન્ટ માં મોટી રકમ ની ગેરકાયદે લેવડ દેવડ કરવામાં આવે છે. અગાઉ સાયબર ક્રાઈમમાં ના પોર્ટલમાં કેટલી ફરિયાદ અરજી ઓ પણ મળી હતી.જે બાતમી ના આધારે જામનગર પોલીસ ની સાયબર ક્રાઈમ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. અને પૂર્વ બાતમી ના આધારે જામનગર માં સજુબા સ્કૂલ વિસ્તાર ની બેંક માં લેવડદેવડ કરવા આવેલા રાજકોટ ના ભદ્રેશભાઈ નરેશકુમાર વિપાણી અને જામનગર ના નો હર્ષીલ ઉર્ફે મોન્ટી રમેશભાઈ મુંજપરા ને જામનગર ની સાયબર ક્રાઈમ પોલીસ ની ટીમ ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને આરોપીઓ ના કબ્જા માંથી રૂ. નવ લાખ ની રોકડ રકમ પણ કબજે કરી હતી.

# દુષ્કર્મના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા

### સગીરાને પ્રેમજાળમાં ફસાવી અવાર નવાર હવસનો શિકાર બનાવીતીઃ પિડીતાને બે લાખનું વળતર આપવા હુકમ

જામનગર તાલુકાના સિક્કા પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષ પહેલા નોંધાયેલ સગીરા સાથે ના દુષ્કર્મ અંગે ની ફરિયાદ ના કેસ માં અદાલતે આરોપી ને ૧૦ વર્ષ ની જેલ સજા નો હુકમ કર્યો છે.વર્ષ ૨૦૨૨ માં આરોપી ફીરોજ ગનીભાઈ ચમડીયા એ ફરીયાદી ની સગીર વયની દીકરીને ધાકધમકી આપી શરીર સંબંધ બાંધવા અંગે ફરીયાદી દ્વારા સિક્કા પો.સ્ટે.માં ફરીયાદ નોંધાવાઈ હતી. આરોપી વિરૂધ્ધ દુષ્કર્મ તથા પોકસો એકટ ની કલમ મુજબ નો ગુનો નોંધી પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

આ.અંગે નો કેસ જામનગરની સ્પે. પોકસો અદાલતમાં ચાલી જતા ભોગબનનાર, ફરીયાદી, મેડીકલ ઓફીસરની જુબાની તથા સરકાર પક્ષે રજુ કરવામાં આવેલ ૪૨ જેટલા દસ્તાવેજી પુરાવાઓ, તેમજ ૧૨ જેટલા સાહેદોની સોગંદ ઉપરની જુબાની તથા સરકાર પક્ષે મુખ્ય જીલ્લા સરકારી વકીલ જમન કે. ભંડેરી એ અદાલત સમક્ષ ધારદાર દલીલ કરતાં જણાવેલ કે, આરોપી સામે સગીર વયની બાળા સાથે બદકામ, તેમજ દુષ્કર્મ કરવા અંગેનો ગુનો છે, તેમજ સમાજમાં દિન-પ્રતિદિન આ પ્રકારના વધતા જતાં ગુનાઓને કારણે સગીર વયની બાળાઓ ઉપર વિપરીત અસર પડે છે. આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય આથી આવા સંજોગોમાં સગીર બાળા ઉપર થયેલ દુષ્કર્મના ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ સમાજમાં દાખલો બેસે તેથી આરોપીને મહતમ સજા અને દંડનો હુકમ કરવા રજુઆત કરેલ હતી.

તમામ દલીલો સંભળાયા.પછી જામનગરની સ્પે. પોકસો અદાલતના ન્યાયાધીશ વી.પી. અગ્રવાલ એ આરોપી ને તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષ.ની સખત કેદની સજા તથા રૂા. ૧૦,૦૦૦ ના દંડ.નો હુકમ ફરમાવેલ છે તથા ભોગબનનારને વળતર પેટે રૂા. ૨,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર પક્ષે જીલ્લા સરકારી વકીલ જમન કે. ભંડેરી રોકાયા હતા

# સેના નગર વિસ્તારમાં બે શ્રમિકો વચ્ચે પૈસાની લેતી દેતીના મામલે તકરાર

### શ્રમિક યુવાન પર અન્ય શ્રમિકે પાવડા વડે હુમલો કરી પગ ભાંગી નાખ્યા

જામનગરમાં ઈન્દિરા કોલોની વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્ર ખીમજીભાઈ ચાવડા નામના ૩૬ વર્ષના યુવાનને સેનાનગર વિસ્તારમાં કડિયા કામની મજૂરી બાબતે તેની સાથે જ કડિયા કામની મજૂરી કરતા મુન્નાભાઈ મૂળજીભાઈ મકવાણા અને તેની પત્ની લક્ષ્મીબેન મૂળજીભાઈ મકવાણા સાથે પૈસા ની લેતી દેતીના ભાગના મામલે તકરાર થઈ હતી.

જેમાં આરોપી મુન્નાભાઈ મકવાણા ઉસકેરાઈ ગયો હતો, અને તેના પાર્ટનર ધર્મેન્દ્રભાઈ ચાવડા ઉપર પાવડા વડે હુમલો કરી પગ ભાંગી નાખ્યો હતો, જેથી તેને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, અને તાત્કાલિક અસરથી ૧૪ ટાંકા લેવા પડ્યા હતા.

આ બનાવ બાદ મુન્નાભાઈ ની પત્ની લક્ષ્મીબેન પણ દોડી આવી હતી, અને ધર્મેન્દ્રભાઈ ને કહ્યું હતું કે આજે એક પગ ભાંગ્યો છે, ફરીથી તમારો બીજો પગ પણ ભાંગી નાખશુ તેમ કહી પતાવી દેવાની ધમકી આપી હતી. જેથી સમગ્ર મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને દંપત્તિ સામે ફરિયાદ નોંધાવી છે.

# શંકર ટેકરી વિસ્તારમાંથી ત્રણ મહિલા જુગાર રમતાં પકડાઈ

### ધ્રોલમાં જુગાર રમતા ચાર ઝડપાયા

જામનગર શહેરમાં શંકર ટેકરી નજીક સુભાષ પરા વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલી ભાનુબેન કમલેશભાઈ કંબોયા, મનાલીબેન અશોકભાઈ ગુડકા, અને તનુબેન ધર્મેશભાઈ આલિખા ની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧,૩૦૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે. આ ઉપરાંત જામનગર જિલ્લા ના ધ્રોળ માં પોલીસે જુગાર અંગે દરોડો પાડી બાબુભાઈ બચુભાઈ ગોલતર, વિશાલ મોમભાઈ ભૂંડીયા, વિજય ખેંગારભાઈ પરમાર, અને જીગ્નેશ ધ્રાંગિયા સહિત ચાર પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૧,૨૦૦ ની માલમતા કબજે કરી છે.

# અપહરણના કેસમાં ભોગ બનનાર તથા આરોપીને રાજસ્થાનથી શોધી કાઢતી પોલીસ

જામનગર જિલ્લાના એક ગામમાંથી સગીરાને અપહરણ કરીને લઈ જવા અંગેનો ગુનો પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.

પોલીસ ઈન્સ્પેક્ટર વી જે રાઠોડ તથા સર્વેલન્સ સ્ટાફ ના માણસો ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢવા કાર્યરત હતા. તે દરમ્યાન ટેકનીકલ સોર્સ તથા ખાનગી રાહે ભોગ બનનાર તથા આરોપી હાલ બાલોતરા (રાજસ્થાન) માં હોવાની હકીકત મળતા સર્વેલન્સ સ્કોડ હરકતમાં આવી હતી.અને તુરંત જ ભોગ બનનારના માતા તથા ભાઈ ને સાથે લઈ ને બાલોત્રા (રાજસ્થાન ) પહોચી જઈ તપાસ કરતા ગુન્હાના ભોગ બનનાર સગીરા અને અપહરણ કરી જનાર આરોપી હાર્દિક ઉર્ફે ટકો રમેશભાઈ મકવાણા( ઉવ.૨૩ રહે. ગુલાબનગર જામનગર ) સાથે બાલોતરા રાજ્ય-રાજસ્થાન થી મળી આવતા ભોગ બનનારને તેમના માતા તથા ભાઈ સાથે અત્રે જામનગર માં પરત લઈ આવી ભોગ બનનારને તેમના પિતા ને સોપી આપેલ છે .અને આરોપી વિરુધ્ધ આગળની ઘટીત કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

# ટાઉન હોલ સર્કલને રિલાયન્સ દ્વારા વિકસાવવાની દરખાસ્તનો સૈધ્ધાંતિક સ્વીકાર

### સ્ટેન્ડીંગ કમીટીમાં સાડા ત્રણ કરોડની દરખાસ્તને બહાલી આપતા સ્ટેન્ડિંગ ચેરમેન




જામનગર માં મ્યુનિસિપલ ટાઉનહોલ પાસે ના સર્કલ ને ડેવલોપ કરવાના કામ ની દરખાસ્ત નો સ્ટેન્ડિંગ કમિટી એ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હતો. ની સ્ટેન્ડિંગ કમિટી માં કુલ ૩ કરોડ ૫૧ લાખ ના ખર્ચ ની દરખાસ્તો ને મંજૂરી આપવામાં આવી હતી જેમાં પોણા ત્રણ કરોડ ની દરખાસ્તો અધ્યક્ષ સ્થાને થી રજૂ થઈ હતી.જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક નિલેશ બી. કગથરા ના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ ૯ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, ઈચા. આસી. કમિશ્નર (વ.) ભાવેશભાઈ જાની, ઈચા. આસી. કમિશ્નર (ટે.) જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર સેવા સદન ની વોટર વર્કસ શાખા ના બોરીંગ વિભાગ માટે ગેલ્વેનાઈઝ તથા બોરીંગ આઈટમ ખરીદ કરવા.માટે નો વાર્ષિક ખર્ચ રૂ. ૧૦ લાખ મંજુર કરવામાં આવ્યો હતો.જામનગર શહેરની મદય ભાગમાં આવેલ મ્યુનિસિપલ ટાઉન હોલ પાસેના સર્કલને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. દ્વારા ડેવલોપ કરવાના કામ અંગે કમિશ્નર ની રજુ થયેલ દરખાસ્ત નો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો.

# હત્યાની બે ઘટના બાદ લાલપુરના નાંદુરી ગામે ખૂનથી ખળભળાટ

### ઝાડ કાપવાના પ્રશ્ને ઝઘડો થયા બાદ સમાધાન માટે બોલાવી વૃદ્ધ ખેડૂત પર લોખંડના સળિયા વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા

જામનગર જિલ્લામાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન હત્યાની ત્રીજી ઘટના બનતાં ભારે હાહાકાર મચી ગયો છે. જામનગર તાલુકાના મૂંગણી ગામ તેમજ જામનગર શહેરમાં હત્યાની બે ઘટના બન્યા બાદ ગઈકાલે લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં હત્યાનો ત્રીજો બનાવ બન્યો છે.

વાડીએ જવાના રસ્તે આવતા એક બાવળના ઝાડને કાપવાના પ્રશ્ને ઝઘડો થયા બાદ સમાધાન માટે બોલાવેલા ૭૦ વર્ષ ના ખેડૂત બુઝુર્ગ ઉપર લોખંડના સળિયા વડે જીવલેણ હુમલો કરી હત્યા નીપજાવી દેવાયાની ઘટના સામે આવી છે. જે મામલે પોલીસે હત્યા અંગેનો અપરાધ નોધી એક ખેડૂતની અટકાયત કરી લીધી છે.જામનગર તાલુકાના મુંગણી ગામમાં પરમદીને હત્યા નો એક બનાવ બન્યા બાદ જામનગર ના ગુલાબ નગર બ્રિજ પર ચાલુ ટ્રેનમાંથી એક દિવ્યાંગ યુવકની હત્યા નિપજાવ્યાની ઘટના સામે આવી હતી, ત્યારબાદ આજે વધુ એક હત્યા નો ગુનો સામે આવ્યો છે. લાલપુર તાલુકા ના નાંદુરી ગામના ૭૦ વર્ષની વયના ખેડૂત બુઝુર્ગ પર હુમલો કરી તેની હત્યા નિપજાવાઈ છે.

નાંદુરી ગામમાં રહીને ખેતી કામ કરતા જેતાભાઈ ભીખાભાઈ કરંગીયા (ઉંમર વર્ષ ૭૦), કે જેઓને તે જ ગામમાં રહેતા ખીમાભાઈ લખમણભાઈ કરંગીયા કે જેઓએ સેઢાની વચ્ચે આવેલા સરકારી ખરામાં ઉગેલા એક બાવળના ઝાડને કાપવાના પ્રશ્ને આજથી બે દિવસ પહેલાં તકરાર કરી હતી.

ત્યારબાદ ગઈકાલે સવારે ૯.૩૦ વાગ્યાના અરસામાં સમાધાન માટે બોલાવ્યા હતા, જયાં ખીમાભાઈ કરંગીયા ઉસકેરાઈ ગયો હતો, અને ખેડૂત જેતાભાઈ કરંગીયા ના માથામાં ખેતીવાડીમાં નિંદામણ કરવાના કામ માટે ઉપયોગમાં લેવાતા ધારદાર સળિયા વડે હુમલો કરી દીધો હતો.

જે હુમલામાં જેતાભાઈ ને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી લોહી નિતરતી હાલમાં ૧૦૮ મારફતે તેઓને સૌપ્રથમ લાલપુર ની સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન જેતાભાઈ નું મૃત્યુ નિપજતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો.

જે હુમલા અને હત્યા ના બનાવ અંગે મૃતક જેતાભાઈના પુત્ર નગાભાઈ જેતાભાઈ કરંગીયાએ પોતાના પિતાની હત્યા નિપજાવવા અંગે શેઢા પાડોશી ખીમાભાઈ કરંગીયા સામે ફરિયાદ નોંધાવી છે.જે ફરિયાદના અનુસંધાને લાલપુર પોલીસે બી.એન.એસ. એકટ સને ૨૦૨૩ની કલમ ૧૦૩(૧), જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધ્યો છે, અને આરોપીને અટકાયતમાં લઈ લીધો છે.

### દારૂની બાતમી આપ્યાનો ખાર રાખી

# પાટડી: ભાજપ કાર્યકર અને બુટલેગરે યુવકને ઢોર માર માર્યો

## પ્રતિષ્ઠિત પરિવારના પુત્રને વોન્ટેડ દારૂના ધંધાર્થીએ લમધારતા પોલીસ કામગીરી સામે રોષ !!

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં બુટલેગરો જાણે બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મોટાપાયે ઈંગ્લીશ દારૂનું વેચાણ અને કટીંગ થતું હોવાનું સામે આવ્યું છે ત્યારે થોડા દિવસો પહેલા એલસીબી પોલીસે પાટડી શહેરી વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનના ગુપ્ત ખાનામાંથી લાખોની કિંમતનો ઈંગ્લીશ દારૂઝડપી લીધો હતો જ્યારે આ બનાવમાં સંડોવાયેલ મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં આવ્યો નહોતો. આ આરોપી દ્વારા જ પાટડીના એક પ્રતિષ્ઠિત પરિવારના યુવકને બહેરેહેમીપૂર્વક પોલીસની બાતમી આપી હોવાનો આરોપ લગાવી માર મારતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે મળતી માહિતી મુજબ ગત તા. ૦૯ મે ના રોજ પાટડી શહેરમાં તળાવની પાળ પાસે આવેલ અને ભાજપના સક્રિય કાર્યકર તેમજ ભાજપના રાજકીય આગેવાનો અને કાર્યક્રમોમાં હોદેદારો સાથે બિન્દાસ ફરતા રાકેશ ઉર્ફે રાકલો દશરથભાઈ ઠાકોરના રહેણાંક મકાનમાં રેઈડ કરી મકાનની



અંદર ગુપ્ત ખાનામાંથી ઈંગ્લીશ દારૂ અને બિયરની બોટલો સહિત કુલ રૂા.૬.૨૪ લાખનો મુદ્દામાલ એલસીબી પોલીસે ઝડપી લીધો હતો.

પરંતુ તે સમયે આરોપી ઝડપાયો નહોતો અને આ મુદ્દે પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા હતા તેમજ રાજકીય લાગવગના કારણે આરોપી ન ઝડપાયો હોવાનો દસાડાના પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકીએ પોલીસ સહિત ભાજપ સરકાર સામે આક્ષેપો કરી આકરા પ્રહારો કર્યા હતા. ત્યારે આજ ગુન્હામાં નાસતો ફરતો બતાવવામાં આવેલ આરોપી રાકેશ ઉર્ફે રાકલો ઠાકોર દ્વારા પાટડી શહેરમાં રહેતા એક પ્રતિષ્ઠિત પરિવારના યુવક હાર્દિકભાઈ પ્રજાપતિને બહેરહેમીપૂર્વક ઘરેથી ઉઠાવી લઈ જઈ ઢોર માર મારતા સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી છે અને ખુલ્લે આમ કોઈપણ જાતના ડર વગર બિન્દાસ ફરતા આરોપીને પોલીસ દ્વારા હજુ સુધી કેમ પકડવામાં આવતો નથી ? પોલીસને કોનો ડર અને કોની લાગવગ છે? સહિતની ચર્ચાઓએ જોર પકડયું છે ત્યારે આ અંગે ઉચ્ચ કક્ષાએ થી તપાસ હાથ ધરી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# વંથલીના સોનારડી નજીક આધેડનો ગળાફાંસો ખાઈ આપઘાત

## વાડી વિસ્તારમાં વૃક્ષ પર લટકતી લાશ મળી આવતા તપાસનો ધમધમાટ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વંથલીના સોનારડી પાસેથી એક આધેડ વયના પુરુષની શંકાસ્પદ હાલતમાં ઝાડ ઉપર ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતા, પોલીસે આ બનાવ અંગે તપાસ હાથ ધરી છે, પોલીસના જણાવ્યા અનુસાર મૃતક જૂનાગઢનો હોવાનું ખુલ્યું છે

વંથલીના સોનારડી ગામની એક વાડી વિસ્તારમાં ઝાડ ઉપર એક પુરુષની ગળાફાંસો ખાધેલી હાલતમાં લાશ લટકતી હોવાની પોલીસને જાણ થતાં, વંથલી પીઆઈ ચૌધરી સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોચી તપાસ કરતા, મૃતક આશરે ૫૦ વર્ષની આસપાસનો હોવાનું તથા ગળે કપડું બાંધીને લટકી ગયો હોય કે લટકાવી દીધાનું જણાઈ આવ્યું હતું. જો કે પોલીસને પ્રાથમિક દષ્ટિએ આ બનાવ શંકાસ્પદ જણાતા પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે જામનગર ખસેડેલ છે. પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક જૂનાગઢના નીચલા દાતાર પાસેના વિસ્તારમાં રહેતો સલીમ અદ્રે માન શેખ (ઉ.વ. ૫૦) હોવાનું સામે આવ્યું છે, તથા સ્થળ પરથી એક બાઈક પણ મળી આવ્યું છે, આ બનાવમાં હત્યાની પણ શંકા સેવાઈ રહી છે, તેથી પીએમ રિપોર્ટ પછી મૃતકે આપઘાત કર્યો છે કે આ ઘટનામાં કોઈ અન્ય કારણ છે તે માલુમ પડશે.

# ગોંડલ મીઠાણી ચેમ્બર્સના દસ્તાવેજને ખરો ઠરાવતા નાયબ કલેકટર

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ કડીયા લાઈનમાં આવેલ મીઠાણી ચેમ્બર્સના દસ્તાવેજ અંગે થોડા સમય પહેલા કાકાએ ભત્રીજાની મિલ્કત બોગસ વારસાઈની નોંધ કરાવી બોગસ દસ્તાવેજ કરાવી લીધેલ છે. તેવી અરજી કરવામાં આવેલ અને દસ્તાવેજની એન્ટ્રી રદ કરવામાં આવેલ જેની રીમાન્ડ કેસમાં નોંધ પ્રમાણીત કરવાનો હુકમ કરવામાં આવેલ. જેની સામે નાયબ કલેકટરની કોર્ટમાં અરજદાર જયપ્રકાશ લક્ષ્મીદાસ ઉદેશીએ તથા નિતેશ લક્ષ્મીદાસ ઉદેશીએ ખોટી વારસાઈ કરી મહેન્દ્રભાઈ જમનાદાસ ઉદેશીએ ખોટુ સોગંદનામું કરી દસ્તાવેજ કરી આપેલ છે. તેવી અપીલ કરેલ અને તે અપીલમાં સામાવાળા તરીકે મિલ્કત ખરીદનાર અમરીશભાઈ વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજાને જોડવામાં આવેલ અને વેચનાર તરીકે મહેન્દ્રભાઈ જમનાદાસ ઉદેશીને જોડવામાં આવેલ. જેમાં મહેન્દ્રભાઈ જમનાદાસ ઉદેશી તથા અન્ય વારસોએ ચેકથી નાણા સ્વીકારેલ હોવા છતા મહેન્દ્રભાઈ જમનાદાસ ઉદેશીએ પોતાને ભોળવીને ખોટુ સોગંદનામુ કરાવેલ છે. તથા અરજદારની હકીકત ખરી છે તેઓ અરજદાર સાથે મળી જઈ મિલ્કત વેચાણ કરેલ હોવા છતા મિલ્કત પચાવી પાડવામાં પડયંત્ર રચવા માટે જવાબ રજુ કરેલ જે પ્રકરણમાં સામાવાળા અમરીશભાઈ વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજાના એડવોકેટ તરીકે સાવન એન. પરમાર તથા પરેશકુમાર એચ. રાવલ રોકાયા હતા. જેની રજુઆતો તથા ખરી હકીકતો અને નામ. સુપ્રિમ કોર્ટના તથા નામ.હાઈકોર્ટના ચુકાદાને રજુઆત ધ્યાને લઈ નાયબ કલેકટર ગમારા તથા સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ ગોસાઈ એ હુકમ કરતા વારસાઈ તથા દસ્તાવેજ યોગ્ય રીતે થયેલ છે તેવો હુકમ ફરમાવી અરજદારની અપીલ રદ કરવાનો હુકમ કરેલ છે. જે અંગે ભાડુઆતોને વેચાણ કરવામાં આવેલ મિલ્કત તેઓને પણ ન્યાય મળેલ છે તથા ખરીદનારને પણ ન્યાય મળેલ છે.

## જેતપુર: ગુમ થયેલા યુવાનને પરિવાર સાથે મિલન કરાવતી પોલીસ



**અબતક રાજકોટ**

જેતપુર શહેર પોલીસ મથકમાં અઠવાડિયા પહેલા ગરબી ચોક પાછળ જાગૃતિ નગરમાં રહેતા મોહસીનભાઈ મામદભાઈ શેખ નામનો યુવાન ગુમ થયાના બનાવ જેતપુર પોલીસ મથકમાં નોંધાયો હતો. જેના પગલે પોલીસે હ્યુમન સોર્સિસ અને ટેકનિકલ સોર્સીસ ના આધારે ગુમ થયેલા મોહસીનભાઈ શેખને શોધી તેઓના પરિવાર સાથે મિલન કરવી, ‘‘પોલીસ પ્રજાની મિત્ર છે ‘‘તે સૂત્ર સાર્થક કરી બતાવી,સરાહનીય કામગીરી કરી છે. આ કામગીરી જેતપુર સીટી પીઆઈ વી સી પરમાર ના માર્ગદર્શન હેઠળ, એ.એસ.આઈ રાજાભાઈ વોકાતર, રસીલાબેન સોલંકી અને જગદીશભાઈ ધાધર સહિતના સ્ટાફે કરી હતી.

# ઉના: ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો

## દહેગામનો વોન્ટેડ નામચીન શખ્સ પકડાયો

**અબતક,ઉના**

ઊના પોલીસ સ્ટેશન મા મોટર સાયકલ ચોરી ની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.જે ની તપાસ ઊના ના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન. રાણા ના માર્ગ દર્શન હેઠળ સર્વ લન્સ સ્કવોર્ડ ના પી.એસ.આઈ.આર.પી.જાદવ એ.એસ.આઈ. શાંતિ ભાઈ વેલા ભાઈ પોલીસ કો. અનિલ ભાઈ ભૂપત ભાઈ જાદવ, ભાવસિંહ ગોવિંદ સિંહ સ્ટાફ કરી રહ્યા હતા ત્યારે બાતમી મળી હતી કે ઊના ગીર ગઢડા રોડ ઉપર આવેલા બાય પાસ ના પુલ પાસે યુવાન ઉભો હતો ત્યારે તુરંત પહોંચી યુવાન ને રોકવી નામ પૂછતા અલ્પેશ ભરત ભાઈ ડાંગોદરા ઉ.વ. ૩૦ હીરા ઘસવાની મજૂરી કરતો હોય ભડિયાદર ગામ ના વાડી વિસ્તારમાં રહેતા હોય તેને પાસે રહેલ ટી.વી. એસ. મોટર સાયકલ નંબર GJ 32 M 7200 ના કાગળો આર.સી. બુક માગતા ના બતાવતા સંતોષ કારક જવાબ ના આપતા ઊના પોલીસ સ્ટેશન લાવી આગવી પૂછ પરછ કરતા આ મોટર સાયકલ ચોરી કરેલ હોવાની કબૂલાત આપી હતી પોલીસે તેને રૂપિયા ૨૦૦૦૦/ની કિંમત ની મોટર સાયકલ સાથે પકડી



મોટર સાયકલ ચોરી નો ભેદ ઉકેલી સફળતા મેળવી હતી

ઊના પોલીસ સ્ટેશન મા નોંધાયેલ ગુના મા નાસતો ફરતો આરોપી સુનિલ નાથ ઉર્ફે બોડી દિવાન નાથ ચોહાણ ઉ. વ.૨૦ રે. દહેગામ જિલ્લા ગાંધીનગર ને પકડી પાડેલ હતો તેની સામે અગાઉ દહેગામ જિલ્લા ગાંધીનગર અને ઈડર સાબર કાઠા મા ગુનો દાખલ થયેલ હોય તેને પણ જાણ કરી હતી.

# અંજાર: ગુજશીટોકના ગુનામાં સંડોવાયેલા ભાઈ-બહેન સામે આકરી કાર્યવાહી

## રૂા.૨.૪૩ કરોડની સંપતિ જપ્ત બાદ વધુ રૂા.૩૯.૮ લાખની મિલકત સીઝ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

વ્યાજખોરી કેસમાં અંજારના ગોસ્વામી ભાઈ બહેનો સામે મોટી કાર્યવાહી બાદ ફરીથી એકવાર કાર્યવાહી: ત્રણ ભાઈ-બહેનો સામે ગુજસીટોક હેઠળ ૩૯.૮ લાખની રહેણાંકની સંપત્તિ જપ્ત કરવામાં આવતા ગુનેગારોમાં ફફડાટ મચી ગયો છે.

અંજાર પોલીસે વ્યાજખોરીના ગુનામાં સંડોવાયેલા ગોસ્વામી પરિવાર સામે બે દિવસ પહેલા મોટી કાર્યવાહી બાદ આજરોજ બીજી વખત કાર્યવાહી કરી છે. પોલીસે રિયાબેન, આરતીબેન અને તેજસ ઈશ્વરગર ગોસ્વામી સામે ગુજસીટોક એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે. આ ત્રણેય ભાઈ-બહેનોએ સંગઠિત રીતે વ્યાજખોરીનું નેટવર્ક ચલાવતા હતા. રિયાબેન સામે ૮, આરતીબેન સામે ૧ અને તેજસ સામે ૪ ગુના નોંધાયેલા છે. તેઓ પોતાના આર્થિક ફાયદા માટે ગેરકાયદે નાણાં ધીરધાર અને



ધાકધમકીનો ઉપયોગ કરતા હતા.

બે દિવસ પહેલા પોલીસે આરોપીઓની કુલ રૂ. ૨.૪૩ કરોડની સંપત્તિ જપ્ત કરી હતી અને આજરોજ ૩૯.૮ લાખની મિલકત જપ્ત કરી છે જેમાં રિયા બેનની અંજાર દેવનગરમાં ૧૨,૪૨,૫૦૦ ની સંપત્તિ અને તેમની માતા તારાબેનના નામે મેઘપર બોરીચીમાં ૧૨,૯૪,૧૬૫ તથા અંજારના વોર્ડ નંબર ૧૨ માં ૧૩,૭૧,૬૪૪ ની મિલકત એમ કુલ ૩૯,૦૮,૩૦૯ની કિંમતની સંપતિનો સમાવેશ થાય છે.

આ કાર્યવાહી પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સુચનાથી નાયબ પોલીસ વડા મુકેશ ચૌધરી અને પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહિલની આગેવાનીમાં અંજાર પોલીસ સ્ટાફે કરી હતી. ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ-૨૦૧૫ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

## મોરબીના બેલા ગામે શ્રમિકે ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલ લાસાસેરા સીરામીકના લેબર ક્વાર્ટરમાં ૧૮ વર્ષીય સીરામીક શ્રમિકે કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું.મોરબી તાલુકાના બેલા ગામે લાસાસેરા સીરામીકની લેબર કોલોનીના રૂમ નં. ૧૧ માં રહેતા મૂળ દાહોદ જીલ્લાના વરસડા ઈટાવા ગામના વતની મેહુલકુમાર અર્જુનભાઈ બામણીયા નામના ૧૮ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાની રૂમમાં ગળેફાસો ખાઈ લઈને આપઘાત કરી લેતા, મેહુલભાઈનું મૃત્યુ નીપજ્યું હતુ. મૃત્યુના બનાવ અંગે તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

## સુરેન્દ્રનગર: ગર્લ્સ હાઈસ્કૂલ પાછળ જુગટુ ખેલતા ચાર ઝડપાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વધુ વિગત મુજબ શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન શહેરની મધ્યમાં આવેલ વિકાસ ગર્લ્સ હાઈસ્કૂલની બાજુમાં શૌચાલય પાછળ જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી.

જેમાં સ્થળ પરથી જુગાર રમતા ચાર શખ્સ (૧) મહેશભાઈ વિઠ્ઠલભાઈ આદરોજીયા, રહે.ફિરદોષ સોસાયટી (૨) મુકેશભાઈ મફાભાઈ જખવાડીયા, રહે. મફતીયાપરા (૩) નારાયણભાઈ વિઠ્ઠલભાઈ આદરોજીયા, રહે.વેલનાથ સોસાયટી અને (૪) જીગ્નેશભાઈ નવીનભાઈ પનારા, રહે.જવાહર ચોક સુરેન્દ્રનગરવાળાને રોકડ રૂા. ૧૪૩૦ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા અને પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મંત્રી હોય તો એફઆઈઆર લુલી?

# હાઈકોર્ટની ટકોર છતાં પોલીસે રાજકારણીનો ઘુમટો તાણ્યો

## નબળી કલમો હેઠળ ગુનો નોંધતા હાઈકોર્ટએ પોલીસની ઝાટકણી કાઢી

**અબતક, રાજકોટ**

મધ્યપ્રદેશના વન મંત્રી વિજય શાહને ઓપરેશન સિંદૂર વિશે બ્રીફ આપનારા કર્નલ સોફિયા કુરૈશી પર આપત્તિજનક ટીપ્પણી કરવી ભારે પડી છે. વિજય શાહ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા એફઆઈઆર નોંધવાના આદેશને પડકારવા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતાં. જ્યાં સુપ્રીમ કોર્ટે પણ ઝાટકણી કાઢી છે.

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાના નેતૃત્વ હેઠળની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. સીજેઆઈએ વિજય શાહના નિવેદન પર નારાજગી વ્યક્ત હાઈકોર્ટના આદેશ પર રોક મૂકવાનો ઈનકાર કરતાં કહ્યું કે, આ મામલે આવતીકાલે સુનાવણી કરીશું. પણ આવા સમયે આ પ્રકારની ટીપ્પણી કરવાની શું જરૂર હતી. મંત્રી પદ પર બેઠેલા વ્યક્તિ પાસેથી આ પ્રકારના નિવેદનની અપેક્ષા કરી શકાય નહીં.



થોડું તો જવાબદારી સાથે બોલો.

સુપ્રીમ કોર્ટે વિજય શાહના કેસમાં હાઈકોર્ટના આદેશ પર કોઈ હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે. માફી માગવા પણ આદેશ આપ્યો છે. બીજી તરફ મધ્યપ્રદેશ હાઈકોર્ટે આજે ફરી આ મામલે પોલીસની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે કહ્યું કે, વિજય શાહ વિરૂદ્ધ નોંધાયેલી એફઆઈઆર આટલી નબળી કેમ છે? તમે કોઈપણ દબાણ વિના તપાસ કરો. એફઆઈઆરમાં સંપૂર્ણ આદેશને સામેલ કરી ફરીથી વ્યવસ્થિત લખો. ગઈકાલે જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ અનુરાધા શુક્લાની બેન્ચે મંત્રી વિરૂદ્ધ એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો. જેના પર આજે થયેલી સુનાવણી પર પોલીસની એફઆઈઆર પર વાંધો ઉઠાવતાં તેને ફરીથી લખવા આદેશ આપ્યો છે.

# વંથલી નગરપાલિકના પૂર્વ પ્રમુખ સિરાજ વાજા પર કુહાડી વડે જીવલેણ હુમલો

### ભાલા અને કુહાડી લઈને ધસી આવેલી ત્રિપુટનું કૃત્ય : ભડાકો કરવા તમંચાનું ટ્રીગર દબાવ્યું પણ મીસફાયર થતાં જીવ બચી ગયો

### ગત ચૂંટણીનો ખાર રાખી ભાજપના પ્રમુખે હુમલો કરાવ્યાનો ગંભીર આક્ષેપ : ત્રણેયની અટકાયત, પોલીસ તપાસનો ધમધમાટ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વંથલી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પર ત્રણ શખ્સોએ કુહાડી અને ભાલા જેવા હથિયારો વડે હુમલો કરીને હત્યાનો પ્રયાસ કરતા વંથલી ટાઉનમાં સનસનાટી મચી જવા પામી હતી. ઘાયલ થયેલ પૂર્વ પ્રમુખને ગંભીર ઈજાઓ સાથે જૂનાગઢ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જતાં. જ્યાંથી તેમણે વંથલી ભાજપના પ્રમુખે કાવતરું રચીને હુમલો કરાવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. જો કે, આ મામલે શહેર ભાજપ પ્રમુખએ હુમલો કરાવવાની વાતનો ઈન્કાર કરીને તેઓ આ મામલે કંઈ પણ જાણતા નથી તેવું કહ્યું હતું. હાલ પોલીસે ૩ શખ્સોને સકંજામાં લઈને તપાસ હાથ ધરી છે. ઉલ્લેનીય છે કે, હુમલાખોરોએ ફાયરિંગ કરવા તમંચાનું



ટ્રીગર પણ દબાવ્યું હતું જો કે, ફાયર નહિ થતાં જીવ બચી ગયો હતો.

વંથલી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કોંગ્રેસના સિરાજ વાજા ગઈકાલે સાંજે સમયે પોતાના ઘરેથી વાડીએ જવા માટે ગાડીમાં બેસવા જતા હતા. તે સમયે અચાનક ત્રણ શખ્સો આવી ચડયા હતા અને કુહાડી તથા ભાલા જેવા ઘાતક હથિયારો વડે સિરાજ વાજા પર હુમલો કરીને પેટ તથા છાતી ઉપર ઘા ઝીંકી હુમલો કરીને ત્રણેય ઈસમો ભાગી ગયા હતા. હુમલામાં ગંભીર રીતે ઘાયલ પૂર્વ પ્રમુખને લોહી લુહાણ હાલતમાં પ્રથમ વંથલી અને ત્યારબાદ વધુ સારવાર માટે જૂનાગઢ લાવવામાં આવ્યા છે.

દરમિયાન ઈજાગ્રસ્ત સિરાજ વાજાએ વંથલી શહેર ભાજપ પ્રમુખ દિવ્યેશ જેઠવાએ કાવતરું રચીને હુમલો કરાવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે અને આ હુમલામાં તેને કંઈ પણ થાય તો તેના માટે શહેર ભાજપ પ્રમુખને જવાબદાર ગણીને કાર્યવાહી કરવામાં આવે તેવું જણાવ્યું હતું. જો કે, આ મામલે શહેર ભાજપ પ્રમુખ દિવ્યેશ જેઠવાએ હુમલો કરાવ્યાના આક્ષેપનો ઈન્કાર કરી તેઓ આ મામલે કશું જાણતા નથી તેવું જણાવ્યું હતું.

આ ઘટના અંગે જુનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતુ કે, અગાઉની ચૂંટણીના મનદુ:ખમાં હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં એક શખ્સે દેશી તમંચામાંથી ફાયરિંગ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ ગોળી તમંચામાં અટકી ગયેલ હતી. જેથી મિસ ફાયર થયાનું સામે આવી રહ્યું છે. હાલ પોલીસે મુનાફ, ઈકબાલ અને શાહનવાજ નામના ત્રણ શખ્સોને રાઉન્ડ અપ કરી લીધા છે તથા સીરાજ વાજાના ઘરે સીસીટીવી હોય અને તે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં થયેલ છે, ત્યારે હુમલાખોરોની પુછપરછ અને વધુ તપાસ બાદ સઘળી હકીકતો સામે આવશે.

# જુનાગઢમાં નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી રૂ.૮.૩૫ લાખના સોનાના દાગીનાની ચોરી

## વૃધ્ધના મકાનમાં કામવાળીએ હાથફેર્યો કર્યાની આશંકા !!

**અબતક, દર્શન જોશી જુનાગઢ**

જૂનાગઢમાં રહેતા નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી રૂ.૮.૩૫ લાખના સોનાના દાગીનાની ચોરી થયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. તથા ફરિયાદીએ ઘરમાં કામ કરવા આવતી નોકરાણી પર શંકા વ્યક્ત કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર આવેલ જનકપુરી એપાર્ટમેન્ટમાં રએકલા રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત શિક્ષક મનસુખભાઈ બાવનજીભાઈ માણાવદરીયા એ પોલીસમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર, ગઈ તા. ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ તેની દીકરી શિતલબેન લગ્ન પ્રસંગે આવી હતી અને ઘરના કબાટમાં રૂ .૮.૩૫ લાખના સોનાના ઘરેણા મૂકી ગઈ હતી, પરંતુ નિવૃત્ત શિક્ષકને ભૂલી જવાની બીમારી હોય તેથી લોકરમાં દાગીના મૂકવા ગયા ન હતા. દરમિયાન તા. ૮ એપ્રિલના રોજ દીકરીએ ફોન કરી દાગીના લોકરમાં મૂકી આવવાનું કહ્યું હતું આથી કબાટની તિજોરીમાં દાગીના જોવા મળેલ નહીં અને કોઈ ચોરી કરી લઈ ગયા હોવાનું જાણવા મળતા તેના ઘર માંથી રૂ.૮.૩૫ લાખની ચોરી થયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, નિવૃત્ત શિક્ષકના ઘરે કચરા પોતા કરવા આવતા એક કામવાળા બેન તથા મહિને સફાઈ કરવા માટે આવતા એક બેન સિવાય તેના ઘરે કોઈ આવતું ન હોય નિવૃત શિક્ષકે બેમાંથી એક નોકરાણીએ આ ચોરી કરી હોવાની પોલીસ સમક્ષ પર શંકા વ્યક્ત કરી છે

# નખત્રાણા: પંચ દશનામ અખાડાના સંત પર હુમલાના આરોપીને કડક કાર્યવાહી કરવા સનાતન હિન્દુ સમાજની માંગ

## ઘટનામાં બેદરકારો સામે કડક કાર્યવાહી કરવા રેલી સ્વરુપે સનાતન હિંદુ સર્વ સમાજ દ્વારા આવેદન પત્ર પાઠવ્યું

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

નખત્રાણા સમૂહલગ્ન માં પંચ-દશનામ અખાડાના સંત પર જીવલેણ હુમલા ના આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા સનાતન હિન્દુ સર્વ સમાજ દ્વારા કલેકટર કચ્છ તથા પોલીસ અધિક્ષક કચ્છ પશ્ચિમને વિશાળ રેલી સ્વરૂપે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

નખત્રાણા નાગલપુર ફાટક પાસે ગરવા ગુરુ બ્રાહ્મણ સમાજના સમુહ લગ્નમાં સંત રામગીરી બાપુ પર થયેલ જીવલેણ હુમલા સંબંધે આ ઘટનામાં બેદરકારો સામે કડક કાર્યવાહી કરવા રેલી સ્વરૂપે સનાતન હિંદુ સર્વ સમાજ દ્વારા પાઠવવામાં આવ્યુ હતુ

રેલીમાં ઉપસ્થિત સંતો મહંતોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે નખત્રાણા સમૂહ લગ્ન મધ્યે દશનામ અખાડાના સંત પ.પૂ. સંત ૧૦૮ રામગીરી



બાપુ ગુરૂ જગતગુરુ મહેન્દ્રજી મહારાજ ઉપર રમણીક શાંતિલાલ ગરવા એડવોકેટ વિશાલ પંડ્યા તથા અન્ય પાંચ જેટલા સાગરીતો દ્વારા જીવલેણ હુમલો કરેલ છે આ ઘટનાને વખોડી એક સંત પર થયેલ આ હુમલા સંબંધે સર્વે સનાતન હિન્દુ સમાજના આગેવાનો સંત સમાજ તરીકે વિશાળ સંખ્યામાં હિન્દુ સમાજ તથા સનાતન સમાજ વતી આવેદન પત્રની લાગણી અને માંગણીઓ કરવામાં આવી છે.આ સમૂહ લગ્નના આયોજન પહેલા કરવા ગુરુ બ્રાહ્મણ સમાજ પશ્ચિમ વિભાગના લેટર હેડ પર લેખિતમાં આ બનાવ અંગે ૯.૫. ૨૦૨૫ ના લેખિતમાં શંકા સાથે રજૂઆત કરેલ પોલીસે અરજી અરજી અનુસંધાને નિવેદનો લઈ બંદોબસ્ત જાળવવા ૧૭ જેટલા સ્ટાફની જવાબદારી નક્કી કરી છતાં ફક્ત પાંચ થી સાત જેટલા કર્મચારીઓ હાજર રહેલા અને તેઓની હાજરીમાં સ્ટેજ પર ઘસી જઈ અને રમણીક ગરવા તથા તેમના સાગરીતઓ એ જીવલેણ હુમલો કરેલ તો જવાબદાર પોલીસ કર્મચારીઓની બેદરકારી સંબંધે તપાસ કરી અને યોગ્ય કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ચોટીલા પોલીસ મથકમાં ધમાલ મચાવી ફરજમાં રૂકાવટ કરનાર છ શખ્સો સામે ગુનો નોંધાયો

## નશાની હાલતમાં ધસી આવેલ શખ્સ, ત્રણ મહિલાઓ સહિતના ટોળાંએ એએસઆઈ સાથે ઝપાઝપી કરી'તી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચોટીલા પોલીસ મથકમાં ફરજ બજાવતા કર્મચારી સહિતની ટીમ સાથે પોલીસ મથકે આવી ચાલુ ફરજ દરમ્યાન મહિલાઓ સહિત ૭ થી વધુ લોકોએ એકસંપ થઈ ફરજમાં રૂકાવટ કરી હતી તેમજ કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી હાથે બચકુ ભરી સામાન્ય ઈજાઓ પહોંચાડી હતી તેમજ કાયદેસરની કાર્યવાહી અટકાવવા માટે અમુક શખ્સોએ જાતેજ પોલીસ સ્ટેશનની દિવાલ સાથે માથા ભટકાડી આત્મહત્યાનો પ્રયાસ કર્યા અંગેની ફરિયાદ પોલીસ કર્મચારીએ પોલીસ મથકે નોંધાવી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચોટીલા પોલીસ મથકમાં ફરજ બજાવતા એએસઆઈ તેમજ ફરિયાદી રામભા ધનરાજભા રાજૈયાવાળા બપોરના સમયે ચોટીલા પોલીસ મથકે ફરજ પર હતા તે દરમ્યાન મારામારીના એક બનાવની ચોટીલા સરકારી હોસ્પીટલ ખાતેથી એમએલસી આવતા ફરિયાદી તે અંગેની કાર્યવાહી કરી રહ્યાં હતાં તે દરમ્યાન એમએલસી લખાવનાર દર્દી કિરિટભાઈ જયંતીભાઈ બુટીયા અને અન્ય ત્રણ શખ્સો હોસ્પીટલે આવ્યા હતા. જે પૈકી કિરિટભાઈ કેફી પીણું પીધેલી હાલતમાં હોય પીઆઈ સાથે બોલાચાલી કરતા હતા આથી ફરિયાદીએ તમામ લોકોને સમજાવી અન્ય રૂમમાં લઈ ગયા હતા. ત્યારે કિરિટભાઈએ ફરિયાદી પર પણ પીધેલી હાલતમાં ઉશ્કેરાઈ જઈ ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી તેમજ ઝપાઝપી કરી ઝઘડો કરવા લાગ્યા હતા તે દરમ્યાન અન્ય ત્રણ મહિલાઓ પણ પોલીસ મથકે આવી પહોંચી હતી અને તમામે એક સંપ થઈ ઝપાઝપી કરી હતી અને ફરિયાદીને ડાબા હાથે બચકું ભરી સામાન્ય ઈજાઓ પહોંચાડી હતી તેમજ અન્ય શખ્સોએ પણ નખથી ઈજાઓ પહોંચાડી કિરિટભાઈ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદીને અટકાવ્યા હતા. જેમાં દિલીપભાઈ અને સુધીરભાઈએ પોતાની જાતે પોલીસ મથકની દિવાલ સાથે માથા ભટકાડી આત્મહત્યાનો પણ પ્રયાસ કર્યો હતો જે મામલે ભોગ બનનાર એએસઆઈએ ચોટીલા પોલીસ મથકે મહિલાઓ સહિત છ શખ્સો કિરિટભાઈ જયંતીભાઈ બુટીયા, પ્રતાપભાઈ રણજીતભાઈ ઓવાલીયા, દિલીપભાઈ વલ્લભભાઈ વાઘેલા અને દિલીપભાઈ વાઘેલાની ત્રણ સંબંધી મહિલાઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**કાયદેસરની કાર્યવાહી કરતા અટકાવવા બે શખ્સોએ પોલીસ મથકની દિવાલ સાથે માથું ભટકાડી આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો'તો**

# મિલકત સંબંધી ગુનાઓ આચરનાર કિડાણા ગામના માથાભારે શખ્સને કચ્છ જીલ્લામાંથી તડીપાર કરાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા સરહદી રેન્જ- ભુજ તથા પુર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તરફથી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અસામાજીક પ્રવૃતિઓ કરતા ઈસમો ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોવાથી જે અનવ્યે નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી તરફથી પણ જરૂરી સુચના મળતા પીઆઈ એસ.વી.ગોજીયા દ્વારા ગુનાહીત પ્રવૃત્તિ આચરતા ઈસમો ઉપર રોક લગાવવા જરૂરી અટકાયટી પગલા લેવા અવાર નવાર મિલ્કત સબંધી ગુનાઓ આચરતા કિડાણા ગામના માથાભારે ઈસમ ઈમરાન નુરમામદ ચાવડા વિરૂધ્ધ તેના ગુનાહીત ઈતિહાસ આધારે તડીપાર દરખાસ્ત મંજુર થવા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ-અંજાર તરફ મોકલી આપવામા આવી જે તડીપાર દરખાસ્તને મંજુર રાખી કચ્છ જીલ્લા તથા કચ્છ જીલ્લાને અડીને આવેલ જીલ્લાઓની હદમાંથી હદપાર કરવા હુકમ કરતા આજરોજ ઈમરાન નુરમામદ ચાવડાને હસ્તગત કરી તડીપાર હુકમની બજવણી કરી તડીપાર કરવામાં આવેલ છે. આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પીઆઇ એસ.વી.ગોજીયા, પીએસઆઇ એલ.એન. વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

# ધોરાજીમાં વોંકળામાંથી ભ્રૂણ મળી આવતા ચકચાર

## ભ્રૂણને ફોરેન્સીક પી.એમ.માટે ગાંધીનગર લઈ જવાયુ: પોલીસ તપાસનો ધમધમાટ

**અબતક રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી નાં જુના ઉપલેટા રોડ પર આવેલ વોકળામાં માં એક ભ્રૂણ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.ધોરાજીનાં જુના ઉપલેટા રોડ અને રસુલ પર અને રાધાનગર પાસે આવેલ વોકળામાં પ્લાસ્ટિકની થેલી માં કોઈ ફેંકી દેવામાં આવેલ માનવ ભ્રૂણ મળી આવેલ ઘટના સ્થળે ધોરાજી પોલીસ તંત્ર સરકારી હોસ્પિટલ તબીબ અને જવાબદાર તંત્ર તાત્કાલિક પહોંચી અને આ ભ્રૂણ નો કબજો લઈ ફોરેન્સિક પીએમ અથવા ગાંધીનગર એફએસએલ માટે લઈ જવામાં આવેલ અને આ ઘટના માં સાક્ષી અને પોલીસ તંત્ર અને હોસ્પિટલ તબીબો ની હાજરી માં કામગીરી કરવામાં આવી આ ભ્રૂણ અંદાજે દસ થી બાર દિવસ નું તેવું અનુમાન અને આ કોઈ પોતાનું પાપ છુપાવવા માટે આવું કૃત્ય કર્યું હોઈ આ બાબતે ધોરાજી પોલીસ તંત્ર યોગ્ય તપાસ નો દોર કરી અને આવું કૃત્ય કરનાર ની શોધખોળ હાથ ધરી છે.

# અમિત ખુંટ આપઘાત પ્રકરણમાં બન્ને એડવોકેટ જામીન મુક્ત

## દુષ્કર્મની ફરીયાદ નોંધાયા બાદ અમિત ખુંટે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લેતા સગીર યુવતી સહિત ચાર સામે ગુનો નોંધાયો તો

**અબતક જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ચકચારી બનેલા રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણ માં જેલ હવાલે રહેલા બન્ને એડવોકેટ નાં અત્રેની કોર્ટ દ્વારા જામીન મંજુર થતા જેલ મુક્ત થયા હતા.

રીબડાનાં અમીત ખુંટ આપઘાતની ઘટનામાં એડવોકેટ ગોંડલનાં દિનેશ પાતર તથા સંજય પંડીતના જામીન અંગે અત્રેની એડી.સેસન્સ જજની કોર્ટ માં સુનવણી હાથ ધરાતા કોર્ટ દ્વારા બન્નેનાં જામીન મંજુર કર્યા હતા.સંજય પંડીત એડવોકેટ હોય જેલમાંથી વિડીયો કોન્ફરન્સ દ્વારા તેમણે દલીલ કરી હતી. ઉલ્લેખનીય કે અમીત ખુંટ ની સુસાઈડનોટ માં પુજા રાજગોર નો ઉલ્લેખ હોય પોલીસે તેની ધરપકડ કરી પુછપરછ કરતા પુજા રાજગોરે જણાવેલ કે એક વ્યકિતે પોતાની પાસે આવી જણાવેલ કે તમારે રીબડા ના અમીત ખુંટ સાથે સોશ્યલ મીડીયા નાં માધ્યમ થી મિત્રતા કેળવી તેની સાથે શરીર સંબંધ બાંધી ખોટી બળાત્કારની ફરીયાદ કરવાનીછે. તમારી લાઇફ બની જશે.ફરીયાદ નાં સમયે મારા વકીલો દિનેશ પાતર તથા સંજય પંડીત જેઓને તમામ વિગત ની ખબર છે.તેઓ શરૂઆત થી અંત સુધી તમારી સાથે રહેશે.તેઓ જે રીતે કહે તે રીતે તમારે ફરીયાદ લખાવવાની છે.પુજા રાજગોર ની કબુલાત બાદ પોલીસે બન્નેની ધરપકડ કરી હતી.

### પોલીસે રાજકીય ઈશારે અમને ફસાવી દીધા છે: સંજય પંડિત

ચકચારી બનેલા રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણ માં જામીન પર મુક્ત થયેલા એડવોકેટ સંજય પંડીતે આ પ્રકરણમાં પોલીસે રાજકિય ઈશારે અમને ફસાવ્યાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે કહ્યુ કે પોલીસે કોઇ પણ જાતની તપાસ કે પુરાવા વગર કાચુ કાપી અમારી ધરપકડ કરીછે. ખરેખર આ કિસ્સામાં અમે એક વકીલ તરીકે ફરજ બજાવી હતી.આ સિવાય અમારી કોઈ ભુમીકા નથી. તપાસ માં જુનાગઢ નાં રહીમ મકરાણીને અમે જાણતા નથી કે ક્યારેય સંપર્ક પણ થયો નથી. સંજય પંડીતે જણાવ્યું કે તપાસ એજન્સીએ ગેરરીતી આચરી છે.અમને સાક્ષી બનાવવાનાં બદલે આરોપી બનાવી દેવાયા છે.આ અંગે આગામી સમયમાં અમે અદાલત માં દ્વાર ખખડાવીશુ.

# આદિપુર અને અંજાર પોલીસ દ્વારા ઈંગ્લીશ દારૂનો નાશ કરાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



પોલીસ મહાનિર્દેશક અને પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા તેમજ પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચનાથી અંજાર અને આદિપુર પોલીસે વિદેશી દારૂના જથ્થાનો નાશ કર્યો હતો. અંજાર અને આદિપુર પોલીસ સ્ટેશનમાં છેલ્લા ત્રણ મહિનામાં પ્રોહિબિશનના ગુના હેઠળ જપ્ત કરાયેલ આ દારૂનો નાશ કરવા માટે કોર્ટમાંથી મંજૂરી મેળવવામાં આવી હતી. સબ ડીવિઝન મેજીસ્ટ્રેટ એસ.જે. ચૌધરી,નશાબંધી અને આબકારી અધિકારી ડી.આર. ધોબી,નાયબ પોલીસ અધીક્ષક મુકેશ ચૌધરી, અંજાર પીઆઈ એ આર ગોહિલ, આદિપુર પીઆઈ એમ.સી વાળા અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે ૫૯૭ બોટલ વિદેશી દારૂ અને ૮૩૨ બિયર ટીન મળીને કુલ રૂ. ૫,૯૭,૦૨૭/- નો દારૂ નાશ કર્યો હતો. આ માટે લોડર, ડમ્પરો, જે.સી.બી., ઈ.સી.આર. ફાયર તથા એમ્બ્યુલન્સ જેવા વાહનોનો ઉપયોગ કરાયો હતો.

# ગોંડલમાં મારામારીના ગુનામાં બે વર્ષથી ફરાર હરેશ વાઘમશી ઝડપાયો

## મૂળ જૂનાગઢના શખ્સને ગોંડલની આશાપુરા ચોકડી નજીકથી ઝડપી લેતી રાજકોટ ગ્રામ્ય પેરોલ ફર્લો સ્કવોડ

**અબતક, રાજકોટ**

ગોંડલના મારામારીના ગુનામાં છેલ્લા બે વર્ષથી ફરાર હરેશ વાઘમશીને રાજકોટ ગ્રામ્ય પેરોલ ફર્લો સ્કવોડની ટીમે આશાપુરા ચોકડી નજીકથી ઝડપી લીધો છે.



પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં નાસતા ફરતા તથા પેરોલ જમ્પ કરી ભૂગર્ભમાં ઉતરી જનાર શખ્સોને ઝડપી લેવાની પોલીસ અધિક્ષક હિમકરસિંહની સૂચનાને પગલે ગોંડલ સીટી પોલીસમાં દાખલ થયેલ મારામારીના ગુનામાં હરેશ પુનાભાઈ વાઘમશી (ઉ.વ.૪૭ હાલ રહે. ખોડિયારનગર, ગોંડલ મૂળ રહે. નવાગામ, બીલખા, જૂનાગઢ) વાળો શખ્સ છેલ્લા બે વર્ષથી ફરાર હોય તેને પકડવા રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ આર બી બલદાણીયાની ટીમ ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી પ્રયત્નશીલ હતા. દરમિયાન એએસઆઈ નૌસાજભાઈ અલીભાઈ અને કોન્સ્ટેબળ મહેન્દ્રસિંહ સોલંકીને મળેલી સંયુક્ત બાતમીના આધારે હરેશ વાઘમશીને ગોંડલની આશાપુરા ચોકડી નજીકથી પકડી લેવામાં આવ્યો હતો.

આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીઝઆઈ આર બી બલદાણીયા, એએસઆઈ નૌસાજભાઈ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ હમીરપરા, કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ સોલંકી, અબ્બાસભાઈ ભારમળ અને મહિપાલસિંહ ચુડાસમા રોકાયા હતા.

# માળોદથી વઢવાણ દુધની ડેરી પાસે લગ્નમાં આવેલા યુવક પર ત્રણ શખ્સોનો છરી વડે હુમલો

## જુની અદાવતનો ખાર રાખી છરી હુલાવનાર ત્રિપુટી વિરૂદ્ધ બી-ડીવીઝન પોલીસમાં ફરીયાદ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં નજીવી બાબતે મારામારીના બનાવો વધી રહ્યાં છે ત્યારે વઢવાણ દુધની ડેરી પાછળ આવેલ મફતીયાપરા વિસ્તારમાં અગાઉના ઝઘડાનું મનદુ:ખ રાખી ત્રણ શખ્સોએ એક યુવકને છરીના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનાર યુવકે બી-ડિવીઝન પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણના માળોદ ગામે રહેતા ફરિયાદી રોહિતભાઈ ભરતભાઈ ગાડલીયા એમના દાદાના દિકરાની જાનમાં વઢવાણ દુધની ડેરી પાસે આવેલ મફતીયાપરા વિસ્તારમાં આવ્યા હતા ત્યારે અગાઉ આજ વિસ્તારમાં રહેતા હર્ષભાઈ ગેડીયા સાથે બોલાચાલી થઈ હતી જે બાબતનું મનદુ:ખ રાખી હર્ષભાઈ સહિત ત્રણ શખ્સોએ ફરીયાદીને છરી વડે ખંભા તેમજ કપાળ સહિતના ભાગે ઘા ઝીંકી ઈજાઓ પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ ત્રણ શખ્સો હર્ષભાઈ રોહિતભાઈ ગેડીયા, અજીતભાઈ શૈલેષભાઈ મકવાણા, હિરેનભાઈ ગાયક કલાકાર તમામ રહે.દુધની ડેરી પાછળ મફતીયાપરા વાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# જસદણના દેવપરા ગામે રોટર વેટર હેઠળ દબાઈ જતાં ખેડુતનું મોત

## અકાળે પ્રૌઢના મોતથી બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી



**અબતક,હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણના દેવપરા ગામનો વૈકુંઠ ધીરૂભાઈ જતાપરા નામનો યુવાન નડાળા ગામની સીમમાં પોતાની વાવવાની ભાગીદારીમાં જમીન સમથળ કરવાનું કામ કરી રહ્યો હતો ત્યારે અકસ્માતે રોટર વેટર નીચે આવી જતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું આ બનાવથી દેવપરા ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી મૃતક વૈકુંઠ મળતાવડા સ્વભાવનો હોય તેને બે પુત્રો સગીર વયના હોય તેઓએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવાર પર આભ ફાટી પડ્યું હતું આ બનાવથી શોકભીની લાગણી ફેલાઈ હતી.

# ઉના ચેક પોસ્ટ નજીક બે બાઈકની ટક્કરમાં સેવાભાવી માછીમારનું મોત

**અબતક, રાજકોટ**

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના નવી બંદર મરીન પોલીસ સ્ટેશન ની હદમાં આવેલ તડ ચક પોસ્ટ નજીક ગત મોડી સાંજે બે બાઈકની વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં તડ ગામના સેવાભાવી માછીમાર યુવાનનું મોત નિપજ્યું હતું,

પ્રાપ્ત વિગત મુજબ તડ ચેકપોસ્ટ પાસે ગઈકાલે રાત્રે ૮ વાગે પિયુષભાઈ અરજણભાઈ વારા '૩૨' મોટર સાયકલ લઈને વાછરાવળા માછીમાર સમિતિ ની ઓફિસે પૈસા લેવા જતા હતા ત્યારે તો ચેક પોસ્ટ પાસે પાછળથી આવેલી મોટરસાયકલને અકસ્માત સર્જતા પિયુષભાઈ વારા ને ગંભીર ઈજા થતા ઘટના સ્થળેથી બેભાન થઈ ગયા હતા, તેને પ્રથમ ઉના સારવાર માટે લઈ જતા રાજકોટ સિવિલમાં રીફર કરવામાં આવતા સારવાર દરમિયાન રાત્રે ૩/૪૩ કલાકે મોત નીપજ્યું હતું, આ બનાવની કરુણતા એ છે કે ભોગ બનનાર પિયુષ વારા માછીમારી નો વ્યવસાય કરે છે સંતાનમાં એક ચાર વર્ષની અને એક ૧ વર્ષની દીકરી છે પિતા નું પણ પિયુષ વારા ચાર વર્ષનો હતો ત્યારે મૃત્યુ નિપજતા તેનો ઉછેર કાકા, બાપા એ કર્યો હતો, પિયુષ વારા ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓ અને તીર્થ સ્થાનો પર પગપાળા યાત્રા સાથે સાથે રસ્તામાં દાન પુણ્યના કામ માટે જાણીતો હતો.સેવાભાવી પિયુષના આકસ્મિક અવસાનના સમાચારને પગલે તડ અને



આસપાસના ગામોમાં શોક છવાયો છે.

# મુળી: જશાપર પાસે બાઈકને અજાણ્યા વાહને અડફેટે લેતા એકનું મોત

## ગૌચર ખાતે ધાર્મિક પ્રસંગનું નિમંત્રણ આપવા જતી વેળાએ સર્જાયો અકસ્માત

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મુળી તાલુકાના જશાપર ગામના પાટીયા પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈક પર સવાર એક વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતુ તેમજ બાઈક સવારને પણ ઈજાઓ પહોંચી હતી. જે અંગે ભોગ બનનાર ઈજાગ્રસ્તે અજાણ્યા વાહનચાલક સામે મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રતનપર વિસ્તારમાં રહેતા ફરિયાદી ધર્મેશભાઈ રમેશભાઈ પાનેસરા અને તેમના મોટાભાઈ જયેશભાઈ પાનેસરા અને સબંધી પૃથ્વીરાજભાઈ બાઈક લઈને જશાપર ગામે ગૌચર ખાતે ધાર્મિક પ્રસંગનું નિમંત્રણ આપવા જઈ રહ્યાં હતાં અને બાઈક ફરિયાદી ચલાવી રહ્યાં હતાં તે દરમ્યાન જશાપર ગામ પાસે રામાપીરના મંદિર આગળ વળાંકમાં સામેથી પૂરઝડપે આવતા અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન રોંગ સાઈડમાં ચલાવી ફરિયાદીના બાઈક સાથે અથડાવી અકસ્માત સર્જયો હતો. જેમાં ફરિયાદીને પગે તેમજ હાથે અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી જ્યારે બાઈક પર સવાર સબંધી પૃથ્વીરાજભાઈને પણ હાથે-પગે ઈજાઓ પહોંચી હતી. તેમજ ફરિયાદીના મોટાભાઈ જયેશભાઈના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા હેમરેજથી મોત નીપજ્યું હતુ જ્યારે અકસ્માત બાદ અજાણ્યો વાહન ચાલક નાસી છુટ્યો હતો જે અંગે મુળી પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મેટોડા: હેડ કોન્સ્ટેબલ મયુરસિંહ ઝાલાને એએસઆઇ તરીકે બઢતી

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



રાજકોટ ગ્રામ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીઆઈ રાઈટર મયુરસિંહ ઝાલાને એએસઆઈનું પ્રમોશન સાથે તેઓને હાલની જગ્યાએ જ ફરજ બજાવવા હુકમ કરવામાં આવેલ છે. તેમજ શાપર પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફ પોલીસમા ફરજ બજાવતા અને કાલાવડ તાલુકાના આણંદપર ગામના વતની મયુરસિંહ જાડેજાને એએસઆઈનું પ્રમોશન સાથે તેઓને પણ હાલની જગ્યાએ જ ફરજનો હુકમ કરવામાં આવ્યો. જે બદલ બને પોલીસ જવાનને તેઓના શુભચિંતકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# ગોંડલના કમઢીયા ગામે ઈલેક્ટ્રિક પોલમાં લંગરીયું નાખવાની ના પાડતા યુવક પર હિચકારો હુમલો

## છરી, ધોકા અને પાઈપ વડે યુવક પર તૂટી પડનાર ચાર મહિલા સહિત ૧૧ વિરુદ્ધ સુલતાનપુર પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના કમઢીયા ગામે ઈલેક્ટ્રિક પોલમાં લંગરીયું નાખવાની પાડતા ચાર મહિલા સહીત ૧૧ શખ્સોંએ છરી, ધોકા અને પાઈપ વડે ૩૫ વર્ષીય યુવાન પર હુમલો કર્યો હતો. વધુમાં ૧૧ શખ્સોંના ટોળાંએ યુવકની પત્ની અને બાળકને પણ માર માર્યો હતો. મામલામાં સુલતાનપુર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આરંભી છે.

મામલામાં રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના કમઢીયા ગામે રહેતા ૩૫ વર્ષીય યુવાન પ્રકાશભાઈ મનજીભાઈ પરમારે સુલતાનપુર પોલીસમાં નોંધાવેલી ફરિયામાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૪/૦૫/૨૦૨૫ ના રોજ હું તથા મારી પત્નિ સુમીતાબેન ઉર્ફે સુમી બંને અમારા ઘરે હતા. દરમ્યાન અમારા મકાનની સામે પી.જી.વી. સી.એલ.નો ઈલેક્ટ્રીક થાંભલો હોય ત્યાં અમારા પાડોશી બપોરના આશરે ત્રણેક વાગ્યે ઘનશ્યામભાઈ દેવીપુજક આકડી નાખવા આવેલ હતા. ત્યારે થાંભલા નીચે મારા છોકરા રમતા હોય જેથી શોર્ટ સર્કિટ થવાની બીકે મે ઘનશ્યામભાઈને આંકડી નાખવાની ના પાડતા ધનસ્યામભાઈએ આંકડી(લંગરીયુ) નાખેલ નહીં અને ગાળો બોલતો બોલતો ત્યાંથી જતો રહેલ હતો. બાદમાં સાંજના આશરે સાડા છ વાગ્યે ઘનશ્યામભાઈ દેવીપુજક તથા તેનો ભાઈ વિપુલ, રાહુલ, તેના પિતા દુર્લભભાઈ, માતા જોશનાબેન, મોટાબાપુ વલ્લભ લાખાભાઈ, તેનો દીકરો રોહિત તથા રવિ અને ઘનશ્યામભાઈના પત્ની પુરીબેન, રાહુલની પત્ની કિરણબેન, વિપુલની પત્ની સાજનબેન એમ બધા એક સાથે મારા ઘરે આવેલ હતા. ત્યારે રાહુલના હાથમાં લોખંડનો પાઈપ હતો, રોહિતના હાથમાં છરી હતી, દુર્લભભાઈ, વલ્લભભાઈ, ઘનશ્યામભાઈ, વિપુલના હાથમાં લાકડીઓ હતી. આ તમામ મારી પાસે આવી કહેવા લાગેલ કે, તું કેમ થાંભલે આકડી નાખવાની ના પાડે છે અને આકડી તો અમારે નાખવી જ છે. તુ આકડી નાખવાની ના પાડીસ તો તારા ટાંટીયા ભાંગી નાખીશું અને તારું મકાન સળગાવી દેશું તેમ કહી તમામ મને ગાળો દેવા લાગેલ હતા. મે ગાળો બોલવણજ ના પાડતા રાહુલે પાઈપનો એક ઘા મારા ડાબા પગે ગોઠણથી નીચેના ભાગે મારતા હું નીચે પડી ગયેલ હતો. બાદમાં દુર્લભભાઈ, વલ્લભભાઈ, ઘનશ્યામભાઈ અને વિપુલભાઈ મને લાકડી વડે માર મારવા લાગેલ હતા. રોહિત મને તેના હાથમાં રહેલ છરી મારવા જતા મે હાથ આડો રાખતા મારા જમણા હાથમાં છરી વાગી ગયેલ હતી. મારી પત્ની મારા દીકરા યશને તેડીને ઉભેલ હોય તેને રાહુલ તથા જોશનાબેન મારવા ગયેલ રાહુલે મારી પત્નીને લાકડી વડે અને જોસનાબેને ઢીકા પાટુનો માર મારેલ હતો.

બાદમાં આ તમામ મારા ઘર ઉપર પથ્થરના ઘા કરવા લાગેલ હતા અને ધોકા વડે સિમેન્ટના પતરા તોડવા લાગેલ હતા. દુર્લભભાઈ તથા વલ્લભભાઈએ મને ઢસડીને બાજુના ખેતરમાં અંધારામાં નાખી દીધેલ હતો અને આ તમામ લોકો ત્યાંથી જતા રહેલ હતા. મારા ડાબા પગમાં ઈજા થયેલ હોવાથી હું હલન ચલન કરી શકતો ન હતો અને ત્યાં મારી પત્ની આવેલ અને મને જોઈને તે રાડારાડી કરવા લાગતા ગામના લોકો આવી ગયેલ હતા અને મારા ભાઈ વિજયને કોઈએ જાણ કરતા તે પણ દોડી આવ્યો હતો અને બાદમાં ૧૦૮ એમ્બયુલન્સ મારફતે મને સારવાર અર્થે પ્રથમ ગોંડલ સરકારી હોસ્પિટલ અને ત્યાંથી રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. મામલામાં યુવકે હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા સુલતાનપુર પોલીસે ચાર મહિલાઓ સહીત ૧૧ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

## સ્માર્ટ સિટી સામાન્ય વરસાદ પણ સહન કરવામાં 'નપાણીયુ'

# રાજકોટમાં દોઢ ઈંચ વરસાદમાં ઘરોમાં પાણી ઘુસ્યાં !!



## કોર્પોરેશનની પ્રિ-મોન્સુન કામગીરીની મહાપોલ 'માવઠા'એ ઉઘાડી પાડી: ગવલીવાડમાં ૪૦ મકાનોમાં વરસાદના પાણી ઘુસતા લોકોને રાત ઉજાગરા, બાળકોને સગા વ્હાલાના ઘરે મુકવાની નોબત

**અબતક, રાજકોટ**

સ્માર્ટ સિટી હોવાનું બહુમાન ધરાવતા રાજકોટ શહેરની આબરૂ માવઠાએ ધુળધાણી કરી નાખી છે. રાજકોટ મહાનગરપાલિકાની મહાપોલ કમોસમી વરસાદે ખોલી નાખી છે. માત્ર ૪૫ મિનિટ સુધી વરસેલા દોઢ ઈંચ જેટલા વરસાદમાં શહેરના ગવલીવાડ વિસ્તારમાં ૪૦ થી વધુ મકાનોમાં વરસાદના પાણી ઘુસી ગયા હતા જેના કારણે લોકો રાત ઉજાગરા કરવા મજબુર બન્યા હતા. સ્થિતિ એટલી હદે ખરાબ બની જવા પામી હતી કે ઘરમાં વરસાદના પાણી ભરાવાના કારણે લત્તાવાસીઓ પોતાના બાળકોને સગા વ્હાલના ઘરે મૂકવા માટે મજબૂર બની ગયા હતા શહેરના યાજ્ઞીક રોડ પર સર્વેશ્વર ચોકમાં હાલ વોંકળા પરનો સ્લેબ નવો બનાવવાની કામગીરી ચાલી રહી છે. સર્વેશ્વર ચોક વોંકળામાં પણ વરસાદી પાણી ભરાવાથી વેપારીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. પોપટપરાના નાલામાં પણ વરસાદનું પાણી ભરાયું હતુ. શહેરના અનેક નિચાણવાળા વિસ્તારમાં કમોસમી વરસાદમાં જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતુ.

શહેરના સદર વિસ્તારમાં જલારામ મંદિર પાસે વોંકળા પરના કલવર્ટ તોડીને નવુ કલવર્ટ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. જૂનું બાંધકામ તોડી તમામ કચરો અને વૃક્ષકાપીને તેને પણ વોંકળામાં જ રાખી દેવામાં આવ્યા હોવાના કારણે પાણીનો નિકાલ અવરોધાયો હતો. જેના કારણે ગુરૂવારે સમી સાંજે શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે ત્રાટકેલા કમોસમી વરસાદના કારણે શહેરના ગવલીવાડ વિસ્તારમાં (અનુ. આઠમા પાને)



## સર્વેશ્વર ચોક વોંકળો બન્યો સ્વિમીંગ પુલ: પોપટપરા નાલામાં પણ પાણી ભરાયા: નીચાણવાળા અનેક વિસ્તારોમાં ગોઠણસમા પાણી

## સોશિયલ મીડિયાનો 'વાયરસ' અટકશે?

# બેફામ વાણી વિલાસ કરનાર બન્ની ગજેરા વિરુદ્ધ વધુ ત્રણ ગુના



## ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અને ઉપપ્રમુખને મિત્રની પત્ની સાથે અનૈતિક સંબંધો હોવાનો વીડિયો વાયરલ કર્યો'તો

**અબતક, રાજકોટ**

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ, તેમના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા વિશે સોશિયલ મીડિયામાં વિડીયો બનાવી બેફામ વાણી વિલાસ કરનાર ભાવિન ઉર્ફે બન્ની ગજેરાએ તાજેતરમાં જ ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અને ઉપપ્રમુખને તેમના જ મિત્રની પત્ની સાથે અનૈતિક સંબંધ હોવાનો એક વિડીયો વાયરલ કર્યો હતો. બાદમાં આવા વિડીયો નહિ બનાવવા સમજાવટ કરવા જતાં બન્નીએ રૂ. ૧૧ લાખની માંગણી કર્યા મામલે સુલતાનપુર, ગોંડલ તાલુકા અને જેતપુર તાલુકા પોલીસમાં અલગ અલગ ત્રણ ગુના નોંધાયા છે. ઉલ્લેનીય છે કે, અગાઉ પણ બન્ની ગજેરા વિરુદ્ધ ઉપલેટા પોલીસમાં એટ્રોસિટી અને જેતપુર પોલીસમાં ઠગાઈનો ગુનો નોંધાઈ ચુક્યો છે.

મામલામાં ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ છગનભાઈ ઠુંમરે સુલતાનપુર પોલીસમાં અને ઉપપ્રમુખ વિશાલભાઈ ભીખાભાઈ ખુંટએ ગોંડલ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૧૮ એપ્રિલના રોજ તેમણે ભાવિન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરા(રહે. મોટા ગુંદાળા, જેતપુર, રાજકોટ)એ તેના ફેસબુક એકાઉન્ટ પર એક વિડીયો પોસ્ટ કરેલ હતો. જેમાં તેણે એવો વાણી વિલાસ કર્યો હતો કે, ગોંડલ તાલુકાનાં ભાજપ પ્રમુખ અશ્વિન ઠુંમર અને ઉપપ્રમુખ વિશાલભાઈ ખુંટ તે અલ્પેશભાઈ ઢોલરીયાના ખાસ માણસ છે. વિશાલ ખુંટ અને અશ્વિન ઠુંમર બન્ને મિત્ર છે. આ વિશાલ ખુંટનો એક મિત્ર અમેરિકા છે તેના લગ્ન થયા અને તે અમેરિકા રહે છે, તેની ઘરવાળી અહિંયા રહે છે. જેથી અમેરિકાવાળા મિત્રની ઘરવાળીને વિઝા, પાસપોર્ટ કે ટિકિટ બુકીંગનું કામ પડે તો વિશાલ ખૂંટને જાણ કરે. જેથી વિશાલ ખૂંટને તેના મિત્રની ઘરવાળીને પરસ્ત્રી નિગમ થઈ ગયુ, ત્યારબાદ વિશાલ ખુંટનું મન ઉતરી ગયું અને એક શાક ન ભાવે ચાર-પાંચ શાક (અનુ. આઠમા પાને)

### બન્ની વિરુદ્ધ અગાઉ ઉપલેટા અને જેતપુર તાલુકા પોલીસમાં પણ નોંધાઈ ચુક્યા છે ગુના

જેતપુરના બન્ની ગજેરા વિરુદ્ધ અગાઉ પણ બે ગુના દાખલ થયાં હતા. અનુસૂચિત સમાજને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરવા મામલે બન્ની વિરુદ્ધ ઉપલેટા પોલીસમાં એટ્રોસિટી એક્ટ હેઠળ જયારે મિત્રનો ચેન પહેરવા લઈ ગયા બાદ પરત નહિ આપી ઠગાઈ આચરવા મમલે જેતપુર તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો હતો.

## વીડિયો બનાવી બદનામી નહિ કરવા સમજાવટ કરવા ગયેલા આગેવાનો પાસે રૂ. ૧૧ લાખની માંગણી કરી

# સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ ભુજમાં: સેનાના જવાનોની પીઠ થાબડી

## 'ઓપરેશન સિંદુર' અન્વયે ગુરૂવારે શ્રીનગરની મુલાકાત લીધા બાદ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે ગુજરાતના ભુજ એરબેઝ પર સેનાના જવાનો સાથે સંવાદ કર્યો: એક કલાકનું રોકાણ



**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓને ધર્મ પૂછી ગોળીઓથી વિંધી નાંખનારા નાપાક આતંકવાદીઓને ઠાક કરવા અને આતંકના આકાઓને સબક શીખવાડવા માટે ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદુર શરુ કરવામાં આવ્યું હતું. જેની સફળતા અને ભારતીય સૈનિકોના શૌર્ય - સાહસના વિશ્વ આખુ સરાહના કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અલગ અલગ રાજયોમાં જઈ એરબેઝની મુલાકાત લઈ રહ્યા છે. અને સૈનિકોની પીઠ થાબડી રહ્યા છે. ગઈકાલે સંરક્ષણ મંત્રીએ શ્રીનગરની મુલાકાત લીધા બાદ આજે રાજનાથ સિંહ ગુજરાતના કચ્છમાં ભુજની મુલાકાતે આવ્યા છે. તેઓએ ભુજ એરબેઝ ખાતે સૈનિકો સાથે એક કલાકનો સમય પ્રસાર કર્યો હતો. જાબાઝ જવાનો સાથે ઓપરેશન સિંદુર અંગે ચર્ચા કરી હતી અને સેનાના જવાનોની પીઠ થાબડી હતી.

'ઓપરેશન સિંદુર' બાદ રઘવાયા બનેલા પાકિસ્તાને સતત ત્રણ દિવસ સુધી ભારતના અલગ અલગ રાજયોમાં ડ્રોન એટેક કરવાનો પ્રવાસ કર્યો હતો ભારતીય સૈનાએ પાકની તમામ નાપાક હરકતોને નિષ્ફળ બનાવી હતી. આટલું જ નહી પાકિસ્તાનના ૬ જેટલા એરબેઝને મોટું નુકશાન પહોચાડયું હતું. પાકિસ્તાને એવા ખોટા સંદેશા ફેલાવ્યા છે કે તેઓએ ભારતના કેટલાક એરબેઝને નુકશાન પહોચાડયુ છે. પાક.ના દાવાના વિશ્વ આખા સમક્ષ ખોટા પાડવા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સંરક્ષણ (અનુ. આઠમા પાને)

## રાજકોટ યાર્ડના વેપાર ઉપર આર્થિક 'ગ્રહણ'?

# બેડી માર્કેટિંગ યાર્ડમાં છૂટક વેપાર કરતા શશિકાન્તભાઈ ચંદરાણાનો આપઘાત

## ગત રાત્રે યાર્ડમાં જ ઝેરી દવા ગટગટાવી લેતાં ખાનગી હોસ્પિટમાં દાખલ કરાયા'તા, સવારે દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી: આર્થિક ભીંસની આશંકા

**અબતક, રાજકોટ**

રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં છૂટક વેપાર કરતા શશીકાન્તભાઈ ચંદારાણાએ ગત રાત્રે બેડી યાર્ડ સ્થિત તેમની ભાડાની દુકાનમાં ઝેરી દવા ગટગટાવી લેતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ સારવાર કારગત નીવડે તે પૂર્વે જ આજે સવારે તેમણે દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. વેપારીએ આર્થિક ભીંસમાં આવી આપઘાત કરી લીધાની હાલ આશંકા સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગત અનુસાર મૂળ રફાળા ગામના વતની અને હાલ રાજકોટના મોરબી રોડ પર ઓમ પાર્ક શેરી નંબર-૨ માં રહેતા શશકાન્ભાઈ શિવલાભાઈ ચંદારાણા(ઉ.વ.૫૬) બેડી માર્કેટીંગ યાર્ડમાં ભાડાની દુકાન રાખી તલનો છૂટક વેપાર કરતા હતા. ગત રાત્રે તેમણે યાર્ડમાં રાખેલી ભાડાની દુકાનમાં જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જે બાદ તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



સારવાર કારગત નિવડે તે પૂર્વે આજે સવારે તેમણે દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક શશકાન્ભાઈને સંતાનમાં એક પુત્ર નિશાંતભાઈ અને પુત્રી ગોપીબેન છે.

શશીકાન્તભાઈના આપઘાતથી બંને સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. તલના ભાવમાં કડાકો આવતા આર્થિક ખેંચતાણના લીધે વેપારીએ મોત વ્હાલું કરી લીધાની પ્રાથમિક આશંકા છે. હાલ મામલામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય





રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૧ કરોડ જનસંખ્યાને

મે-૨૦૨૫ માસમાં મે અને જૂન-૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત મે-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત જૂન-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

મે-૨૦૨૫ રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચના

- મે માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો મે અને જૂન માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરીત કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.